بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

"શું લોકો એ ગુમાનમાં (ઘમંડમાં) છે કે આટલું કહેવા બદલ છોડી દેવામાં આવશે કે અમે ઈમાન લાવ્યા, અને કસૌટી નહીં થાય ?!" –કુર્આન શરીફ



# તમ્હીદે ઈમાન

## બ આયાતે કુર્આન

**લેખક**


આ'લા હઝરત ઈમામ અહલે સુન્નત મુજદ્દિદે દીનો મિલ્લત

ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી 


**અનુવાદક**


મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ


**પ્રકાશક**


સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)

GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,

મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ

Mo. 94274 64411 Mo. 96645 21477

Web.barkatekhwaja.net

BANK DETAILS

બેંક ઓફ બરોડા

A/c. No. 34620100000301

Islamic Welfare Mission

IFSC Code: BARBODAYADR (Zero)

PhonePe

Mo. 94274 64411

G Pay Paytm

| | | |
|---|---|---|
| પ્રકાશન નં.: | આવૃત્તિ–૧૨ | પ્રત: ૧૦૦૦ |
| ૨૦–રમઝાનુ મુબારક | હિ.સ. ૧૪૪૬ | ૨૧/૦૩/૨૦૨૫ |

હદિયો ₹50/-

## ✦✦✦ અનુક્રમણિકા ✦✦✦


- ❒ બરકતવંત બે બોલ ! *(હઝરત મૌલાના શાકિર રઝવી નૂરી–મુંબઈ)* 04
- ❒ બે બોલ (અભિપ્રાય) *(હઝરત સૈયદ કમરૂદ્દીનબાવા કારંટવી)* 04
- ❒ અપીલ *(હઝરત મૌલાના કારી અબુલ કલામ રઝવી)* 08
- ❒ મુસલમાન ભાઈઓથી વિનમ્ર અરજ 10
- ❒ ખુદા વ રસૂલ કરતાં અન્યને પ્યારું જાણનાર અઝાબની રાહ જુએ ! 12
- ❒ કેવળ કલમો કહી લેવાથી છૂટી નથી જવાના ! 13
- ❒ અલ્લાહ અને કિયામત પર ઈમાન રાખનારની ઓળખ ! 15
- ❒ બદ્મઝહબોથી નફરત કરવાના લાભો ! 16
- ❒ સૌથી મહાન નેકબખ્તી ! 16
- ❒ માં, બાપ, ભાઈ કાફિર–મુર્તદ હોય તો શું ?! 17
- ❒ પોલી નીતિ રાખશો નહીં ! અલ્લાહ દિલોના ભેદોને જાણે છે !! 17
- ❒ સૌથી ભયાનક બદ્બખ્તી ! 18
- ❒ હા ! આ જ કસોટીનો સમય છે ! 20
- ❒ શું આ દેવબંદીની ગુસ્તાખી નથી ?! 21
- ❒ શું આ શિર્ક નથી ?! 22
- ❒ શું આ સ્પષ્ટ ગાળ નથી ?! 22
- ❒ ઈલ્મ તો અંબિયાનો કમાલ છે ! 24
- ❒ તમારામાં તથા ગધેડા, સુવ્વરમાં શું ફરક ?! 26
- ❒ ચોપગાંથી વધુ ગુમરાહ કોણ ?! 27

## ✦✦✦ અનુક્રમણિકા ✦✦✦


- ❐ શું અલ્લાહ જૂઠુ બોલી શકે ?! 28
- ❐ ખુદારા ઈન્સાફ કરો ! 30
- ❐ બદ્‌મઝહબોથી સંબંધ કટ કરવાનું ખુદાઈ ફર્માન ! 32
- ❐ સંબંધો કાપવામાં બહાનાબાજી કરનારાઓ વાંચે ! 32
- ❐ ગુમરાહ આલિમ નબીનો વારિસ નથી પણ શયતાનનો વારિસ છે ! 34
- ❐ શું કલમો પઢનાર કાફિર થઈ શકે ?! 36
- ❐ મુનાફિકોની ચાલબાજીથી સાવધાન ! 37
- ❐ ''તે ગૈબ શું જાણે ?!'' એટલું જ કહેનાર કાફિર ! 38
- ❐ મખ્લૂકના ઈલ્મની ઓળખ 40
- ❐ અહલે કિબ્લહ્ કોણ ?! 40
- ❐ નબીની બારગાહમાં બોલવામાં પણ સાવધાની ! 42
- ❐ કુર્આનને મખ્લૂક કહેનાર કાફિર ! 44
- ❐ હુઝૂરની શાન ઘટાડનાર કાફિર છે 45
- ❐ સાચા અહલે કિબ્લહ્ કોણ ?! 46
- ❐ છેતરામણી ચાલબાજીનો પર્દાફાશ ! 49
- ❐ વહાબી, દેવબંદીઓની બેહયાઈભરી ચાલબાજી ! 58
- ❐ વહાબીઓની વધુ એક ચાલબાજી 60
- ❐ ઈમામે અહલે સુન્નતની અત્યંત સાવચેતી ! 63
- ❐ મુસલમાનો ગંભીરતાથી ન્યાય કરે ! 66
- ❐ સાવધાન ! 70
- ❐ એક આક્ષેપનો જવાબ 70

*(દસમી આવૃત્તિ પ્રસંગે....)*

## બરકતવંત બે બોલ !

**અઝ : પીરે તરીકત હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી નૂરી-મુંબઈ**

*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّى عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ

**અય ઈશ્ક તેરે સદકે જલનેસે છૂટે સસ્તે**
**જો આગ બુઝા દેગી વો આગ લગાઈ હૈ** –(આ'લા હઝરત رضی اللہ عنہ)

પ્યારા આકા صلی اللہ علیہ وسلم ના પ્યારા દીવાનાઓ ! ઈમાન તથા અકીદાનું ઘણુ જ મહત્વ છે. ઈમાન તથા અકીદાનો સંબંધ માણસ સાથે એવો છે જેવી રીતે શરીર અને રૂહનો સંબંધ છે કે જેવી રીતે રૂહ વિના જિસ્મ બેકાર થઈ જાય છે તેમ ઈમાન વિના કોઈ અમલ ટકી શક્તો નથી, બારગાહે ખુદાવંદીમાં ઈમાન વિના કોઈ અમલ માન્ય નથી.

એટલા જ માટે આ'લા હઝરત, મુજદ્દિદે દિનો મિલ્લત, ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ એ ઈમાનની રક્ષા માટે મુસલમાનોને ખૂબ જ સાવચેત કર્યા છે. પ્રસ્તુત કિતાબ "**તમહીદે ઈમાન**" (ઈમાનની શરૂઆત) તેના નામ પરથી જ પ્રગટ કરે છે કે આ'લા હઝરતે આ કિતાબમાં ઈમાનનું મહત્વ દર્શાવી દીધું છે અને **ઈમાનની જાન** શું છે તેને કુર્આની આયતો પર આયતો વર્ણવી સ્પષ્ટ કરી દીધું છે કે **મહબ્બતે રસૂલ એ જ ઈમાનની જાન છે.**

તેમજ ગુસ્તાખે રસૂલ વહાબી દેવબંદી વગેરે મુસલમાનોને કઈ રીતે ગુમરાહ કરે છે, તથા તેઓ શાથી કાફિર ઠરે છે તેને કુર્આની આયતોની કિયામત સુધી ન રદ કરી શકાય તેવી દલીલો વડે સમજાવ્યું છે. જેને ઈન્સાફની નજરે વાંચનાર ગમે તેવો ગુમરાહ પણ તૌબા કરી સીરાતે મુસ્તકીમ પામી શકે છે. દુઆ છે કે મૌલા કરીમ તેના મહબૂબે ખાસ صلی اللہ علیہ وسلم ના સદકામાં આપણને સદા ઈમાન પર રાખે અને **મસ્લકે આ'લા હઝરત** પર કાયમ રાખે. અને આ કિતાબ પ્રસિદ્ધ કરવામાં સાથ આપનારાઓને બંને જહાનમાં આબાદ રાખે.

*–મુહમ્મદ શાકિર નૂરી–મુંબઈ*

## બે બોલ (અભિપ્રાય)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

**: શાને રસૂલ :**

અલ્લાહ કી સરતા બ કદમ શાન હંય યેહ
ઈન સા નહીં ઈન્સાન વોહ ઈન્સાન હંય યેહ,
કુર્આં તો બતાતા હય કે મેરા ઈમાન હંય યેહ
ઔર ઈમાન યેહ કેહતા હય કે મેરી જાન હંય યેહ

*(આ'લા હઝરત رضی اللہ عنہ)*

**اَلْحَمْدُ لِلّٰه આજે આ બે શબ્દો ખિરાજે અકીદતના સ્વરૂપે લખતાં ઘણી ખુશી થાય છે અને દિલ ઈમાનના નૂરથી ઝગમગી ઉઠે છે કે ઈમાન અફરોઝ, ઈમાન વર્ધક અને નૂર સર્જક કિતાબ "તમ્હીદે ઈમાન"નો ગુજરાની અનુવાદ આજે આપણે હાથમાં જોઈ રહ્યા છીએ. આ કિતાબ મૂળ ઉર્દૂમાં ઈમામે અહલે સુન્નત, મુજદ્દિદે ઈસ્લામ, કુત્બેઝમાં, આરિફ બિલ્લાહ, હઝરત, હાજી, હાફિઝ, કારી, મુફતી શાહ ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ એ હિ.સ. ૧૩૨૬માં લખી હતી. આ કિતાબની ઉર્દૂમાં સેંકડો આવૃત્તિઓ છપાઈ છે. ગુજરાતી ભાષી મુસ્લિમોના લાભાર્થે અને ફયૂઝયાબ થવા માટે સુન્ની આલમના ખ્યાતનામ આલિમ, મારા દર્સી સાથી હઝરત મૌલાના કારી હસન આદમ કોલવનવી (હાલ : લેંકાસ્ટર–યુ.કે.) સાહેબે ગુજરાતી ભાષામાં અનુવાદ કર્યો. આ મકબૂલ અનુવાદ અનેકવાર છપાયો છે, કદાચ આ સાતમી આવૃત્તિ (અત્યારે નવમી) હશે ! ઘણી ખુશીની વાત તો એ છે કે, દયાદરા (જિ. ભરૂચ)ના મુજાહિદે અહલે સુન્નત, મુહિબ્બે અહલે બૈત, આશિકે ઈમામે રબ્બાની ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી, ભાઈ પટેલ શબ્બીર અલી રઝવી અશરફીએ ઘણી મહેનત કરી મહોબ્બત અને અકીદત સાથે આ કિતાબનું પુનઃપ્રકાશન કરવાની હિમ્મત કરી તે**

મુબારકબાદને પાત્ર છે. ખરેખર આ કિતાબની આજે બેહદ જરૂર છે. કેમ કે "હુઝૂર જાને રહમત", "રૂહે ઈમાન" ﷺ ની પવિત્ર અને આ'લા શાનમાં મુનાફિક લોકો ગુસ્તાખીઓ કરતા ફરે છે. અપમાનીત લખાણો રૂસ્વાએ ઝમાના કિતાબોમાં પ્રગટ કરતા ફરે છે. ભોલા ભાલા મુસલમાનો તેમની બદનામ અને ઈમાન માર કિતાબો વાંચીને ગુમરાહ થઈ રહ્યા છે. આવી દુષ્ટ કિતાબો વાંચીને, તેને માન્ય રાખીને ઈમાનથી સ્પષ્ટ ખારિજ થઈ જાય છે. હકીકત તો એ છે કે તેમને પોતાને ખબર નથી પડતી કે અમે ઈમાનથી નીકળી ગયા ! છતાં પોતાની જાતને તેઓ મુસ્લિમ તરીકે ખપાવે છે અને મુસલમાનોને ધોકો આપે છે. આ ધોકાબાજોની ધોકાબાજીથી બચાવવા માટે અને આ ઠગ ટોળકીને ઉઘાડી પાડવા માટે આ'લા હઝરત મુજદ્દિદે આ'ઝમ, ઈમામ અહમદ રઝાખાં કાદરી ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ એ સેંકડો કિતાબો લખી મુસલમાનોનાં ઈમાન તાઝાં કરી દીધાં અને દેવબંદી, વહાબી, નજદી, મુનાફિક ટોળકીને ઉઘાડી પાડી દીધી તેમાં શંકા નથી.

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામ અહમદ રઝાએ નજદીયત, વહાબીયતનાં ચીથડાં ઉડાડી દીધાં, તેમનાં કાવત્રાંને છિન્ન ભિન્ન કરી દીધું. આપની કલમરૂપી તલ્વારે વહાબીયત નજદીયતની કત્લેઆમ કરી દીધી. આપે વહાબીઓના રદમાં એવી તો ઈમાન અફરોઝ કિતાબો લખી છે કે તે લોકો આજ દિન સુધી તેનો જવાબ આપી શક્યા નથી. આ'લા હઝરત ખરેખર સાચા, પાકા આશિકે રસૂલ હતા. હુઝૂર સરવરે કાએનાત ﷺ થી બેપનાહ મહોબબત હતી, જે આપની કિતાબોથી, નઅતોથી, લખાણોથી અને આપની અમલી જિંદગીના અભ્યાસ પરથી સ્પષ્ટ જણાઈ આવે છે. આ કિતાબ પણ તેના નામથી જ જણાઈ આવે છે કે, "તમ્હદી ઈમાન" ઈમાનનો ખુલાસો : હુઝૂરની ઝાતે પાક છે. કુર્આને પાકમાં રબ્બુલ આલમીને સંખ્યાબંધ સ્થળોએ આયતો બયાન ફર્માવીને હુઝૂર રસૂલે મકબૂલની આ'લા અને રફીઉશ્શાનનું પ્રદર્શન કર્યું છે. આ'લા હઝરત ઈમામે અહલે સુન્નતે એ બધી આયતો રજૂ કરી, એ સાબિત કરી દીધું છે કે ઈમાનનું મૂળ "હુબ્બે

રસૂલ'' અને ઝાતે રસૂલેપાક عليه الصلاة والسلام છે. બારગાહે નબુવ્વતની અદના અને સામાન્ય તૌહીન, ગુસ્તાખી અને અપમાન કુફ્ર છે. બારગાહે રિસાલતમાં સ્હેજ પણ બેઅદબી નેકીઓને નષ્ટ કરી નાખે છે બલ્કે ઈમાનથી પણ માણસ ખારિજ થઈ જાય છે.

''તમ્હીદે ઈમાન'' કિતાબમાં આ બધી આયતોને આવરી લેવામાં આવી છે. આ કિતાબ પઢવાથી ઈમાનની હિફાઝત થશે, ઈમાનમાં તાઝગી મળશે અને રસૂલુલ્લાહ صلى الله عليه وسلم ની મહોબ્બત નસીબ થશે. એક આશિકે રસૂલ શાયરે સાચે જ કહ્યું કે :–

મુહમ્મદ કી મહબ્બત દીને હક્ક કી શર્તે અવ્વલ હય
ઈસીમેં હો અગર ખામી તો સબ કુછ નામુકમ્મલ હય
(صلى الله عليه وسلم)

આ'લા હઝરત અઝીમુલ બરકત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضي الله عنه એ આ કિતાબનું સંપાદન કરીને મુસલમાનો પર ભારોભાર એહસાન કર્યો છે. ખુદા આપને પ્યારા મહબૂબ صلى الله عليه وسلم ના સદકામાં જઝાએ ખૈર અતા ફર્માવે. મુસલમાનો આ કિતાબને વાંચી અમલ કરી, આકાએ નામદારના દરબારની અદબ જાળવી પોતાનું ઈમાન તાઝું કરશે તેમાં લેશમાત્ર શંકા નથી. ભાઈ પટેલ શબ્બીર અલી રઝવી તથા તેમના મિત્રોએ ઘણી તકલીફ ઉઠાવી, મેહનત કરી આ કિતાબ પ્રગટ કરી મંઝરે આમ પર લાવવાનો પ્રયત્ન કર્યો છે, તે દાદને પાત્ર છે. ખુદા તેમની આ મેહનત અને અકીદતને કબૂલ ફર્માવે અને તેમના માટે સરમાયએ નજાત બનાવે. (આમીન)

વસલ્લલ્લાહુ તઆલા અલા ખૈરા ખલ્કિહિ સૈયદના વ મૌલાના મુહમ્મદિંવ વ આલિહિ વ અસ્હાબિહી અજમઈન બિરહમતિક યા અર્હમર્રાહિમીન.

ફકત નાચીઝ : ***મૌલાના હાજી કમરૂદ્દીન એ. પીરઝાદા અશરફી***
*(ખલીફએ હુઝૂર મુફતીએ આ'ઝમ કાનપુર તથા ખલીફએ હુઝૂર સરકારે કલાં, કિછૌછા)*
*ટંકારીઆ તા. ૨૪–૨–૧૯૮૮ (જિ. ભરૂચ–ગુજરાત)*

## અપીલ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْم
حَامِدًا وَّ مُصَلِّيًا وَّ مُسَلِّمًا

યે "તમ્હીદે ઈમાન" એક ઐસી કિતાબ હય જો હર મો'મિન કે લિએ રૂહે ઈમાન હય. ઈસકે હર હર સતર બલ્કે હર લફઝમેં ઈમાનો ઈકાન, મહોબ્બતો ઈરફાન કી ઐસી ખુશગવાર ચાસની ભરી હુઈ હય કે જો ભી ઈસ ચાસની કો હલકકે નીચે ઉતારેગા યકીનન વો મહોબ્બતે રસૂલમેં સરસાર હોકર મો'મિને કામિલ બન જાએગા. ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ કા યે વો અઝીમ શહકાર હય કે જિસકે મુતાલેઆકે બાદ બળે બળે દુશ્મનાને રસૂલો દુશ્માનાને દીનકે અંદર ઐસા અઝીમ ઈન્કલાબ બરપા હુવા કે બિલ આખિર વો કુફ્રકી ઝુલ્મતસે નિકલકર નૂરે ઈમાનસે સરફરાઝ હો ગયે. ઈસ સિલસિલેમેં બતૌરે નમૂના સિર્ફ એક વાક્યા પેશે ખિદમત હય મુલાહેઝા ફર્માયેં.

મઝહરે આ'લા હઝરત, શેર બેસએ અહલે સુન્નત હઝરત મૌલાના હશ્મત અલી رحمۃ اللہ علیہ કો કૌન નહીં જાનતા ! યે તો શેરે હક્ક હય જિનકો અપને તો અપને ગૈર ભી અચ્છી તરહ પહચાનતે હંય. જિન્હોંને બળે બળે દેવબંદી, વહાબી સુરમાઓં, મષલન... મુર્તઝા હસન દરભંગી, અબ્દુશ્શકૂર કાકોરવી, મન્ઝૂર સંભલી, શબ્બીર અહમદ દેવબંદી સરહિંદી, અનવર કશ્મીરી દેવબંદી, યાસીન ખામસરાય, ષનાઉલ્લાહ અમૃતસરી, મુહમ્મદ હુસૈન રાંદેરી, અબુલવફા શાહજહાંપુરી, અબ્દુસ્સલામ કાકોરવી, અબ્દુલબારી સુલતાનપુરી, નૂરમુહમ્મદ ટાંડવી વગૈરા ઉલમાએ દેવબંદકો મયદાને મુનાઝેરામેં ઐસી શિકસ્તેફાશ દી હય કે ઉનકો ભાગનેકી રાહ નહીં મિલી. લેકિન ! આપ યે સુનકર હયરાન હોંગે કે ઈસ મર્દે મુજાહિદકી પૂરી તા'લીમો તર્બીયત દેવબંદી મદરસેમેં હૂઈ થી ઔર આપકે સારે અસાતેઝા (ઉસ્તાદો) દેવબંદી ખયાલકે થે. હત્તા કે વહાબીયોં કા મશ્હૂર પેશ્વા અબ્દુશ્શકૂર કાકોરવી ભી આપકા ઉસ્તાદ થા. ગર્ઝ કે આપ ભી એક દેવબંદી આલિમ થે. લેકિન ઈમામે એહલે સુન્નત, આ'લા હઝરત ફાઝિલે બરેલ્વીકી યેહી કિતાબ "તમ્હીદે ઈમાન" જબ આપ કી નઝર સે ગુઝરી તો આપકે દિલકી દુન્યા હી બદલ ગઈ ! જૂં જૂં આપ કિતાબ પઢતે જાતે આપકે દિલસે કુફ્રો ઈર્તેદાદકા પર્દા ચાક હોતા

જાતા, ઈધર કિતાબ ખતમ હૂઈ, ઉધર ઈમાનકા નૂર આપકે દિલમેં ચમકને લગા. બિલ આખિર આપ દરબારે આ'લા હઝરતમેં પહુંચકર આ'લા હઝરત કે દસ્તે હક્ક પરસ્ત પર દેવબંદીયતો વહાબીયત સે તાએબ હોકર ફિરસે કલ્મએ તૌહીદ પઢકર દૌલતે ઈમાનસે સરફરાઝ હુએ. ફિર ઈસકે બાદ આ'લા હઝરત કે ઐસે શયદાઈ બને કે ખૂદ કો ''સગે આ'લા હઝરત'' (આ'લા હઝરત કા કુત્તા) કેહકર ફખ્ર કિયા કરતે થે.

અપને આપકો ''સગે આ'લા હઝરત'' કેહનેવાલે યેહી મર્દે મુજાહિદ આગે ચલકર સુન્નિયત કે જંગલ કે એસે ઝોર આવર શેર બનકર નમૂદાર હુએ કે જિનકે નામસે વહાબીયત કાંપને લગી. યે વો શેર થે જિન્હોં ને સેંકડો મયદાને મુનાઝરા મેં તને તનહાબ એક વક્ત સેંકડો દેવબંદી મોલ્વીયોંકો શિકસ્ત દેકર વહાબીયત કે સીને મેં રઝા કા ઝંડા ગાળા થા. ઈસકા નમૂના દેખના હો તો ''મુબાહિશે અદરી''કા મુતાલેઆ કરેં.

આ'લા હઝરત કી ઈસ ''તમ્હીદે ઈમાન''કા અદના કરિશ્મા હય કે સિર્ફ શેર બેસએ એહલે સુન્નત હીં નહીં બલ્કે જિન જિન વહાબી મોલ્વીઓંને ભી ઈસ કિતાબકા બિગેર કિસી તરફદારીકે ઠંડે દિલસે મુતાલેઆ કિયા હય વો યકીનન ! દૌલતે ઈમાનસે સરફરાઝ હુએ હંય. ઈસકી બહોત સી મિષાલેં મૌજૂદ હંય. ઈસલીએ હમ આપસે અપીલ કરતે હંય કે આપ ભી એક મર્તબા જરૂર ઈસ કિતાબ કો બગૈર કિસી જાનિબદારીકે ઠંડે દિલસે મુતાલેઆ કરેં. અગર આપને હમારી બાત પર અમલ કિયા તો હમેં યકીન હય કે આપકી ઝિંદગીમેં ભી ઝુરૂર ઈન્કિલાબ પયદા હોયા. આપકા દિલ ભી મહોબ્બતો અઝમતે રસૂલ ઔર નૂરે ઈમાનસે ઝુરૂર લબરેઝ હોગા. આપ ભી હક્કો બાતિલમેં તમીઝ પયદા કરને કે કાબિલ ઝુરૂર હો જાએંગે. મગર ઠંડે દિલસે મુતાલેઆ શર્ત હય. આપ સિર્ફ એક મર્તબા હમારી બાતોંકી આઝમાઈશ કર લેં. મૌલા તઆલા તમામ મુસલમાનોંકો હક્ક પહચાનને કી તૌફીક અતા ફર્માયે. (આમીન)

લિ. (હઝરત મૌલાના કારી) **અબુલકલામ રઝવી, અશરફી (દયાદરા)**

*(ખલીફએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ વ*
*ખલીફએ હઝરત સૈયદ કમરૂદ્દીન પીરઝાદા સાહબ કારંટવી)*

# તમ્હીદે ઈમાન

*(બ આયાતે કુર્આન હિ.સ. ૧૩૨૬)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

الحمدللّٰه رب العٰلمين والصلوٰة والسلام على سيّد المرسلين
خاتم النبيين **محمّد** واٰلهٖ واصحٰبهٖ اجمعين الىٰ يوم الدين
بالتبجيل وحسبنا اللّٰه ونعم الوكيل۔

## ★ મુસલમાન ભાઈઓથી વિનમ્ર અરજ ★

પ્યારા ભાઈઓ ! અસ્સલામુ અલૈકુમ વરહમતુલ્લાહિ વ બરકાતુહ ! અલ્લાહ તઆલા આપ સૌને અને આપના સદકામાં આ નાચીઝ અતિપાપીને દીને હક્ક પર કાયમ રાખે અને એના હબીબ હઝરત મુહમ્મદ ﷺ ની સાચી મહોબ્બત અને સાચી અઝમત આપે અને એના પર જ મૌત આપે. (આમીન, યા અરહમર્રાહિમીન)

તમારો પરવરદિગાર (સૂ. ફતહ, આ. ૮, ૯માં) ફર્માવે છે :–

اِنَّاۤ اَرۡسَلۡنٰكَ شَاهِدًا وَّ مُبَشِّرًا وَّ نَذِيۡرًا ۙ﴿۸﴾
لِّتُؤۡمِنُوۡا بِاللّٰهِ وَ رَسُوۡلِهٖ وَ تُعَزِّرُوۡهُ وَ تُوَقِّرُوۡهُ ؕ وَ تُسَبِّحُوۡهُ بُكۡرَةً وَّ اَصِيۡلًا ﴿۹﴾

**અર્થાત :** *"અય નબી ! બેશક ! અમે તમોને ગવાહ અને ખુશખબરી સંભળાવતા અને ડર સંભળાવતા મોકલ્યા, જેથી કે લોકો તમે અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન લાવો. અને એના રસૂલની તા'ઝીમ અને તૌકીર કરો, અને સવાર સાંજ અલ્લાહની પાકી બોલો."*

મુસલમાનો ! જુઓ ! દીને ઈસ્લામ મોકલવા અને કુર્આન મજીદ ઉતારવાનો મકસદ જ તમારો પરવદિગાર **ત્રણ વાતો** બતાવે છે, **પ્રથમ** એ કે લોકો અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન લાવે, **બીજું** એ કે રસૂલુલ્લાહ ﷺ ની તા'ઝીમ અને **ત્રીજું** એ કે લોકો અલ્લાહ તઆલાની ઈબાદતમાં રહે.

મુસલમાનો આ ત્રણેય મહાન વાતોની સુંદર ગોઠવણી તો જુઓ, સૌથી પહેલાં ઈમાનનું બયાન કર્યું અને સૌથી છેલ્લે ઈબાદતને અને વચમાં પોતાના પ્યારા નબી ﷺ ની તા'ઝીમ રાખી. એટલા જ માટે કે ઈમાન વગર તા'ઝીમ કંઈ કામની નથી. ઘણાય ઈસાઈઓ થઈ ગયા કે જેમણે નબી કરીમ ﷺ ની તા'ઝીમ તથા તકરીમ કરી, અને હુઝૂર પર કાફિરોએ ઉઠાવેલા વાંધાઓના જવાબોમાં કિતાબો પણ લખી, લેકચરો આપ્યાં, પરંતુ જ્યારે કે તેમનામાં ઈમાન નથી તો કંઈ જ ફાયદો નથી થવાનો. એ તો ફક્ત જાહેરી તા'ઝીમ થઈ અગર દિલમાં હુઝૂરની સાચી મહોબ્બત, અદબ, તા'ઝીમ હોત તો જરૂર ઈમાન લઈ આવત. વળી જ્યાં સુધી હુઝૂરની સાચી તા'ઝીમ તથા અદબ ન હોય તો પૂરી જિંદગી ઈબાદત અને ઝિક્રે ખુદામાં ગુઝારી દેવામાં આવે બધું જ બેકાર અને નામકબૂલ (અલ્લાહના દરબારમાં રદ થઈ ગયેલું જ) હશે. ઘણાય એવા જોગીઓ, પાદરીઓ, ઋષિ મૂનિઓ દુનિયાને છોડી દઈ (સન્યાસી થઈ) અલ્લાહની ઈબાદતમાં જિંદગી વિતાવી દે છે, બલ્કે એમનામાંના ઘણા તો તે છે કે જેઓ ''લાઈલાહ ઈલ્લલ્લાહ''નો ઝિક્ર શીખી તેની ઝર્બો લગાડે છે ! પરંતુ જ્યાં સુધી ''મુહમ્મદુર્રસૂલુલ્લાહ''ની તા'ઝીમ નથી, શું ફાયદો ?! અલ્લાહ તઆલાના દરબારમાં એ રજમાત્ર પણ કબૂલ નથી જ. અલ્લાહ જલ્લશાનહુ એવાઓને માટે જ ફર્માવે છે :–

وَقَدِمْنَآ اِلٰى مَا عَمِلُوْا مِنْ عَمَلٍ فَجَعَلْنٰهُ هَبَآءً مَّنْثُوْرًا ﴿٢٣﴾

**અર્થાત** :*''જે કંઈ નેક કામો એમણે કર્યા અમે તેને બરબાદ કરી દીધાં''* *(સૂરએ ફુર્કાન, ૨૫/૨૩)*

એવાઓને જ માટે ફર્માવ્યું કે : عَامِلَةٌ نَّاصِبَةٌ ﴿٣﴾ تَصْلٰى نَارًا حَامِيَةً ﴿٤﴾

**અર્થાત** :*''અમલ કરે, તકલીફો ઉઠાવે અને બદલો શું હશે, એ જ કે જહન્નમની ભળકતી આગમાં જશે.''* (સૂરએ ગ઼ાશિયહ, ૮૮/૩, ૪) (અલ્લાહ તઆલા મુસલમાનોને બચાવે) મુસલમાનો ! બોલો ! ઈમાનનો દારોમદાર નજાત (છૂટકારાનો)નો દારોમદાર, અમલ કબૂલ થવાનો

દારોમદાર મુહમ્મદુર્રસૂલુલ્લાહની તા'ઝીમ છે કે નહીં ?! બોલો ! છે, અને જરૂર છે !

## ★ ખુદા વ રસૂલ કરતાં અન્યને પ્યારું જાણનાર અઝાબની રાહ જુએ ! ★

તમારો પરવરદિગાર (સૂ. તૌબા, આ. ૨૪)માં ફર્માવે છે :–

قُلْ اِنْ كَانَ اٰبَآؤُكُمْ وَ اَبْنَآؤُكُمْ وَ اِخْوَانُكُمْ وَ اَزْوَاجُكُمْ وَ عَشِيْرَتُكُمْ وَ اَمْوَالُ اِقْتَرَفْتُمُوْهَا وَ تِجَارَةٌ تَخْشَوْنَ كَسَادَهَا وَ مَسٰكِنُ تَرْضَوْنَهَآ اَحَبَّ اِلَيْكُمْ مِّنَ اللّٰهِ وَ رَسُوْلِهٖ وَ جِهَادٍ فِىْ سَبِيْلِهٖ فَتَرَبَّصُوْا حَتّٰى يَاْتِىَ اللّٰهُ بِاَمْرِهٖ ۗ وَ اللّٰهُ لَا يَهْدِى الْقَوْمَ الْفٰسِقِيْنَ ﴿٢٤﴾

**અર્થાત** :*"તમે ફર્માવી દો કે અય લોકો ! અગર તમારા બાપ, તમારા બેટા, તમારા ભાઈ, તમારી ઔરતો, તમારા કુટુંબીજનો, તમારો કમાઈનો માલ, અને તે વેપાર કે જેમાં તમને નુકસાનનો ભય છે, અને તમારી પસંદગીનાં મકાનો, એનામાંની કોઈ ચીજ પણ તમને અલ્લાહ અને એના રસૂલ અને એના રસ્તામાં કોશિશ કરવા કરતાં વધુ વહાલી છે તો વાટ જુઓ ત્યાં સુધી કે અલ્લાહ પોતાનો અઝાબ ઉતારે. અને અલ્લાહ ફાસિકો (એના હુકમોને ન માનનાર)ને રસ્તો નથી આપતો." (હિદાયત નથી આપતો.)*

આ આયતથી જણાયું કે જેને દુનિયામાં કોઈ પણ સગુ, કોઈ માલ કે કોઈ ચીઝ અલ્લાહ અને રસૂલથી વધુ પ્યારી છે તે અલ્લાહ તઆલાના દરબારથી મરદૂદ (ધુતકારેલ) છે. અલ્લાહ તેને પોતાના તરફ રસ્તો નથી બતાવતો. તેણે અલ્લાહના અઝાબની રાહ જોવી જોઈએ. (અલ્લાહ તઆલા બચાવે)

મુસલમાનો તમારા પ્યારા નબી ﷺ ફર્માવે છે :–

لا يؤمن أحدكم حتى اكون احب اليه من والده وولده والناس اجمعين

**અર્થાત** : *"તમારામાં કોઈ પણ મુસલમાન નહીં થઈ શકે ત્યાં સુધી*

*કે હું એને એનાં માં બાપ, ઔલાદ અને તમામ માણસો કરતાં પ્યારો ન હોઉં.'' (ﷺ)*

આ હદીષ સહીહ બુખારી અને સહીહ મુસ્લિમમાં અનસ બિન માલિક અન્સારી رضی اللہ عنہ થી છે. આ હદીષ શરીફે તો વાત જ સાફ ફર્માવી દીધી કે **જે હુઝૂર ﷺ કરતાં કોઈને પણ પ્યારું ગણે તે કદી પણ મુસલમાન નથી.**

મુસલમાનો ! કહો મુહમ્મદ ﷺ ને તમામ દુનિયાથી વધારે મહબૂબ (પ્યારા) રાખવામાં જ ઈમાનનો આધાર અને છૂટકારાનો આધાર થયો કે નહીં ! કહો, થયો અને જરૂર થયો ! અહીં સુધી તો બધા જ કલમાગો (કલમા પઢનાર) ખુશી ખુશી કબૂલ કરી લેશે કે હા, અમારા દિલમાં મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ ની મહાન અઝમત છે. હા ! હા ! માં બાપ, ઔલાદ સમગ્ર દુનિયાથી વધુ અમોને હુઝૂરની મહોબ્બત છે. ભાઈઓ ! ખુદા એવું જ કરે, પરંતુ જરા કાન દઈ ધ્યાન લગાડી તમારા પરવરિદગારનો હુકમ સાંભળો :–

## ★ કેવળ કલમો કહી લેવાથી છૂટી નથી જવાના ! ★

તમારો પરવરદિગાર (સૂ. અનકબૂત, આ. ૨માં) ફર્માવે છે :–

الٓمّٓ ۚ اَحَسِبَ النَّاسُ اَنۡ یُّتۡرَکُوۡۤا اَنۡ یَّقُوۡلُوۡۤا اٰمَنَّا وَ هُمۡ لَا یُفۡتَنُوۡنَ ۝

**અર્થાત** : *''શું લોકો એ ગુમાનમાં છે કે આટલું કહેવા બદલ છોડી દેવામાં આવશે કે અમે ઈમાન લાવ્યા. અને તેઓની કસોટી નહીં થાય ?!''*

આ આયત મુસલમાનોને ચેતવી રહી છે કે યાદ રાખશો ! કલમો પઢી લેવાથી કે મોઢેથી મુસલમાનીનો દાવો કરવાથી તમારો છૂટકારો થઈ જશે નહીં, હા ! હા ! સાંભળો છો ! કસોટી કરવામાં આવશે ! કસોટીમાં પાર ઉતરશો તો મુસલમાન ઠરશો, દરેક વસ્તુની અજમાઈશમાં એ જ વાત જોવામાં આવે છે કે જે બાબત તેને વાસ્તવિક સત્ય બનવા માટે જોઈએ તે તેમાં છે કે નહીં, હમણાં જ કુર્આન અને હદીષ ફર્માવી ચૂક્યાં કે ઈમાનને વાસ્તવિક સત્ય બનવા માટે બે વસ્તુઓ જોઈએ, મુહમ્મદુર્રસૂલુલ્લાહ

ﷺ ની મહોબ્બતને સમસ્ત જગત પર સર્વોપરિતા આપવી.

તો એની કસોટીનો સ્પષ્ટ તરીકો એ છે કે તેમને જે વ્યક્તિઓ સાથે ગમે તેટલી તા'ઝીમ, અકીદત, મહોબ્બત મિત્રતાનો સંબંધ હશે, જેમ કે તમારા બાપ, ઉસ્તાદ, પીર, ઔલાદ, ભાઈ, સંબંધીઓ તમારા વડવાઓ, મોલ્વીઓ, હાફિઝો, મુફતીઓ, મુકર્રિરો વિગેરે ગમે તે હોય, પણ જ્યારે તેઓ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ ની શાનમાં ગુસ્તાખી કરે ત્યારે તમારા હૃદયમાં તેઓની અઝમત (મહાનતા) તેઓની મહબ્બતનું લેશમાત્ર નિશાન રહેવું જોઈએ નહીં, તરત જ દિલપૂર્વક જુદા થઈ જાવ, દૂધમાંથી માખીની જેમ તેમને કાઢી ફેંકો, તેમના મોઢાથી, તેમના નામથી ધૃણા કરો, પછી તમે ન તો પોતાના સંબંધનો મિત્રતાનો કે પ્રેમનો ખ્યાલ કરો, ન તેમની મોલ્વીયત, મશૈખિયત, બુઝુર્ગી, ફઝીલત (શ્રેષ્ઠતા)ને દરકારમાં લાવો. **કારણ કે આ જે કંઈ હતું કે તે મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ ની ગુલામીના પ્રતાપે હતું, જ્યારે એ માણસ આપની બારગાહમાં જ ગુસ્તાખ થયો તો પછી આપણને તેની સાથે શું સંબંધ રહ્યો ? તેના જભ્ભા કે પાઘડીને કઈ રીતે ખ્યાલ કરીએ ?** શું ઘણા યહૂદીઓ જભ્ભા નથી પહેરતા ? પાઘડીઓ નથી બાંધતા ? તેના ઈલ્મ અને જાહેરી શ્રેષ્ઠતાને શું કરીએ ? ઘણા પાદરીઓ અને ફિલોસોફરો મોટા મોટા જ્ઞાન અને હુન્નરો નથી જાણતા ?!

અને આવું કરવાને બદલે જો તમે મુહમ્મદ ﷺ વિરૂધ્ધ તેની વાતને સુધારવાનો પ્રયત્ન કર્યો, તેણે હુઝૂરની ગુસ્તાખી કરી અને તમે તેની મિત્રતા જાળવી રાખી, અથવા **તેને દરેક ખરાબથી વધુ ખરાબ ન ગણ્યો અથવા તેને બુરું કહેવાથી તમને બુરું લાગ્યું, અથવા એટલું જ કે તમે એ વિષયમાં બેપરવાઈ બતાવી, અથવા તમારા દિલમાં તેની સખત ધૃણા ન ઉદ્ભવી, તો ખુદા ખાતર હવે તમેજ ન્યાય કરો કે તમે ઈમાનની પરીક્ષામાં ક્યાં પાસ થયા ?!** કુર્આન અને હદીષે જે વાત પર ઈમાનનો દારોમદાર રાખ્યો હતો તેનાથી કેટલા દૂર નીકળી ગયા ! **મુસલમાનો ! શું જેના દિલમાં**

**મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ ની તા'ઝીમ હશે તે આપની બદ્‌ગોઈ કરનારની ઈજ્જત કરી શકશે ?!** પછી તે તેનો પીર, ઉસ્તાદ કે બાપ કેમ ન હોય ! શું જેને મુહમ્મદ ﷺ તમામ જહાનથી વધારે પ્રિય હોય તે આપના ગુસ્તાખથી તુરત જ અતિ સખ્ત ધૃણા નહીં કરે ? પછી તે તેનો દોસ્ત, બિરાદર કે દિકરો કેમ ન હોય ! ખુદા ખાતર પોતાની પરિસ્થિતિ પર દયા કરો, અને પોતાના પાલનહારની વાત સાંભળો, જુઓ ! તે કેવી રીતે તમને પોતાની રહમત તરફ બોલાવે છે, જુઓ !

**★ અલ્લાહ અને કિયામત પર ઈમાન રાખનારની ઓળખ ! ★**

તમારો પાલનહાર ફર્માવે (સૂ. મુજાદિલહ, આ. ૨૨માં) છે :–

لَا تَجِدُ قَوْمًا يُّؤْمِنُوْنَ بِاللّٰهِ وَ الْيَوْمِ الْاٰخِرِ يُوَآدُّوْنَ مَنْ حَآدَّ اللّٰهَ وَ رَسُوْلَهٗ وَ لَوْ كَانُوْٓا اٰبَآءَهُمْ اَوْ اَبْنَآءَهُمْ اَوْ اِخْوَانَهُمْ اَوْ عَشِيْرَتَهُمْ ؕ اُولٰٓئِكَ كَتَبَ فِيْ قُلُوْبِهِمُ الْاِيْمَانَ وَ اَيَّدَهُمْ بِرُوْحٍ مِّنْهُ ؕ وَ يُدْخِلُهُمْ جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا ؕ رَضِيَ اللّٰهُ عَنْهُمْ وَ رَضُوْا عَنْهُ ؕ اُولٰٓئِكَ حِزْبُ اللّٰهِ ؕ اَلَآ اِنَّ حِزْبَ اللّٰهِ هُمُ الْمُفْلِحُوْنَ ﴿۲۲﴾

**અર્થાત** : *''જેઓ અલ્લાહ અને કયામત પર ઈમાન લાવે છે તું નહીં જોઈશ કે તેમના દિલોમાં એવાઓની મહોબ્બત આવવા પામે જેઓએ ખુદા તઆલા તથા રસૂલ ﷺ ની મુખાલિફત કરી,* **ભલે તે તેમના બાપ અથવા બેટા અથવા ભાઈ કે પ્રિયજન કેમ ન હોય !** *આ છે તે લોકો જેમના દિલોમાં અલ્લાહે ઈમાન કોતરી દીધું, અને પોતાના તરફની રૂહથી તેમની મદદ કરી, અને તેમને બગીચાઓમાં લઈ જશે, જેમની નીચે નહેરો વહી રહી છે. તેમાં હમેશાં રહેશે, અલ્લાહ તેમનાથી રાજી અને તેઓ અલ્લાહથી રાજી એ જ લોકો અલ્લાહવાળા છે, સાંભળે છે ! અલ્લાહવાળા જ ધ્યેયને વર્યા.''*

આ આયતમાં સ્પષ્ટ ફર્માવી દીધું કે **જે અલ્લાહ અથવા રસૂલની શાનમાં ગુસ્તાખી કરે તેની સાથે મુસલમાન દોસ્તી રાખશે**

**નહીં. જેનો સ્પષ્ટ મતલબ એ થયો કે જે એવા સાથે મિત્રતા કેળવે તે મુસલમાન નથી.** અને આ હુકમ આમ (સામાન્ય) છે એવું ચોખ્ખું ફર્માવ્યું. કારણ કે એમાં બાપ, બેટા, પ્રિયજન બધાંની ગણત્રી કરી, એટલે કે **કોઈ ગમે તેટલો તમારા ખ્યાલ મુજબ આબરૂદાર અથવા તમારા સ્વભાવને કેટલોયે પ્રિય હોય પણ જો તમારામાં ઈમાન છે તો ગુસ્તાખી પછી તેનાથી મહબ્બત રાખી શક્તા નથી.** તેની ઈજ્જત સ્વીકારી શક્તા નથી, **નહીંતર મુસલમાન રહેશો નહીં !** અલ્લાહ તઆલાનું આટલું ફર્માન જ મુસલમાન માટે પૂરતું હતું. પણ જુઓ તે તમને પોતાની રહમત તરફ બોલાવે છે, પોતાની મહાન નેઅમતોથી ખબર આપે છે કે જો અલ્લાહ તથા રસૂલની અઝમત આગળ તમે કોઈનો પણ ખયાલ ન રાખ્યો, કોઈની સાથે સંબંધ ન રાખ્યો, તો તમને શું શું ફાયદા મળશે ?!

## ★ બદ્‌મઝહબોથી નફરત કરવાના લાભો ! ★

**(૧)** અલ્લાહ તઆલા તમારા દિલોમાં ઈમાન કોતરી દેશે. જેમાં ઈન્શાઅલ્લાહ ! ઈમાન પર ખાતમો થવાની મહાન ખુશ ખબરી છે. કારણ કે અલ્લાહનું લખેલું ભૂંસાતું નથી. **(૨)** અલ્લાહ તઆલા રૂહુલ કુદ્‌સ વડે તમારી મદદ કરશે. **(૩)** તમને હમેશાંની જન્નતોમાં લઈ જશે જેની નીચે નહેરો વહે છે. **(૪)** તમે અલ્લાહના ગિરોહમાં કહેવાશો. અલ્લાહવાળા થઈ જશો. **(૫)** માંગ્યા મુજબની મુરાદો પામશો. બલ્કે ઉમ્મીદ, ખયાલ અને કલ્પના કરતાં પણ હજારો દરજ્જા વધીને મેળવશો. **(૬)** સહુથી વધીને એ કે અલ્લાહ તમારાથી રાજી થશે. **(૭)** હદ એ કે ફર્માવે છે : *હું તમારાથી રાજી, તમે મારાથી રાજી.*

## ★ સૌથી મહાન નેકબખ્તી ! ★

બંદા માટે એનાથી વધીને બીજી કઈ નેઅમત હોય શકે કે તેનો પરવરદિગાર તેનાથી રાજી હોય ? પણ બંદાનવાઝી (કૃપાદષ્ટિ)ની સીમા એ છે કે ફર્માવ્યું, ખુદા તેઓથી રાજી તેઓ ખુદાથી રાજી. મુસલમાનો !

જો માણસ કરોડ જાનો ધરાવતો હોય અને તે બધી જ આ મહાન દૌલતો (જેનો વાયદો ઉપરોક્ત આયતમાં કરવામાં આવ્યો છે) પર ન્યોચ્છાવર કરી દે તો પણ ખુદાની કસમ તે મફત જ કહેવાશે ! **તો પછી અમુક (ગુસ્તાખ) વ્યક્તિઓ સાથેનો સંબંધ તોડી નાખવો શું મોટી વાત છે ?! જે બદલ અલ્લાહ આવી અણમોલ નેઅમતોનો વાયદો ફર્માવે છે ! અને તેનો વાયદો ખરેખર સત્ય છે.** કુર્આન મજીદની એ પધ્ધતિ છે કે જ્યાં પોતાના હુકમોને માન આપનારને ખુશખબર આપે છે ત્યાં જ હુકમોનો અનાદર કરનાર પર અઝાબોનો કોરડો પણ વીંઝે છે ! કે જેથી જે ઓછી વૃત્તિવાળા નેઅમતોની લાલચમાં ન આવે તે અઝાબોની બ્હીકથી માર્ગ પર આવે, તે અજાબ બાબત પણ સાંભળી લો :–

## ★ માં, બાપ, ભાઈ કાફિર–મુર્તદ હોય તો શું ?! ★

તમારા પરવદિગાર (સૂ. તૌબા, આ. ૨૩)માં ફર્માવે છે :–

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوْٓا اٰبَآءَكُمْ وَ اِخْوَانَكُمْ اَوْلِيَآءَ اِنِ اسْتَحَبُّوا الْكُفْرَ عَلَى
الْاِيْمَانِ ؕ وَ مَنْ يَّتَوَلَّهُمْ مِّنْكُمْ فَاُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوْنَ ﴿٢٣﴾

**અર્થ** : *"અય ઈમાનવાળાઓ ! તમારા બાપ તમારા ભાઈ જો ઈમાન છોડી કુફ્રને પસંદ કરતાં હોય તો તેમને દોસ્ત બનાવો નહીં. અને તમારાંથી જે એમની દોસ્તી કરે તો તે જ લોકો જુલ્મી છે."*

## ★ પોલી નીતિ રાખશો નહીં ! અલ્લાહ દિલોના ભેદોને જાણે છે !! ★

અને (સૂ. મુમ્તહિનહ્, આ. ૧,૨,૩) ફર્માવે છે :–

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوْا عَدُوِّيْ وَ عَدُوَّكُمْ اَوْلِيَآءَ تُلْقُوْنَ اِلَيْهِمْ بِالْمَوَدَّةِ وَ قَدْ
كَفَرُوْا بِمَا جَآءَكُمْ مِّنَ الْحَقِّ ۚ يُخْرِجُوْنَ الرَّسُوْلَ وَ اِيَّاكُمْ اَنْ تُؤْمِنُوْا بِاللّٰهِ رَبِّكُمْ ؕ
اِنْ كُنْتُمْ خَرَجْتُمْ جِهَادًا فِيْ سَبِيْلِيْ وَ ابْتِغَآءَ مَرْضَاتِيْ ۖ تُسِرُّوْنَ اِلَيْهِمْ بِالْمَوَدَّةِ ۖ وَ اَنَا
اَعْلَمُ بِمَآ اَخْفَيْتُمْ وَ مَآ اَعْلَنْتُمْ ؕ وَ مَنْ يَّفْعَلْهُ مِنْكُمْ فَقَدْ ضَلَّ سَوَآءَ السَّبِيْلِ ﴿١﴾ اِنْ

يَّثْقَفُوْكُمْ يَكُوْنُوْا لَكُمْ اَعْدَآءً وَّ يَبْسُطُوْٓا اِلَيْكُمْ اَيْدِيَهُمْ وَ اَلْسِنَتَهُمْ بِالسُّوْٓءِ وَ وَدُّوْا لَوْ تَكْفُرُوْنَ ؕ﴿۲﴾ لَنْ تَنْفَعَكُمْ اَرْحَامُكُمْ وَ لَاۤ اَوْلَادُكُمْ ۚۛ يَوْمَ الْقِيٰمَةِ ۚۛ يَفْصِلُ بَيْنَكُمْ ؕ وَ اللّٰهُ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿۳﴾

**અર્થ** : *''અય ઈમાનવાળાઓ ! મારા અને તમારા દુશ્મનને મિત્ર ન બનાવો, તમે છુપી રીતે તેમની સાથે દોસ્તી કરો છો અને હું ખૂબ જાણું છું, જે તમે છુપાવો અને જાહેર કરો છો તે, અને તમારામાંથી જે આવું કરશે તે જરૂર સીધા માર્ગથી ભટક્યો. તમારા સંબંધો અને તમારા બાળકો તમને કાંઈ ફાયદો નહીં આપે, કિયામતના દિવસે અલ્લાહ તમારા અને તમારાં પ્રિયજનો વચ્ચે જુદાઈ કરી દેશે જેથી એકબીજાને કાંઈ કામ લાગી શકશે નહીં, અને અલ્લાહ તમારા કાર્યો જોઈ રહ્યો છે.''*

અને ફર્માવે છે :–

وَ مَنْ يَّتَوَلَّهُمْ مِّنْكُمْ فَاِنَّهٗ مِنْهُمْ ؕ اِنَّ اللّٰهَ لَا يَهْدِى الْقَوْمَ الظّٰلِمِيْنَ ﴿۵۱﴾

**અર્થ** : *''જે તમારામાંથી તેમની સાથે મિત્રતા કેળવશે તો બેશક ! તે તેમનામાંથી જ છે. બેશક ! અલ્લાહ જાલિમોને હિદાયત નથી આપતો.'' (સૂરએ માઈદહ, ૫/૫૧)*

પ્રથમની બે આયતોમાં તો તેમની સાથે દોસ્તી કરનારાઓને માત્ર જાલિમ અને ભટકેલા જ ફર્માવ્યા હતા, પણ આ આયતે તો ફેંસલો જ કરી દીધો કે **જે તેમની સાથે દોસ્તી ધરાવશે તે પણ તેમનામાંનો જ છે, તેમની જેમ જ કાફિર છે, તેમના સાથે એક દોરડામાં બાંધવામાં આવશે**. અને પેલો ચાબુક પણ યાદ રાખશો કે **તમે છુપે છુપે તેમની સાથે મેળ રાખો છો પણ હું તમારા ગુપ્ત, જાહેર બધાને જાણું છું !** અને હવે તે બયાન પણ સાંભળી લો જે રસૂલુલ્લાહ ﷺ ની શાનમાં ગુસ્તાખી કરનારાઓ માટે છે :–

## ★ સૌથી ભયાનક બદ્‌બખ્તી ! ★

તમારો પરવરદિગાર (સૂ. તૌબા, આ. ૬૧માં) ફર્માવે છે :–

وَ الَّذِیۡنَ یُؤۡذُوۡنَ رَسُوۡلَ اللّٰہِ لَہُمۡ عَذَابٌ اَلِیۡمٌ ﴿۶۱﴾

**અર્થ** : *"જેઓ રસૂલુલ્લાહને ઈજા આપે છે તેઓ માટે દુઃખદાયક અઝાબ છે."*

અને (સૂ. અહ્ઝાબ, આ. ૫૭માં) ફર્માવે છે :–

اِنَّ الَّذِیۡنَ یُؤۡذُوۡنَ اللّٰہَ وَ رَسُوۡلَہٗ لَعَنَہُمُ اللّٰہُ فِی الدُّنۡیَا وَ الۡاٰخِرَۃِ وَ اَعَدَّ لَہُمۡ عَذَابًا مُّہِیۡنًا ﴿۵۷﴾

**અર્થ** : *"બેશક ! જે લોકો અલ્લાહ અને રસૂલને દુઃખ આપે છે, તેમના પર અલ્લાહની લા'નત છે દુનિયા અને આખિરતમાં, અને અલ્લાહે તેમના માટે બેઈજ્જતીનો અઝાબ તૈયાર કરી રાખ્યો છે."*

અલ્લાહ તઆલા ઈજા અને દુઃખથી પાક છે, તેને કોણ દુઃખ આપી શકે છે ? પણ **પોતાના મહબૂબ ﷺ ની શાનમાં ગુસ્તાખીને પોતાનું દુઃખ ફર્માવ્યું !** આ આયતોથી હુઝૂર ﷺ ની શાનમાં ગુસ્તાખી કરનાર સાથે દોસ્તી, મહબ્બત રાખનાર માટે સાત કોરડા સાબિત થયા : (૧) તે જાલિમ છે (૨) ભટકેલ છે (૩) કાફિર છે (૪) તેના માટે દુઃખદાયક અઝાબ છે (૫) તે આખિરતમાં બેઈજ્જત થશે (૬) તેણે અલ્લાહને ઈજા આપી (૭) તેના પર બંને જહાનમાં અલ્લાહની લા'નત છે.

**મુસલમાન ! અય મુસલમાન !** અય હુઝૂરના ઉમ્મતી ! ખુદા ખાતર જરા ન્યાય કર ! પેલા સાત સારા છે જે એવા લોકો સાથે એકદમ સંબંધ કાપી નાખવાથી મળે છે કે દિલમાં ઈમાન કોતરાઈ જાય, અલ્લાહ મદદગાર થાય, જન્નત મળે, અલ્લાહવાળાઓમાં ગણત્રી થાય, મુરાદો પામે, ખુદા તારાથી રાજી, તું ખુદાથી રાજી થાય. અથવા આ સાત સારાં છે કે જે આવા લોકો સાથે સંબંધ બાકી રાખવામાં મળે છે કે જાલિમ, ભટકેલ, કાફિર, જહન્નમી થાય, આખિરતમાં બેઈજ્જત બને, ખુદાને ઈજા આપનાર ગણાય, ખુદા બંને જહાનમાં લા'નત કરે ?!

અફસોસ ! અફસોસ ! કોણ કહી શકે છે કે, આ સાત સારાં છે ?! કોણ કહી શકે છે કે પેલાં સાત છોડવા લાયક છે ?! પરંતુ અય ભાઈ !

જાણી લે માત્ર કહી દેવાથી તો હેતુ સરતો નથી ! ત્યાં તો પરીક્ષા થવાની છે, હમણાં જ આયત સાંભળી ચૂક્યા, "શું એ ભૂલમાં છો કે બસ મોઢેથી કહીને છૂટી જશે, ઈમ્તિહાન નહીં થાય ?!"

### ★ હા ! આ જ કસોટીનો સમય છે ! ★

જુઓ ! આ એક કહ્હાર ખુદા તરફથી તમારી કસોટી છે. જુઓ તે ફર્માવી રહ્યો છે કે તમારા સગાઈ સંબંધો કયામતમાં ખપ નહીં લાગે, મારી સાથે તોડીને કોની સાથે જોડો છે ?! જુઓ ! **તે ફર્માવી રહ્યો છે કે હું ગાફિલ નથી, હું અજાણ નથી, તમારા કાર્યો નિહાળી રહ્યો છું. તમારા વાક્યો સાંભળી રહ્યો છું. તમારા દિલોની પરિસ્થિતિથી પરિચિત છું,** જુઓ લાપરવાઈ ન કરો. પારકા પાછળ આકેબત બગાડો નહીં, અલ્લાહ રસૂલ વિરૂધ્ધ હઠાગ્રહ ન કરો, જુઓ તે તમને પોતાના સખ્ત અઝાબથી ડરાવે છે, તેના અઝાબથી કોઈ સ્થાને આશરો નથી, જુઓ ! તે તમને પોતાની રહમત તરફ બોલાવે છે. તેની રહમત સિવાય કોઈ આશરો લેવાની જગ્યા નથી. જુઓ ! શિક્ષાપાત્ર બીજા ગુનાહો તો માત્ર ગુનાહો જ હોય છે, તેમનાથી ઈમાન જતું નથી. અઝાબ પછી અથવા અલ્લાહની રહમતથી કે હબીબની શફાઅતથી વગર અઝાબે છૂટકારો તો થશે જ, પણ આ તો મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ ની તા'ઝીમનો પ્રશ્ન છે ! **એમની અઝમત એમની મહોબ્બત પર ઈમાનનો દારોમદાર છે.** કુર્આન મજીદની આયતો સાંભળી ચૂક્યા કે જે આ બાબતમાં કમી કરે તેના પર બંને જહાનમાં ખુદાની લા'નત છે. જુઓ ! જ્યારે ઈમાન ગયું પછી કદાપિ અબ્દુલ આબાદ સુધી કોઈપણ રીતે સખ્ત અઝાબથી છૂટકારો નહીં થાય, જે ગુસ્તાખી કરનારાઓનો તમે અહીં કંઈક ખ્યાલ કે લેહાઝ કરો છો તે ત્યાં પોતાનું ભોગવી રહ્યા હશે, તમને બચાવવા નહીં આવે, અને આવે તો પણ શું કરી શકે છે ?! તો પછી એવાઓનો ખ્યાલ કરીને પોતાના જીવનને હમેશાં હમેશાં માટે જબ્બારના ગઝબ અને દોઝખના અઝાબમાં ફસાવી દેવું શું બુદ્ધિની વાત છે ?!

## ★ શું આ દેવબંદીની ગુસ્તાખી નથી ?! ★

**ખુદા ખાતર ! ખુદા ખાતર ! જરા થોડીવાર માટે ખુદા અને રસૂલ સિવાય બધી જ વસ્તુઓનો ખ્યાલ છોડીને આંખો બંધ કરો.** અને અને ડોક નમાવી પોતાને એક કહ્હાર ખુદાના દરબારમાં હાજર જાણો અને માત્ર નિખાલસ સાચા ઈસ્લામી દિલ સાથે જે ઉચ્ચ મહાનતા, અમાપ ઈજ્જત, લાજવાબ માન મર્તબો જે એમના પરવરદિગારે એમને આપ્યો છે તેનો વિચાર કરીને ન્યાય અને ઈમાનથી બોલો કે જેણે આવું કહ્યું કે **શૈતાનનો ઈલ્મે ગયબ નસ્સે કતઈ (સ્પષ્ટ કુર્આની આયત)થી સાબિત છે, ફખ્રે આલમ (ﷺ)ના ઈલ્મની વિશાળતા માટે કઈ નસ્સે કતઈ છે ?** (લે. ખલીલ અંબેઠવી દેવબંદી–બરાહીને કાતિઅહ) તેણે હુઝૂર ﷺ ની શાનમાં ગુસ્તાખી કરી કે નહીં ?! શું તેણે ઈબ્લીસના ઈલ્મને રસૂલુલ્લાહ ﷺ ના મુકદ્દસ ઈલ્મ કરતાં વધાર્યું કે નહીં ? શું હુઝૂર ﷺ ના ઈલ્મની વિશાળતાથી કાફિર થઈને (ઈન્કાર કરીને) શૈતાન મરદૂદના ઈલ્મની વિશાળતા પર ઈમાન લાવ્યો કે નહીં ?!

મુસલમાનો ! તે બદ્ગોઈ કરનારને પોતાને જ માત્ર એટલું જ કહી જુઓ કે, **"અય શૈતાન જેટલા ઈલ્મવાળા !"** પછી જુઓ તેને માઠું લાગે છે કે નહીં ?! **જો કે તેને ઈલ્મમાં શયતાનથી ઓછો પણ નથી કહ્યો !** બલ્કે શયતાન જેટલું ઈલ્મ ધરાવનાર કહ્યો છે. તો પછી ઓછું કહેવું તૌહીન નહીં થાય ?! અને જો તે પોતાની વાત બનાવવા ખાતર (એ વાક્ય પર) નારાજી ન દર્શાવે. જો કે દિલમાં તો સાચેસાચ જ નારાજ થશે, તો પછી એના કોઈ મહાનને કહી જુઓ, અને જો પૂરેપૂરું ઈમ્તેહાન કરવું હોય તો શું કચેરીમાં જઈને આપ કોઈ હાકિમને આવા શબ્દો કહી શકશો ?! તરત જ વાત ખુલી જશે કે તૌહીન થઈ અને બેશક ! થઈ. તો પછી આવા શબ્દો લખીને હુઝૂર ﷺ ની તૌહીન કરવી કુફ્ર નથી ?! જરૂર છે અને સાચેસાચ કુફ્ર છે.

## ★ શું આ શિર્ક નથી ?! ★

જે માણસ શયતાનના ઈલ્મને નસ (આયત)થી સાબિત માની હુઝૂર ﷺ ના ઈલ્મની વિશાળતાને માનનાર માટે એવું કહે કે તે તમામ આયતોનો ઈન્કાર કરીને એક શિર્ક સાબિત કરે છે. અને એવું કહે કે એ શિર્ક નથી તો ઈમાનનો ક્યો ભાગ છે ?! તે માણસ ઈબ્લીસ લઈનને ખુદાનો શરીક માની રહ્યો છે કે નહીં ? જરૂર માન્યો ! કારણ કે **જે વાત મખ્લૂકમાંથી ગમે તે એકને માટે માનવાથી શિર્ક થતું હોય તો તે વાત ગમે તેના માટે સાબિત કરવામાં આવે તે શિર્ક જ રહેશે,** કારણ કે ખુદાનો શરીક કોઈ નથી, જ્યારે રસૂલુલ્લાહ ﷺ માટે ઈલ્મની વિશાળતા માનવી શિર્ક હોય કે જેમાં ઈમાનનો કોઈ ભાગ જ ન હોય, તો જરૂર એટલું ઈલ્મ ખુદાની તે ખાસ સિફત થઈ કે જે ખુદા માટે આવશ્યક છે, અને તો જ નબી માટે એવું ઈલ્મ માનનાર કાફિર મુશ્રિક કહેવાય, અને એ માણસે એવી જ ઈલ્મની વિશાળતા અને એ જ ઈલ્મ પોતાના મોઢે જ ઈબ્લીસ માટે સાબિત માન્યુ તો સ્પષ્ટ રીતે શયતાનને ખુદાનો શરીક બનાવી દીધો !

મુસલમાનો ! શું આ અલ્લાહ અને તેના રસૂલ બંનેની તૌહીન થઈ કે નહીં ? જરૂર થઈ ! અલ્લાહની તૌહીન તો એ રીતે કે શયતાનને તેનો શરીક બનાવ્યો. અને રસૂલુલ્લાહ ﷺ ની તૌહીન એ રીતે કે ઈબ્લીસનો મર્તબો એટલો વધારી દીધો કે તેને તો ખુદાની ખાસ સિફતમાં ભાગીદાર ઠેરવ્યો અને રસૂલ એ સિફતથી મહરૂમ ! (કહ્યું કે) જો એમના માટે માનશો તો મુશ્રિક થઈ જશો !

## ★ શું આ સ્પષ્ટ ગાળ નથી ?! ★

મુસલમાનો ! શું અલ્લાહ અને રસૂલની તૌહીન કરનાર કાફિર નથી ?! જરૂર છે. જે માણસે એવું કહ્યું કે (હુઝૂર માટે) જો અમુક ગૈબી ઈલ્મ માનવામાં આવે તો એમાં હુઝૂરની શું વિશેષતા ? એવું ઈલ્મે ગૈબ તો ઝેદ, અમ્ર બલ્કે દરેક બાળક અને ગાંડા બલ્કે તમામ જાનવરો માટે

પણ પ્રાપ્ય છે. (લે. અશરફ અલી થાનવી દેવબંદી, કિતાબ : હિફઝુલ ઈમાન) તો તેણે હુઝૂર ﷺ ને સ્પષ્ટ ગાળ આપી કે નહીં ? **શું હુઝૂર ﷺ ને એટલું જ ઈલ્મે ગૈબ આપવામાં આવ્યું હતું જેટલું કે દરેક પાગલ અને દરેક જાનવરને છે ?!**

મુસલમાન ! અય મુસલમાન ! અય મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ ના ઉમ્મતી ! તને પોતાના દીન અને ઈમાનનો વાસ્તો ! શું આ નાપાક મલઊન ગાળના સ્પષ્ટ હોવા વિશે તને શંકા છે ?! મઆઝલ્લાહ ! (એ તો ત્યારે જ શક્ય બને જ્યારે) મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ ની અઝમત તારા દિલમાંથી તદ્દન નીકળી ગઈ હોય કે આ સખ્ત ગાળમાં પણ તેમની તૌહીન જણાતી ન હોય ! અને હજુ પણ તને શ્રધ્ધા ન હોય તો એ બદ્‌ગોઈ કરનારાઓને જ પૂછી જો કે શું તમને, તમારા ઉસ્તાદો, તમારા પીરોને કહી શકીએ છીએ કે **અય ફલાણા ! તને એટલું જ ઈલ્મ છે જેટલું કે એક સુવ્વરને, તારા ઉસ્તાદને એટલું જ ઈલ્મ હતું જેટલું એક કૂતરાને હોય શકે, તારા પીરને માત્ર એટલું જ ઈલ્મ હતું જેટલું એક ગધેડાને હોય છે,** અથવા માત્ર એટલું જ કહી જુઓ કે, **અય ! ઈલ્મમાં ઉલ્લુ, ગધેડા, કૂતરા, સુવ્વરના બરોબરીયાઓ !** તો તે આમાં પોતાની અને પોતાના ઉસ્તાદની અને પીરની તૌહીન સમજે છે કે નહીં ?! જરૂર સમજશે, અને જો ચાલશે તો માથા પર ચઢી બેસશે ! તો પછી શું કારણ છે કે **જે વાક્ય એમના માટે અપમાન કરનારું હોય તે મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ માટે અપમાનજનક ન હોય ?!** મઆઝલ્લાહ ! શું આપની અઝમત એ લોકોથી પણ ગઈ ગુઝરેલી છે ?! શું આનું જ નામ ઈમાન છે ?!

જે માણસ એવું કહે કે દરેક માણસને કંઈકને કંઈક એવી છુપી વાતનું ઈલ્મ હોય છે જે બીજાને હોતું નથી તો પછી બધાને જ "આલિમુલ ગયબ" કહેવું જોઈએ. પછી જો કોઈ વ્યક્તિ એવું કહે કે હા, હું તો બધાને જ આલિમુલ ગૈબ કહીશ તો પછી ઈલ્મે ગૈબને હુઝૂર ﷺ ના કમાલોમાં શા માટે ગણવામાં આવે છે ? જે બાબત મો'મિન બલ્કે ઈન્સાન પૂરતી જ

મર્યાદિત નથી તે બાબત નબુવ્વતની વિશેષતાઓમાં કેમ કરી આવી શકે છે ? અને જો દરેકને જ (ગૈબનું ઈલ્મ છે) એવું માનવામાં ન આવે તો નબી અને બિન નબીમાં તફાવતનું કારણ બતાવવું જરૂરી છે.

(તો એવું કહીને) રસૂલુલ્લાહ ﷺ અને જાનવરો તેમજ પાગલો દરમ્યાન ફરક નહીં જાણનાર શું હુઝૂરને ગાળ નથી દેતો ? શું તેણે ઈજ્જત અને જલાલવાળા ખુદાના કલામને સ્પષ્ટ રીતે ખોટું ન ઠેરવ્યું ? જુઓ :–

## ★ ઈલ્મ તો અંબિયાનો કમાલ છે ! ★

તમારો પરવરદિગાર (સૂ. નિસાઅ, આ. ૧૧૩માં) ફર્માવે છે :–

وَ عَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ ؕ وَ كَانَ فَضْلُ اللّٰهِ عَلَيْكَ عَظِيْمًا ﴿۱۱۳﴾

**અર્થ** : *"અય નબી ! તમે જે કંઈ જાણતા ન હતા તે તમને શીખવ્યું અને તમારા પર અલ્લાહનો મોટો ફઝલ છે."*

અહીં અજાણી વાતોનું ઈલ્મ આપવાને અલ્લાહ તઆલાએ પોતાના હબીબ ﷺ ના કમાલો અને ખૂબીઓમાં ગણાવ્યું.

અને (સૂ. યૂસુફ, આ. ૬૮માં) ફર્માવે છે : وَ اِنَّهٗ لَذُوْ عِلْمٍ لِّمَا عَلَّمْنٰهُ

**અર્થ** : *"બેશક ! તે (યાકૂબ عليه الصلوة والتسليم) અમારા શીખવવાથી ઈલ્મવાળો છે."*

અને (સૂ. ઝારિયાત, આ. ૨૮માં ફર્માવે છે : وَ بَشَّرُوْهُ بِغُلٰمٍ عَلِيْمٍ ﴿۲۸﴾

**અર્થ** : *"(ફરિશ્તાઓએ) તેને (ઈબ્રાહીમ عليه الصلوة والتسليم ને) એક ઈલ્મવાળા છોકરા (عليه الصلوة والتسليم)ની ખુશ ખબરી આપી"*

અને (સૂ. કહફ, આ. ૬૫માં) ફર્માવે છે : وَ عَلَّمْنٰهُ مِنْ لَّدُنَّا عِلْمًا ﴿۶۵﴾

**અર્થ** : *"અમે (ખિઝર عليه الصلوة والتسليم)ને પોતાના પાસેથી એક ઈલ્મ શીખવ્યું."* વગેરે આયતોમાં **અલ્લાહ તઆલાએ ઈલ્મને અંબિયાના કમાલ તરીકે દર્શાવ્યું છે.**

હવે ઝૈદ (કોઈ માણસ)ની જગ્યાએ અલ્લાહ તઆલાનું નામ લો અને ગૈબની જગ્યાએ કોઈપણ ઈલ્મ લો કે જેનું મળવું દરેક જાનવર માટે

વધારે સ્પષ્ટ છે. અને પછી જુઓ કે એ બદ્ગોઈ કરનારનું કથન કલામુલ્લાહનો કેવી રીતે વિરોધ કરે છે. એટલે કે એ બદ્ગોઈ કરનાર ખુદાને કહી રહ્યો છે કે નબી ﷺ અને બીજા અંબિયાની ઝાતે મુકદસા પર (માટે) ઈલ્મનો ઈતલાક કરવો (માનવું) ખુદાના કહેવા મુજબ જો સાચું હોય તો પૂછવા જેવી બાબત એ છે કે ઈલ્મથી મુરાદ (ધારણા) અમુક ઈલ્મ છે કે બધું જ ઈલ્મ ?! જો અમુક ઈલ્મ મુરાદ હોય તો એમાં હુઝૂર અને બીજા અંબિયા عَلَيْهِمُ السَّلَام ની શું વિશેષતા ?! એવું ઈલ્મ તો ઝૈદ, અમ્ર બલ્કે દરેક બાળક અને પાગલ બલ્કે તમામ જાનવરોને પણ પ્રાપ્ય છે. કારણ કે દરેક માણસને કંઈકને કંઈક વાતનું ઈલ્મ હોય છે. તો પછી દરેકને જ આલિમ કહેવું જોઈએ, પછી જો ખુદા એવું નક્કી કરે કે હા ! હું તો બધાને જ આલિમ કહીશ તો પછી ઈલ્મને નબીઓના કમાલ તરીકે ગણવામાં આવે છે ? જે વાત મો'મિન બલ્કે ઈન્સાન પૂરતી જ મર્યાદિત નથી તે નબુવ્વતના કમાલ તરીકે કેવી રીતે હોય શકે છે ? અને જો એવું નક્કી કરવામાં ન આવે તો નબી અને બિન નબીમાં તફાવતનું કારણ જણાવવું જરૂરી છે. અને જો બધું જ ઈલ્મ મુરાદ છે એવી રીતે કે તેનો કોઈ ભાગ પણ રહી ગયો ન હોય તો એ અકલી અને નકલી દલીલોથી ખોટું છે. તો સાબિત થયું કે ખુદાની એ બધી વાતો તેની એ જ દલીલથી ખોટી છે ! (મઆઝલ્લાહ !)

મુસલમાનો ! જોયું, એ બદ્ગોઈ કરનારે ફક્ત મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ ને ગાળ નથી આપી. બલ્કે એમના પરવરદિગારના ફર્માનને પણ ખોટાં અને મરદૂદ ઠેરવ્યાં છે. મુસલમાનો ! જેની હિમ્મત એટલે સુધી વળી ગઈ કે રસૂલુલ્લાહ ﷺ ના ઈલ્મે ગૈબને પાગલો અને જાનવરોના ઈલ્મ સાથે મેળવી આપે અને ઈમાન, ઈસ્લામ તથા ઈન્સાનિયત બધા તરફથી આંખો મીંચીને કહી આપે કે નબી અને જાનવરમાં શું ફેર છે ?! એવો માણસ જો ખુદાના ફર્માનોને રદ કરી જૂઠાં ઠેરવે તો શું આશ્ચર્ય છે ?! બલ્કે જે આ બધું કલામુલ્લાહ સાથે કરી ચૂક્યો તે જ રસૂલુલ્લાહ ﷺ ને ગાળ આપવાની હિમ્મત કરી શકશે.

## ★ તમારામાં તથા ગધેડા, સુવ્વરમાં શું ફરક ?! ★

પરંતુ હા ! એવા માણસને પૂછો કે તમારું આ આખ્યાન તમારા અને તમારા ઉસ્તાદો (ના માહોલ)માં પ્રચલિત છે કે નહીં ? અગર નહીં તો શા માટે ? અને છે તો શું જવાબ છે ? હા ! એ બદ્‌ગોઈ કરનારાઓને પૂછો કે જે બાબત તમે મુહમ્મદ ﷺ વિશે પ્રચલિત કરી છે તેના પાયા પર તમારા પોતાના વિશે એવું પૂછવાની રજા આપી શક્શો કે તમને (અથવા તમારા ઉસ્તાદોને) આલિમ, ફાઝિલ, મોલ્વી, મુલ્લા આવા, આવા મૌલાના તેવા, (હઝરત અલ્લામહ..... વગેરે) કેમ કહેવામાં આવે છે ?! અને જાનવરો દા.ત. કૂતરા અને સુવ્વરને તો કોઈ એવું કહેતું નથી, આ લકબો અને હોદ્દાઓના કારણે તમારા માનનારાઓ તમારી તા'ઝીમ તવ્કીર તક્રીમ શા માટે કરે છે ? અને તમારા હાથ પગોને કેમ ચૂમે છે ?! અને જાનવરો જેમ કે ઉલ્લુ કે ગધેડા સાથે તો કોઈ આવું વર્તન કરતુ નથી, આનું કારણ શું છે ? **બધું જ ઈલ્મ તો સાચોસાચ તમને પણ નથી અને અમુક ઈલ્મમાં તમારી શું વિશેષતા ? એવું ઈલ્મ તો ઉલ્લુ, ગધેડાં, સુવ્વર દરેકને પ્રાપ્ય છે.** તો પછી એ તમામને આલિમ, ફાઝિલ, આવા ને તેવા કહેવામાં આવે ?! પછી જો તમે કહો હા, અમે એ તમામને ઉલમા કહીશું તો પછી ઈલ્મને તમારા કમાલમાં શા માટે ગણવામાં આવે છે ? જે બાબત મો'મિન બલ્કે ઈન્સાન પૂરતી જ મર્યાદિત નથી, ગધેડા, કૂતરા, સુવ્વરને પણ પ્રાપ્ય હોય તે તમારા કમાલોમાં કેમ કરી હોઈ શકે ?! અને જો (દરેકને આલિમ કહેવા માટે) ઈલ્તિઝામ (અનિવાર્ય) કરવામાં ન આવે તો તમારા પોતાના જ કહેવા મુજબ તમારામાં અને ગધેડા તેમજ તફાવતનું કારણ દર્શાવવું જરૂરી છે.

મુસલમાનો ! આટલું પૂછતાં જ અલ્લાહની મહેરબાનીથી સ્પષ્ટ થઈ જશે કે એ બદ્‌ગોઈ કરનારાઓએ મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ ને કેવી સ્પષ્ટ સખ્ત ગાળ આપી અને એમના પરવરદિગારના કુર્આન મજીદને ઠેકઠેકાણે કેવી રીતે ખોટું ઠેરવ્યું. મુસલમાનો ! ખાસ એ બદ્‌ગોઈ

કરનાર અને એના સાથીદારોને પૂછો કે તેઓના પોતાના ઈકરારથી તેમના પર કુર્આનની આ આયતો બંધબેસતી આવે છે કે નહીં ?!

### ★ ચોપગાંથી વધુ ગુમરાહ કોણ ?! ★

તમારો પરવરદિગાર (સૂ. અઅ્રાફ, આ. ૧૭૯) ફર્માવે છે :–

وَ لَقَدْ ذَرَاْنَا لِجَهَنَّمَ كَثِيْرًا مِّنَ الْجِنِّ وَ الْاِنْسِ ۖ لَهُمْ قُلُوْبٌ لَّا يَفْقَهُوْنَ بِهَا ۖ وَ لَهُمْ اَعْيُنٌ لَّا يُبْصِرُوْنَ بِهَا ۖ وَ لَهُمْ اٰذَانٌ لَّا يَسْمَعُوْنَ بِهَا ؕ اُولٰٓئِكَ كَالْاَنْعَامِ بَلْ هُمْ اَضَلُّ ؕ اُولٰٓئِكَ هُمُ الْغٰفِلُوْنَ ﴿۱۷۹﴾

**અર્થ** : *"અને બેશક ! જરૂર અમે જહન્નમ માટે ઘણા જિન્નાત અને આદમી ફેલાવી રાખ્યા છે, એમના પાસે એવાં દિલ છે જેનાથી સત્યને નથી સમજતા, અને એવી આંખો છે જેનાથી સત્ય માર્ગ નથી જોતા, અને એવા કાન જેનાથી સત્ય નથી સાંભળતા, તેઓ જાનવરોની જેમ છે બલ્કે એમનાથી પણ વધીને ભટકેલા, તે લોકો જે ગફલતમાં પડયા છે."*

અને ફર્માવે (સૂ. ફુર્કાન, આ. ૪૩, ૪૪માં) છે :–

اَرَءَيْتَ مَنِ اتَّخَذَ اِلٰهَهٗ هَوٰىهُ ؕ اَفَاَنْتَ تَكُوْنُ عَلَيْهِ وَكِيْلًا ﴿۴۳﴾ اَمْ تَحْسَبُ اَنَّ اَكْثَرَهُمْ يَسْمَعُوْنَ اَوْ يَعْقِلُوْنَ ؕ اِنْ هُمْ اِلَّا كَالْاَنْعَامِ بَلْ هُمْ اَضَلُّ سَبِيْلًا ﴿۴۴﴾

**અર્થ** : *"જુઓ તો ખરા ! જેણે પોતાની મનેચ્છાને પોતાનો ખુદા બનાવી લીધો તો શું તું તેની જવાબદારી સ્વીકારીશ ?! અથવા તું એવા ખ્યાલમાં છે કે તેમનામાં ઘણા બધા સાંભળતા કે બુધ્ધિ ધરાવતા છે ? તેઓ તો ચોપગાંથી વધીને નથી, બલ્કે તેઓ તો એમના (જાનવરો)થી પણ વધીને ગુમરાહ છે."*

**એ બદ્ગોઈ કરનારાઓએ ચોપગાંનું ઈલ્મ તો અંબિયા عَلَيْهِمُ السَّلَام ના ઈલ્મ જેવું માન્યું, હવે તેઓને પૂછો કે શું તમારું ઈલ્મ અંબિયાના ઈલ્મ અથવા હુઝૂર ﷺ ના ઈલ્મ જેટલું**

**છે ?** જાહેરમાં તો એવો દાવો નહીં કરે, અને જો કહી પણ આપો કે જ્યારે ચોપગાં સાથે સરખામણી કરી દીધી તો પછી તમે તો બેપગા છો, સરખામણી કરી લેવામાં શું મુશ્કેલી છે ?! અથવા એવું પૂછો કે તમારા ઉસ્તાદો, પીરો અને મુલ્લાઓમાં કોઈ એવું થઈ ગયું કે જેનું ઈલ્મ તમારા કરતાં વધારે હોય, અથવા તમારા જેટલું હોય, અંતે કંઈક તો તફાવત કરશે જ, તો તે તેમના ઉસ્તાદ વિગેરે તો હવે તમના સ્વીકાર્યા મુજબ ઈલ્મમાં ચોપગાં બરાબર ઠર્યા, અને એ પોતે ઈલ્મમાં ઓછા છે ત્યારે જ તો તેમના ચેલા બન્યા ! અને જે એક સરખામણીમાં ઓછો છે તે બીજાથી પણ જરૂર ઓછો હશે, તો એ લોકો પોતે જ પોતાના માનવા મુજબ ચોપગાંથી વધીને ગુમરાહ થયા, અને ઉપરની આયતો મુજબ ઠર્યા.

### ★ શું અલ્લાહ જૂઠુ બોલી શકે ?! ★

મુસલમાનો ! આ પરિસ્થિતિ તો તે વાક્યોની હતી જેમાં અંબિયાએ કિરામ અને હુઝૂર ﷺ પર હાથ સાફ કરવામાં આવ્યો હતો, પછી તે ઈબારતો (લખાણો)નું તો કહેવું જ શું જેમાં સીધી રીતે જાણીબુઝીને અલ્લાહ તઆલાની ઈજ્જત પર હુમલો કરવામાં આવ્યો હોય ! ખુદા ખાતર ન્યાય કરો ! કે જેણે એવું કહ્યું કે, **"મેં ક્યારે કહ્યું છે કે હું અલ્લાહ જૂઠ બોલી ચૂક્યો એવું નથી માનતો"** અર્થાત **એ વ્યક્તિ એવું માને છે કે ખુદા જૂઠો છે, જૂઠ બોલી ચૂક્યો, જૂઠ બોલે છે.** અને એવા માણસ માટે જેણે એવો ફત્વો આપ્યો કે, "આયતોના અર્થઘટનમાં ભૂલ કરી, છતાં તેને કાફિર, બિદઅતી, ગુમરાહ કહેવા જોઈએ નહીં.'' અને એવા માણસ માટે જેણે કહ્યું કે, "એને કોઈ સખ્ત વાક્ય કહેવું જોઈએ નહીં." અને જેણે (એના બચાવમાં) કહ્યું કે, "એને કાફિર કહેવાથી આગલા ઈમામોને કાફિર કહેવા પડશે. હનફી શાફઈને કંઈ ખરાબ કહી શક્તો નથી.'' એટલે કે, "ખુદાને મઆઝલ્લાહ ! જૂઠો કહેવો ઘણા અગાઉના ઉલમાનો પણ મઝહબ હતો ! એ વિચારભેદ હનફી શાફઈ જેવો છે ! કોઈએ (નમાઝમાં) હાથ નાફથી

ઉપર બાંધ્યા, કોઈને નીચે, આને પણ એવું જ સમજો કે કોઈએ ખુદાને સાચો કહ્યો તો કોઈએ જૂઠો ! માટે એવું કહેનારને બુરું ભલું કહેવાથી માફ કરવો જોઈએ. એટલે કે **જે ખુદાને જૂઠો કહે તેને ગુનેહગાર કહેવો તો મોટી વાત ગુમરાહ પણ ન કહો !** જે માણસે આ બધું તો તે ખુદાને જૂઠો કહેનાર વિશે કહ્યું. અને ત્યાં જ પોતાના તરફથી "ખુદા જૂઠ બોલ્યો, બોલતો, કે બોલશે નહીં પણ છતાં તે જૂઠ બોલવા પર કુદરત ધરાવે છે. અને એમાં કોઈને મતભેદ નથી." (દેવબંદી કિતાબો જુઓ : યકરોઝી, બરાહીને કાતિઅહ, ફતાવા રશીદિયહ્) એવો અર્થહીન સ્વીકાર કર્યો છતાં સ્પષ્ટ રીતે ભસી નાખ્યું છે, "જૂઠ સાદર થયાના માયના સાચા ઠર્યા" એટલે એ વાત સાચી ઠરી કે ખુદાથી જૂઠ સાદર થયું. શું આવો માણસ મુસલમાન રહી શકે છે ? જે માણસ આવાને મુસલમાન સમજે શું તે પોતે મુસલમાન રહી શકે છે ?!

મુસલમાનો ! ખુદા ખાતર ન્યાય કરો ! ઈમાન શાનું નામ હતું ? અલ્લાહની સત્યતાને માનવાનું, સત્યતાનો સ્પષ્ટ વિરોધ શું ? જૂઠલાવવું, જૂઠલાવવાનો અર્થ શું થાય ? કોઈના તરફ જૂઠનો સંબંધ જોડવો, જ્યારે સ્પષ્ટ રીતે ખુદાને જૂઠો કહીને પણ જો ઈમાન બાકી રહેતું હોય તો ખુદા જાણે પછી ઈમાન ક્યા જાનવરનું નામ છે ! અલ્લાહ જાણે કે અગ્નિપૂજકો, હિંદુઓ, ખ્રિસ્તીઓ અને યહૂદીઓ શા કારણે કાફિર કહેવાય ! તેઓમાં તો સ્પષ્ટ રીતે કોઈ પોતાના મઅબૂદને જૂઠો પણ નથી કહેતો, હા ! સાચા મઅબૂદની વાતોને એટલા ખાતર નથી માનતા કે એ તેની જ વાતો છે એવું તે નથી જાણતા અથવા માન્ય નથી રાખતા, **એવો કાફિર તો દુનિયાના પડદા પર કદાચ કોઈ જ નહીં નીકળે જે ખુદાને ખુદા માનતો હોય, તેના કલામને તેનું જ કલામ માનતો હોય અને છતાં બેધડક કહેતો હોય કે ખુદાએ જૂઠ કહ્યું ! જૂઠ સાદર થવાનો અર્થ તેના માટે સાચો ઠર્યો !** મતલબ કે કોઈએ પણ ન્યાયી માણસ શંકા કરી શક્તો નથી કે **એ બદ્ગોઈ કરનારાઓએ**

**જીવ ભરીને ખુદા અને રસૂલને ગાળો આપી.** હવે અહીં જ ઈલાહી ઈમ્તિહાનનો સમય છે, એક કહ્હાર અને જબ્બાર ખુદાથી ડરો, અને ઉપર બયાન થયેલી આયતોને નજર સમક્ષ રાખી અમલ કરો તો તમારું ઈમાન પોતે જ તમારા દિલમાં બધા જ બદ્ગોઈ કરનારાઓની ધૃણા ભરી દેશે, અલ્લાહ અને અલ્લાહના રસૂલ વિરૂધ્ધ કદાપી તમને તેમની તરફદારી કરવા દેશે નહીં, તમને તેઓની સૂગ આવશે, નહીં કે તમે તેમનો બચાવ કરશો ! અને અલ્લાહ તથા રસૂલ વિરૂધ્ધ તમે તેઓની ગાળલીલાનું અર્થહીન બેકાર અર્થઘટન નહીં કરો.

### ★ ખુદારા ઈન્સાફ કરો ! ★

ખુદા ખાતર ન્યાય કરો ! જો કોઈ વ્યક્તિ તમારા માં બાપ, ઉસ્તાદ, પીરને ગાળો આપે, અને માત્ર જીભ દ્વારા જ નહીં, બલ્કે તેને લખી લખીને છાપે અને પ્રસિદ્ધ કરે તો શું તમે તેનો સાથ આપશો ?! અથવા તેની વાત રાખવા ખાતર એ ગાળોનું બીજું અર્થઘટન કરશો ? અથવા એની બકવાસ તરફ બેપરવા રહીને તેના માટે રાબેતા મુજબ દિલ સાફ રાખશો ?! નહીં, જો તમારામાં માનવીય સ્વમાન, જુસ્સો, માં બાપની ઈજ્જત, આબરૂ અને તેમના પ્રેમનું નિશાન માત્ર પણ રહી ગયું હશે તો તે બદ્ગોઈ કરનાર, ગાળો ભાંડનારની શિકલથી પણ નફરત કરશો, તેના પડછાયાથી પણ દૂર ભાગશો, તેનું નામ સાંભળી ક્રોધ ભભુકશે, જે માણસ તેની ગાળોની બનાવટ કરશે (બીજા અર્થો ઘટાવશે) તેના પણ દુશ્મની બની જશો. હવે ખુદા ખાતર માં બાપને એક પલ્લામાં મૂકો અને વાહિદ કહ્હાર ખુદા અને મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ પર ઈમાનને બીજા પલ્લામાં મૂકો, જો તમે મુસલમાન હશો તો માં બાપની ઈજ્જત અને તરફદારીને અલ્લાહ અને રસૂલની મહબ્બત આગળ તુચ્છ જાણશો, તો વાજિબ વાજિબ લાખ લાખ વાજિબથી વધીને વાજિબ છે કે તેમની (અલ્લાહ અને રસૂલની) બદ્ગોઈ કરનારથી એવી ધૃણા અને દૂરી, ક્રોધ અને જુદાઈ હોવી જોઈએ કે માં બાપને ગાળો ભાંડનાર સાથે એનો હજારમો

ભાગ પણ ન હોય. આ છે તે લોકો જેમના માટે તે સાત નેઅમતોની ખૂશખબરી છે.

મુસલમાનો ! તમારો આ ખૈરખ્વાહ (આ'લા હઝરત) આશા રાખે છે કે અલ્લાહ વાહિદ કહ્હારની એ આયતો અને આ પૂરતા સ્પષ્ટ બયાન પછી આ વિષયમાં આપને વધારે કહેવાનું રહેશે નહીં, તમારું ઈમાન પોતે જ એ બદ્ગોઈ કરનારાઓને તે મુબારક શબ્દો કહી દેશે જે તમારા પરવરદિગારે કુર્આન મજીદમાં તમને શીખવાડવા માટે હઝરત ઈબ્રાહીમ عليه السلام ની કૌમના બયાનમાં નકલ કર્યા. તમારો પરવરદિગાર (સૂ. મુમ્તહિન, આ. ૪, ૫, ૬માં) ફર્માવે છે :–

قَدْ كَانَتْ لَكُمْ اُسْوَةٌ حَسَنَةٌ فِيْٓ اِبْرٰهِيْمَ وَ الَّذِيْنَ مَعَهٗ ۚ اِذْ قَالُوْا لِقَوْمِهِمْ اِنَّا بُرَءٰٓؤُا
مِنْكُمْ وَ مِمَّا تَعْبُدُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ ۫ كَفَرْنَا بِكُمْ وَ بَدَا بَيْنَنَا وَ بَيْنَكُمُ الْعَدَاوَةُ وَ
الْبَغْضَآءُ اَبَدًا حَتّٰى تُؤْمِنُوْا بِاللّٰهِ وَحْدَهٗٓ اِلَّا قَوْلَ اِبْرٰهِيْمَ لِاَبِيْهِ لَاَسْتَغْفِرَنَّ لَكَ وَ مَآ
اَمْلِكُ لَكَ مِنَ اللّٰهِ مِنْ شَيْءٍ ۭ رَبَّنَا عَلَيْكَ تَوَكَّلْنَا وَ اِلَيْكَ اَنَبْنَا وَ اِلَيْكَ الْمَصِيْرُ ۝ رَبَّنَا لَا
تَجْعَلْنَا فِتْنَةً لِّلَّذِيْنَ كَفَرُوْا وَ اغْفِرْ لَنَا رَبَّنَا ۚ اِنَّكَ اَنْتَ الْعَزِيْزُ الْحَكِيْمُ ۝ لَقَدْ كَانَ
لَكُمْ فِيْهِمْ اُسْوَةٌ حَسَنَةٌ لِّمَنْ كَانَ يَرْجُوا اللّٰهَ وَ الْيَوْمَ الْاٰخِرَ ۭ وَ مَنْ يَّتَوَلَّ فَاِنَّ اللّٰهَ هُوَ
الْغَنِيُّ الْحَمِيْدُ ۝

**અર્થ** : *"બેશક ! તમારા માટે ઈબ્રાહીમ (عليه السلام) અને તેમના સાથવાળા મુસલમાનોમાં ઉત્તમ નમૂનો છે, જ્યારે તેઓએ પોતાની કૌમને કહ્યું. બેશક ! અમે તમારાથી બેઝાર છીએ. અને તે તમામથી (પણ) જેમને તમે ખુદા સિવાય પૂજો છો, અમે તમારા ઈન્કારી થયા, અને અમારી તમારી વચ્ચે હમેશાં માટે દુશ્મની અને અદાવત જાહેર થઈ ચૂકી. જ્યાં સુધી કે તમે એક અલ્લાહ પર ઈમાન ન લાવો, બેશક ! તેમનામાં તમારા માટે જરૂર ઉત્તમ નમૂનો હતો, તેના માટે જે અલ્લાહ અને કયામતની આશા રાખતો હોય, અને જે મોઢું ફેરવે તો બેશક ! અલ્લાહ નચિંત વખાણાએલો છે."*

### ★ બદ્મઝહબોથી સંબંધ કટ કરવાનું ખુદાઈ ફર્માન ! ★

એટલે કે અલ્લાહ પોતે ફર્માવી રહ્યો છે કે જેવી રીતે મારા ખલીલ عليه السلام અને તેમના સાથીદારોએ કર્યું કે મારા ખાતર પોતાની કૌમના ખુલ્લા દુશ્મન બની ગયા. અને તણખલું તોડીને એમનાથી જુદાઈ ધારણ કરી લીધી, અને સ્પષ્ટ કહી આપ્યું કે અમારે તમારે કશો સંબંધ નથી, અમે તમારાથી તદ્દન બેઝાર છીએ, એવું જ તમારે પણ કરવું જોઈએ, તમારી ભલાઈ ખાતર જ તે તમને આવું કહી રહ્યો છે. માનશો તો તમારા હિતમાં છે, નહીં માનો તો અલ્લાહને તમારી કંઈ પરવા નથી ! જ્યાં તેઓ મારા દુશ્મન બન્યા તો તેમની સાથે તમે પણ ખરા, હું તમામ જહાનથી બેનિયાઝ છું, અને તમામ ખૂબીઓ મારામાં છે.

આ તો કુર્આન મજીદના હુકમો હતા.

### ★ સંબંધો કાપવામાં બહાનાબાજી કરનારાઓ વાંચે ! ★

અલ્લાહ તઆલા જેની સાથે ભલાઈ ચાહશે તેને એમના પર અમલ કરવાની તૌફીક આપશે, પરંતુ અહીં બે ફિર્કા (વર્ગો) એવા છે જેમને આ હુકમો પર અમલ કરવામાં બહાનાં નડે છે, પહેલો વર્ગ અજ્ઞાન લોકોનો છે, એમનાં બહાનાં બે પ્રકારનાં છે : પહેલું બહાનું તેઓ એ આપે છે કે ફલાણો તો અમારો ઉસ્તાદ અથવા બુઝુર્ગ અથવા મિત્ર છે ! એનો જવાબ તો કુર્આન મજીદની અનેક આયતોથી સાંભળી ચૂક્યા, અલ્લાહ તઆલાએ વારંવાર સ્પષ્ટપણે ફર્માવી દીધું કે **જો અલ્લાહના અઝાબથી બચવા માંગતા હોઉ તો એ વિષયમાં પોતાના બાપની પણ પરવા ન કરો.** બીજું બહાનું એ કે તેઓ કહે છે કે સાહેબ ! આ બદ્ગોઈ કરનારાઓ પણ મોલ્વી છે, તો પછી મોલ્વી લોકોને કેમ કરી કાફિર કહીએ ? અથવા ખરાબ સમજીએ ? તો હવે એ બાબતનો જવાબ (કુર્આનની રોશનીમાં સાંભળો) કે એમને (મૌલાનાઓને) કેમ કરી ખરાબ ગણીએ ?! તમારો પરવરદિગાર (સૂ. જાષિયહ્, આ. ૨૩માં) ફર્માવે છે :–

اَفَرَءَيْتَ مَنِ اتَّخَذَ اِلٰهَهٗ هَوٰىهُ وَ اَضَلَّهُ اللّٰهُ عَلٰى عِلْمٍ وَّ خَتَمَ عَلٰى سَمْعِهٖ وَ قَلْبِهٖ وَ جَعَلَ عَلٰى بَصَرِهٖ غِشٰوَةً ؕ فَمَنْ يَّهْدِيْهِ مِنْۢ بَعْدِ اللّٰهِ ؕ اَفَلَا تَذَكَّرُوْنَ ﴿۲۳﴾

**અર્થ** : *"તું જો તો ખરો ! જેણે પોતાની મનેચ્છાને પોતાનો ખુદા બનાવી લીધો. અને અલ્લાહે ઈલ્મ હોવા કરવા છતાં તેને ભટકાવ્યો. અને તેના કાન અને દિલ પર મહોર મારી દીધી અને તેની આંખ પર પાટો બાંધી દીધો, તો કોણ તેને માર્ગ પર લાવે ખુદા (ના ભટકાવ્યા) પછી, તો શું તમે ધ્યાન નથી કરતા ?"*

અને (સૂ. જુમ્અહ્, આ. ૫માં) ફર્માવે છે :–

مَثَلُ الَّذِيْنَ حُمِّلُوا التَّوْرٰىةَ ثُمَّ لَمْ يَحْمِلُوْهَا كَمَثَلِ الْحِمَارِ يَحْمِلُ اَسْفَارًا ؕ بِئْسَ مَثَلُ الْقَوْمِ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِ اللّٰهِ ؕ وَ اللّٰهُ لَا يَهْدِى الْقَوْمَ الظّٰلِمِيْنَ ﴿۵﴾

**અર્થ** : *"તે જેમના પર તૌરાતનો ભાર મૂકવામાં આવ્યો પછી તેઓએ તેને ન ઉપાડયો, તેમની હાલત એવા ગધેડા જેવી છે જેના પર કિતાબો લાદવામાં આવી હોય. કેટલું ખરાબ દૃષ્ટાંત છે તેમનું જેમણે ખુદાની આયતોને જૂઠલાવી, અને અલ્લાહ જાલિમોને માર્ગ બતાવતો નથી."*

અને (સૂ. અઅ્રાફ, આ. ૧૭૬, ૧૭૮માં) ફર્માવે છે :–

وَ اتْلُ عَلَيْهِمْ نَبَاَ الَّذِيْۤ اٰتَيْنٰهُ اٰيٰتِنَا فَانْسَلَخَ مِنْهَا فَاَتْبَعَهُ الشَّيْطٰنُ فَكَانَ مِنَ الْغٰوِيْنَ ﴿۱۷۵﴾ وَ لَوْ شِئْنَا لَرَفَعْنٰهُ بِهَا وَ لٰكِنَّهٗۤ اَخْلَدَ اِلَى الْاَرْضِ وَ اتَّبَعَ هَوٰىهُ ۚ فَمَثَلُهٗ كَمَثَلِ الْكَلْبِ ۚ اِنْ تَحْمِلْ عَلَيْهِ يَلْهَثْ اَوْ تَتْرُكْهُ يَلْهَثْ ؕ ذٰلِكَ مَثَلُ الْقَوْمِ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا ۚ فَاقْصُصِ الْقَصَصَ لَعَلَّهُمْ يَتَفَكَّرُوْنَ ﴿۱۷۶﴾ سَآءَ مَثَلَا ۨالْقَوْمُ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا وَ اَنْفُسَهُمْ كَانُوْا يَظْلِمُوْنَ ﴿۱۷۷﴾ مَنْ يَّهْدِ اللّٰهُ فَهُوَ الْمُهْتَدِيْ ۚ وَ مَنْ يُّضْلِلْ فَاُولٰٓئِكَ هُمُ الْخٰسِرُوْنَ ﴿۱۷۸﴾

**અર્થ** : *"એમને તેની ખબર કહી સંભળાવ ! જેને અમે પોતાની આયતોનું ઈલ્મ આપ્યું હતું, તે એનાથી નીકળી ગયો તો શયતાન તેની પાછળ લાગ્યો તો ગુમરાહ થઈ ગયો, અને અમે ઈચ્છતા તો તે ઈલ્મના*

*કારણે તેને પડી જવાથી ઉપાડી લેત, પણ તે તો જમીન પકડી ગયો, અને પોતાની ખ્વાહિશનો તાબેદાર થઈ ગયો, તો તેની હાલત કૂતરા જેવી છે ! તું તેના પર હુમલો કરે તો જીભ કાઢીને હાંફે અને છોડી દે તો હાંફે. આ હાલત તેઓની છે જેમણે અમારી આયતોને જૂઠાડી, અને પોતાના જ જીવ પર સિતમ તોડતા હતા, જેને ખુદા હિદાયત આપે તે જ માર્ગ પામે અને જેને ગુમરાહ કરે તો તે જ ખરેખર નુકસાનમાં છે.*

**અર્થાત** : હિદાયત કાંઈ ઈલ્મ પર (આધારિત) નથી પણ ખુદાના અધિકારમાં છે. આ તો આયતો છે, અને ગુમરાહ આલિમ વિશેની હદીષો તો અસંખ્ય છે, એટલે સુધી કે એક હદીષમાં તો એવું પણ છે કે **દોઝખના ફરિશ્તા મૂર્તિપૂજકોથી પણ પહેલાં એમને પકડશે,** એ કહેશે કે શું અમને મૂર્તિપૂજકોથી પણ પહેલાં લઈ જાવ છો ?! જવાબ મળશે ليس من يعلم كمن لا يعلم કે જ્ઞાની અને અજ્ઞાન એક સરખા નથી.

*(મુઅજમે કબીર, હુલ્યા)*

## ★ ગુમરાહ આલિમ નબીનો વારિસ નથી પણ શયતાનનો વારિસ છે ! ★

ભાઈઓ ! આલિમની ઈજ્જત તો એ પાયા પર હતી કે તે નબીનો વારિસ છે, **નબીનો વારિસ તે જે હિદાયત પર હોય,** અને **જ્યારે ગુમરાહી પર છે તો નબીનો વારિસ થયો કે શયતાનનો ?** હિદાયત પર હોય ત્યારે **એની તા'ઝીમ નબીની તા'ઝીમ** થશે, પણ **ગુમરાહ થયા પછી એની તા'ઝીમ એ શયતાનની તા'ઝીમ** છે, અને આ પણ ત્યારે જ્યારે કે આલિમ કુફ્ર કરતાં નીચેની કોઈ ગુમરાહીમાં હોય, જેવી રીતે બદ્‌મઝહબોના આલિમો. પછી તેનું તો પૂછવું જ શું જે પોતે સખ્ત કુફ્રમાં હોય ! **તેને આલિમે દીન સમજવું જ કુફ્ર છે !** આલિમે દીન જાણીને તેની તા'ઝીમ કરવી તો મોટી વાત છે ! ભાઈઓ ! ઈલ્મ ત્યારે જ ફાયદો કરે છે જ્યારે કે તે દીનની સાથે હોય. નહીં તો પછી પંડિત અને પાદરી શું પોતાના વર્ગમાં આલિમો નથી ? **ઈબ્લીસ**

**કેટલો મહાન આલિમ હતો, તો શું કોઈ મુસલમાન તેની તા'ઝીમ કરશે ?!** તેને તો ફરિશ્તાઓનો ઉસ્તાદ કહે છે, એટલે કે ફરિશ્તાઓને ઈલ્મ શીખવતો હતો. જ્યારથી તેણે મુહમ્મદ ﷺ ની તા'ઝીમથી મોઢું મચકોડયું હઝરત આદમ عليه السلام ની પેશાનીમાં મૂકવામાં આવેલા હુઝૂર ﷺ ના નૂરને સિજદો ન કર્યો (તફસીરે કબીર અને તફસીરે નિશાપૂરી) ત્યારથી **તેના શાગિર્દો (ફરિશ્તાઓ) તેની સાથે કેવો વર્તાવ કરે છે ? હમેશાં તેના પર લા'નત વરસાવે છે, દરેક રમઝાનમાં આખો મહીનો તેને સાંકળોથી બાંધે છે, કયામતના દિવસે ખેંચીને જહન્નમમાં ધકેલશે ! અહીંથી ઈલ્મ અને ઉસ્તાદીનો ઉત્તર સ્પષ્ટ થઈ ગયો.**

ભાઈઓ ! એવા મુસલમાનીના દાવા પર કરોડ કરોડવાર અફસોસ છે જેમાં એક કહ્હાર ખુદા અને મુહમ્મદ ﷺ કરતાં ઉસ્તાદની કદર વધારે હોય ! અથવા અલ્લાહ અને રસૂલથી વધીને ભાઈ, મિત્ર અથવા દુનિયામાં અન્ય કોઈની મહોબ્બત હોય. અય પરવરદિગાર ! અમને સાચુ ઈમાન આપ, વાસ્તો તારા હબીબની સાચી ઈજ્જત અને રહમતનો.

બીજો વર્ગ દીનના હસદખોર અને દુશ્મનોનો છે કે જેઓ પોતે દીનની આવશ્યક બાબતનો ઈન્કાર ધરાવે છે. અને સ્પષ્ટ કુફ્ર કરીને પોતાના પરથી કુફ્રનું નામ ભૂંસવા ઈસ્લામ, ખુદા અને રસૂલ, કુર્આન અને ઈમાન સાથે મશ્કરી કરે છે, અને ઈબ્લીસના કાર્યની જેમ ભટકાવવા અને ફરેબ આપવાની રાહે એવી વાત બનાવે છે કે કોઈ રીતે જરૂરિયાતે દીન (દીનની આવશ્યક બાબતો) માનવાની શરત ઉઠી જાય, ઈસ્લામ માત્ર પોપટની જેમ જીભ વડે કલમો રટવાનું નામ રહી જાય, બસ કલમાનું નામ લેતો રહે પછી ભલે ખુદાને જૂઠો કહેતો હોય અથવા રસૂલને સડેલી સડેલી ગાળો ભાંડતો હોય, ઈસ્લામ કોઈ રીતે જાય નહીં !

بَلْ لَّعَنَهُمُ اللّٰهُ بِكُفْرِهِمْ فَقَلِيْلًا مَّا يُؤْمِنُوْنَ **અર્થાત :** *"બલ્કે તેમના કુફ્રના કારણે ખુદાએ તેમના પર લા'નત કરી તો તેમનામાંથી થોડાક જ ઈમાન લાવનાર છે."* *(સૂ. બકરહ્, આ. ૮૮)*

## ★ શું કલમો પઢનાર કાફિર થઈ શકે ?! ★

આ મુસલમાનોના દુશ્મન અને ઈસ્લામના શત્રુઓ અવામને છેતરવા અને એક કહ્હાર ખુદાનો દીન બદલવા અમુક શયતાની મકર (ચાલબાજીની વાતો) રજૂ કરે છે. પહેલો મકર કે ઈસ્લામ કલમો પઢવાનું નામ છે. હદીષમાં ફર્માવ્યું છે કે, من قال لاالہ الا اللّٰہ دخل الجنۃ **જેણે લાઈલાહ ઈલ્લલ્લાહ કહી દીધું તે જન્નતમાં જશે.** તો પછી કોઈ વાણી કે વર્તણૂકથી કેવી રીતે કાફિર થઈ શકે છે ? મુસલમાનો ! હોશિયાર ! ખબરદાર ! લા'નતી ધોકાબાજીનું તારતમ્ય એ છે કે જીભથી લાઈલાહ ઈલ્લલ્લાહ બોલી જવું જાણે કે ખુદાના બેટા બની જવા જેવું છે ! માનવીનો પુત્ર તેને ગાળો ભાંડે, ખાસડાં મારે, ગમે તે કરે પણ તેથી તેનો પુત્ર મટી જતો નથી ! એવી જ રીતે જેણે લાઈલાહ ઈલ્લલ્લાહ બોલી લીધું, હવે તે ઈચ્છે તો ખુદાને મહા જૂઠો કહે, ઈચ્છે તો રસૂલને સડેલી સડેલી ગાળો આપે, તેનું ઈસ્લામ બદલાઈ શક્તું નથી ! આ ધોકાબાજીનો એક જવાબ તો આયત الٓمّٓ ۚ اَحَسِبَ النَّاسُ (શું લોકો એમ ધારે છે કે માત્ર "અમે ઈમાન લાવ્યા" એટલું બોલી લેવાથી તેમનો છૂટકારો થઈ જશે ? અને તેમનું ઈમ્તિહાન નહીં થાય ?)માં ગુજરી ચૂક્યો. ઈસ્લામ જો માત્ર કલમો પઢી લેવાનું જ નામ હોત તો તે વસ્તુ ત્યાં હતી જ, પછી લોકોની ધારણા શા માટે ખોટી ઠરી જેનો કુર્આને રદિયો આપ્યો ?

અને વધુમાં, તમારો પરવરદિગાર (સૂ. હુજુરાત, આ. ૧૪માં) ફર્માવે છે :–

قَالَتِ الْاَعْرَابُ اٰمَنَّا ؕ قُلْ لَّمْ تُؤْمِنُوْا وَ لٰكِنْ قُوْلُوْۤا اَسْلَمْنَا وَ لَمَّا يَدْخُلِ الْاِيْمَانُ فِيْ قُلُوْبِكُمْ ؕ

***અર્થ*** *: "આ ગમારો કહે છે અમે ઈમાન લાવ્યા, તમે ફર્માવી દો કે ઈમાન તો તમે નથી લાવ્યા.* ***એવું કહો કે અમે ઈસ્લામના તાબેદાર બન્યા, ઈમાન હજુ તમારા હૃદયોમાં ક્યાં પ્રવેશ્યું છે ?!"***

અને (સૂ. મુનાફિકૂન, આ. ૧માં) ફર્માવે છે :–

اِذَا جَآءَكَ الْمُنٰفِقُوْنَ قَالُوْا نَشْهَدُ اِنَّكَ لَرَسُوْلُ اللّٰهِ ۘ وَاللّٰهُ يَعْلَمُ اِنَّكَ لَرَسُوْلُهٗ ؕ وَاللّٰهُ يَشْهَدُ اِنَّ الْمُنٰفِقِيْنَ لَكٰذِبُوْنَ ۚ

**અર્થ** : *''મુનાફિકો જ્યારે આપ સમક્ષ હાજર થાય છે ત્યારે કહે છે કે અમે ગવાહી આપીએ છીએ કે બેશક ! હુઝૂર સાચોસાચ ખુદાના રસૂલ છે, અને અલ્લાહ ખૂબ જાણે છે કે બેશક ! તમે જરૂર તેના રસૂલ છો, અને અલ્લાહ ગવાહી આપે છે કે બેશક ! આ મુનાફિકો ખરેખર જૂઠા છે.''*

જુઓ કેટલી લાંબીલચ કલમગોઈ, કેવી કેવી તાકીદોથી અલંકારિત, કેવી કેવી કસમોથી ભરેલી, તો પણ ઈસ્લામ સાબિત ન કરી શકી ! અને **એક કહ્હાર ખુદાએ ગવાહી આપી કે તેઓ જૂઠા છે,** તો જેણે લાઈલાહ કહ્યું તે જન્નતમાં જશેનો એ મતલબ બનાવી કાઢવો કે કલમાગોને કાફિર ન કહી શકાય એ સ્પષ્ટ રીતે કુર્આન મજીદને રદિયો આપવા જેવું છે, હા ! જે કલમો પઢતો હોય, પોતાને મુસલમાન કહેતો હોય, તેને આપણે મુસલમાન જાણીશું, જ્યાં સુધી કે તેનાથી કોઈ શબ્દ કોઈ કામ ઈસ્લામ વિરૂધ્ધ સાદર ન થાય અને ઈસ્લામ વિરોધી વાત સાદર થયા પછી કલમાગો હોવું કદાપી ફાયદો આપી શકશે નહીં.

## ★ મુનાફિકોની ચાલબાજીથી સાવધાન ! ★

તમારો પરવરદિગાર (સૂ. તૌબા, આ. ૭૪માં) ફર્માવે છે :–

يَحْلِفُوْنَ بِاللّٰهِ مَا قَالُوْا ؕ وَلَقَدْ قَالُوْا كَلِمَةَ الْكُفْرِ وَكَفَرُوْا بَعْدَ اِسْلَامِهِمْ

**અર્થ : “ખુદાના સોગંદ ખાઈ છે કે તેમણે નબીની શાનમાં ગુસ્તાખી નથી કરી,** *અને જરૂર બેશક ! તેઓ એ કુફ્રનો બોલ બોલ્યા, અને મુસલમાન થઈને કાફિર બની ગયા.''*

ઈબ્ને જરીર અને તિબ્રાની અને અબુશ્શયખ અને ઈબ્ને મરદુવિયા, અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ

ﷺ એક ઝાડની નીચે બિરાજમાન હતા અને ફર્માવ્યું, થોડી જ વારમાં એક માણસ આવશે જે તમને શયતાનની આંખોએ દેખશે, તે આવે ત્યારે તેની સાથે વાત કરશો નહીં. થોડી જ વારમાં એક ચુંચમિચીયો માણસ આવ્યો, રસૂલુલ્લાહ ﷺ એ તેને બોલાવીને ફર્માવ્યું, તું અને તારા મિત્રો કઈ વાત પર મારી શાનમાં ગુસ્તાખીના શબ્દો બોલો છો ? તે ગયો અને પોતાના મિત્રોને બોલાવી લાવ્યો, બધાએ આવીને સોગંદો ખાધી કે અમે કોઈ શબ્દ હુઝૂરની શાનમાં બેઅદબીનો નથી કાઢયો, ત્યારે અલ્લાહ તઆલાએ ઉપરની આયત ઉતારી કે, **"ખુદાના સોગંદ ખાય છે કે તે તેમણે ગુસ્તાખી નથી કરી, અને બેશક ! તેઓ કુફ્રનો શબ્દ બોલ્યા, અને આપની શાનમાં બેઅદબી કરીને ઈસ્લામ (લાવ્યા) પછી કાફિર બની ગયા."** જુઓ ! અલ્લાહ ગવાહી આપે છે કે **નબીની શાનમાં બેઅદબીનો શબ્દ (બોલવો) કુફ્ર કલામ છે.** અને એનો બોલનાર લખનાર મુસલમાનીનો દાવેદાર, કરોડ વખત કલમાગો હોય (તો પણ) **કાફિર** થઈ જાય છે.

અને (સૂ. તૌબા, આ. ૬૫–૬૬માં) ફર્માવે છે :–

وَ لَىِٕنْ سَاَلْتَهُمْ لَیَقُوْلُنَّ اِنَّمَا كُنَّا نَخُوْضُ وَ نَلْعَبُؕ قُلْ اَبِاللّٰهِ وَ اٰیٰتِهٖ وَ رَسُوْلِهٖ كُنْتُمْ تَسْتَهْزِءُوْنَ۝۶۵ لَا تَعْتَذِرُوْا قَدْ كَفَرْتُمْ بَعْدَ اِیْمَانِكُمْؕ

**અર્થ** : *"અને જો તમે તેઓને પૂછો તો બેશક ! જરૂર કહેશે કે અમે તો એમ જ ઠઠ્ઠા મશ્કરીમાં (કહેતા) હતા, તમે ફર્માવી દો, શું અલ્લાહ અને તેની આયતો અને તેના રસૂલ સાથે ઠઠ્ઠો કરતા હતા ? બહાનાં બનાવો નહીં, તમે પોતાના ઈમાન (લાવ્યા) પછી કાફિર થઈ ગયા.*

### ★ 'તે ગૈબ શું જાણે ?!' એટલું જ કહેનાર કાફિર ! ★

ઈબ્ને અબી શૈબા અને ઈબ્ને જરીર અને ઈબ્નુલ મુન્ઝિર અને ઈબ્ને અબી હાતિમ અને અબુશ્શૈખ, ઈમામ મુજાહિદ (હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما ખાસ શાગિર્દ)થી રિવાયત છે. ફર્માવે છે :–

انه قال في قوله تعالیٰ وَلَئِن سَأَلْتَهُمْ لَيَقُولُنَّ اِنَّمَا كُنَّا نَخُوضُ وَنَلْعَبُ ط قال دجل من المنافقين يحدثنا محمدان فاقة فلان بوادي كذا وما يدريه بالغيب

એટલે કે એક માણસની ઊંટણી ખોવાઈ ગઈ, તેની શોધ થતી હતી, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ઊંટણી ફલાણા જંગલમાં ફલાણી જગ્યાએ છે, એ બાબતે એક મુનાફિક બોલ્યો, ''મુહમ્મદ ﷺ કહે છે કે ઊંટણી ફલાણી જગ્યાએ છે, **મુહમ્મદ ગૈબ શું જાણે ?!** ત્યારે અલ્લાહ તઆલાએ આ આયત (ઉપર લખાએલી) ઉતારી કે, **“શું અલ્લાહ અને રસૂલ સાથે ઠઠ્ઠો કરો છો ?** બહાના બનાવો નહીં ! તમે મુસલમાન કહેવાયા પછી **એ શબ્દ બોલવાથી કાફિર થઈ ગયા.”** *(જુઓ તફસીરે ઈમામ ઈબ્ને જરીરનું મિસરી પ્રકાશન પ્રકાશન, ભાગ–૧૦, પેજ–૧૦૫ અને ઈમામ જલાલુદ્દીન સિયૂતીની તફસીરે દુર્રે મન્સૂર, ભાગ–૩, પેજ–૨૫૪)*

મુસલમાનો ! જુઓ મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ ની શાનમાં **“તે ગૈબ શું જાણે ?!”** એટલી ગુસ્તાખી કરવાથી ''કલમાગોઈ'' (કલમો પઢવાનું) કામ ન આવી. અને અલ્લાહ તઆલાએ સ્પષ્ટ ફર્માવી દીધું કે બહાનાં બનાવો નહીં, તમે ઈસ્લામ પછી કાફિર થઈ ગયા ! **અહીંથી તે સાહેબો પણ બોધ ગ્રહણ કરે કે જેઓ રસૂલુલ્લાહ ﷺ ના ગૈબી ઈલ્મોનો દરેક રીતે ઈન્કાર કરે છે,** જુઓ ! એ કથન મુનાફિકનું છે. અને એને ઉચ્ચારનારને અલ્લાહ તઆલાએ અલ્લાહ અને કુર્આન તેમજ રસૂલનો ઠઠ્ઠો કરનાર બતાવ્યો, અને સાફ સાફ કાફિર, મુર્તદ ઠેરવ્યો. અને કેમ ન હોય ?! ગૈબની વાતો જાણવી તો શાને નબુવ્વત છે. જેમ કે ઈમામ હુજ્જતુલ ઈસ્લામ મુહમ્મદ ગિઝાલી અને ઈમામ અહમદ કસ્તલાની અને મૌલાના અલી કારી અને અલ્લામા મુહમ્મદ ઝુર્કાની વિગેરે મહાન લોકોએ સ્પષ્ટતા ફર્માવી. જેની વિગત ખુદાના ફઝલથી ઈલ્મે ગૈબ બાબતના રિસાલઓમાં ખૂબ સરસ રીતે બયાન થઈ છે, **વળી તેની સખત કમબખ્તી અને કમાલ દરજ્જાના ભટકેલપણાનું શું પૂછવું જે ગૈબની એક પણ વાત ખુદાના**

**બતાવવાથી પણ નબીને જાણ હોવું અશક્ય અને બિન સંભવ બતાવે છે, તેના મતાનુસાર અલ્લાહથી તમામ વસ્તુઓ છુપી છે, અને અલ્લાહને એટલી કુદરત નથી કે કોઈને ગૈબનું એક ઈલ્મ (પણ) આપી શકે !** અલ્લાહ તઆલા શયતાનના ધોકાઓથી પનાહ આપે. (આમીન)

## ★ મખ્લૂકના ઈલ્મની ઓળખ ★

હા ! અલ્લાહના બતાવ્યા સિવાય કોઈને જરા જેટલું ઈલ્મ માનવું (પણ) કુફ્ર છે. અને અલ્લાહના તમામે તમામ ઈલ્મને મખ્લૂકનું ઈલ્મ ઘેરી વળ્યું છે એવું માનવું પણ બાતિલ અને ઘણા બધા ઉલમા (ના કથન) વિરૂધ્ધ છે, પરંતુ રોઝે અઝલ (પ્રથમ દિવસ)થી રોઝે આખિર (અંતિમ દિવસ) સુધીનું ઈલ્મ **ઈલ્મે મા કાન વમા યકુન** અલ્લાહ તઆલાના ઈલ્મો સાથે એટલો સંબંધ પણ નથી ધરાવતું જે એક રજકણના લાખમા કરોડમા ભાગ જેટલી ભીનાશને કરોડો કરોડ દરિયાઓ સાથે હોય, બલ્કે એ પોતે રસૂલુલ્લાહ ﷺ ના ઈલ્મોનો એક નાનકડો ટુકડો છે, આ તમામ વાતોની વિગત "અદદવલતુલ મક્કિયહ્" વિગેરેમાં છે.

## ★ અહલે કિબ્લહ્ કોણ ?! ★

ખૈર ! આ તો એક વચમાંની વાત હતી અને ઈન્શાઅલ્લાહ ! ઘણી જ ફાયદાકારક હતી, હવે પહેલાંની ચર્ચા પ્રતિ વળો, તે બાતિલ ફિર્કાનો બીજો મકર (ચાલબાજી) એ છે કે (તેઓ કહે છે) ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો મઝહબ (મત) એ છે કે (અર્થ) : અમે અહલે કિબ્લહ્ (કિબ્લહ સામે મોઢુ રાખી નમાઝ પઢનાર)માંથી કોઈને કાફિર કહેતા નથી, અને હદીષમાં છે : જે અમારી નમાઝ પઢે અને અમારા કિબ્લા તરફ મોઢું કરે અને અમારું ઝુબહ કરેલું ખાય તે મુસલમાન છે.

મુસલમાનો ! આ ભયંકર ચાલબાજીમાં એ લોકોએ માત્ર કલમાગોઈથી પાછા વળીને હવે ફક્ત કિબ્લા તરફ મોઢું કરવાનું નામ જ ઈમાન રાખી લીધું

એટલે કે જે કિબ્લા તરફ મોઢું કરી નમાઝ પઢે તે મુસલમાન છે, પછી ભલે તે અલ્લાહને જૂઠો કહે, મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ ને ગાળો ભાંડે, કોઈ રીતે ઈમાન જતું નથી ! પ્રથમ ધોકાબાજીનો જવાબ :–

તમારો પરવરદિગાર (સૂ. બકરહ્, આ. ૧૭૭માં) ફર્માવે છે :–

لَيۡسَ الۡبِرَّ اَنۡ تُوَلُّوۡا وُجُوۡهَكُمۡ قِبَلَ الۡمَشۡرِقِ وَ الۡمَغۡرِبِ وَ لٰكِنَّ الۡبِرَّ مَنۡ اٰمَنَ بِاللّٰهِ وَ الۡيَوۡمِ الۡاٰخِرِ وَ الۡمَلٰٓئِكَةِ وَ الۡكِتٰبِ وَ النَّبِيّٖنَ ۚ

**અર્થ** : *''મૂળ નેકી એ નથી કે તમારું મોઢું પૂર્વ કે પશ્ચિમ તરફ કરો, બલ્કે મૂળ નેકી એ છે કે આદમી અલ્લાહ અને કયામત અને ફરિશ્તાઓ અને કુર્આન અને તમામ નબીઓ ઉપર ઈમાન લાવે.''*

જુઓ ! સ્પષ્ટ ફર્માવી દીધું કે જરૂરિયાતે દીન (દીનની જરૂરી બાબતો) પર ઈમાન લાવવું જ મૂળ કાર્ય છે, એના વગર નમાઝમાં કિબ્લા તરફ મોઢું કરી લેવું કોઈ વસ્તુ નથી.

અને (સૂ. તૌબા, આ. ૫૪માં) ફર્માવે છે :–

وَ مَا مَنَعَهُمۡ اَنۡ تُقۡبَلَ مِنۡهُمۡ نَفَقٰتُهُمۡ اِلَّاۤ اَنَّهُمۡ كَفَرُوۡا بِاللّٰهِ وَ بِرَسُوۡلِهٖ وَ لَا يَاۡتُوۡنَ الصَّلٰوةَ اِلَّا وَ هُمۡ كُسَالٰى وَ لَا يُنۡفِقُوۡنَ اِلَّا وَ هُمۡ كٰرِهُوۡنَ ﴿۵۴﴾

**અર્થ** : *''તે જેઓ ખર્ચ કરે છે તેનું કબૂલ થવું બંધ ન થયું પરંતુ એટલા માટે કે તેમણે અલ્લાહ અને રસૂલ સાથે કુફ્ર કર્યું, અને કનમનતા જીવ સિવાય નમાઝમાં આવતા નથી, અને ખર્ચ (તો) કરે છે પણ બદ્દિલીથી.''*

જુઓ ! તેમનું નમાઝ પઢવાનું વર્ણન કર્યું અને પછી તેમને કાફિર કહ્યા, શું તેઓ કિબ્લા તરફ નમાઝ ન પઢતા હતા ?! ફક્ત કિબ્લો જ કેવો બલ્કે દિલો જાનના કિબ્લા અને દીન ઈમાનના કા'બા બંને જગતના સરદાર ﷺ ની પાછળ કિબ્લાની તરફ નમાઝ પઢતા હતા !''

અને (સૂ. તૌબા, આ. ૧૧, ૧૨માં) ફર્માવે છે :–

فَاِنْ تَابُوْا وَ اَقَامُوا الصَّلٰوةَ وَ اٰتَوُا الزَّكٰوةَ فَاِخْوَانُكُمْ فِي الدِّيْنِ ؕ وَ نُفَصِّلُ الْاٰيٰتِ لِقَوْمٍ يَّعْلَمُوْنَ ﴿۱۱﴾ وَ اِنْ نَّكَثُوْۤا اَيْمَانَهُمْ مِّنْۢ بَعْدِ عَهْدِهِمْ وَ طَعَنُوْا فِيْ دِيْنِكُمْ فَقَاتِلُوْۤا اَئِمَّةَ الْكُفْرِ ۙ اِنَّهُمْ لَاۤ اَيْمَانَ لَهُمْ لَعَلَّهُمْ يَنْتَهُوْنَ ﴿۱۲﴾

**અર્થ :** *''પછી જો તેઓ તૌબા કરે અને નમાઝ કાયમ રાખે અને ઝકાત આપે તો (તેઓ) તમારા દીની ભાઈ છે, અને અમે ઠેકાણાની વાતો સ્પષ્ટ બયાન કરીએ છીએ ઈલ્મવાળાઓ માટે, અને જો કોલ કરાર કર્યા પછી પોતાના સોગંદ તોડી નાખે અને તમારા દીન પર કટાક્ષ કરે તો કુફ્રના આગેવાનો સાથે લડો, તેઓના સોગંદ કાંઈ (ગણનાપાત્ર) નથી, કદાચ તેઓ રોકાય જાય.''*

જુઓ ! **નમાઝ અને ઝકાતવાળાઓ (પણ) જો દીન પર ટોણું મારે તો તેમને (પણ) કુફ્રના આગેવાન, કાફિરોના સરદાર કહ્યા.** શું ખુદા અને રસૂલની શાનમાં તે ગુસ્તાખીઓ (જે ઉપર બયાન થઈ તે) દીન પર ટોણું નથી ?! એનું બયાન પણ સાંભળો :–

## ★ નબીની બારગાહમાં બોલવામાં પણ સાવધાની ! ★

તમારો પરવરદિગાર (સૂ. નિસાઅ્, આ. ૪૬માં) ફર્માવે છે :–

مِنَ الَّذِيْنَ هَادُوْا يُحَرِّفُوْنَ الْكَلِمَ عَنْ مَّوَاضِعِهٖ وَ يَقُوْلُوْنَ سَمِعْنَا وَ عَصَيْنَا وَ اسْمَعْ غَيْرَ مُسْمَعٍ وَّ رَاعِنَا لَيًّۢا بِاَلْسِنَتِهِمْ وَ طَعْنًا فِي الدِّيْنِ ؕ وَ لَوْ اَنَّهُمْ قَالُوْا سَمِعْنَا وَ اَطَعْنَا وَ اسْمَعْ وَ انْظُرْنَا لَكَانَ خَيْرًا لَّهُمْ وَ اَقْوَمَ ۙ وَ لٰكِنْ لَّعَنَهُمُ اللّٰهُ بِكُفْرِهِمْ فَلَا يُؤْمِنُوْنَ اِلَّا قَلِيْلًا ﴿۴۶﴾

**અર્થ :** *''અમુક યહૂદીઓ વાતને તેના સ્થળેથી બદલે છે, અને કહે છે અમે સાંભળ્યું અને (છતાં) ન માન્યું, અને સાંભળો ! તમે સંભળાવતા ન જશો. અને ''રાઈના'' કહે છે ઝબાન વાળીને, અને દીન પણ ટોણું મારવા, અને જો તેઓ (એવું) કહેત કે અમે સાંભળ્યું ને માન્યું, અને સાંભળો ! અમને મોહલત આપો, તો એમના માટે ઘણું સારું અને યોગ્ય થાત, પરંતુ એમના કુફ્રના કારણે અલ્લાહે એમના પર લા'નત કરી છે તો*

*અમુક સિવાય (બીજા) ઈમાન લાવતા નથી."*

કેટલાક યહૂદીઓ જ્યારે દરબારે નબુવ્વતમાં હાજર થતા, અને હુઝૂર ﷺ ને કંઈક કહેવા ઈચ્છતા તો કહેતા "સાંભળો ! આપને સંભળાવવામાં ન આવે" એનાથી જાહેરમાં તો દુઆ (નો ભાસ ઉભો થતો) હતો. એટલે કે હુઝૂર ﷺ ને કોઈ અયોગ્ય વાત સંભળાવે નહીં. અને દિલમાં બદ્ ઈરાદો રાખતા (અને એવો અર્થ ઘટાવતા) કે (આપને) સંભળાય નહીં" અને હુઝૂર ﷺ કંઈક વાતની રજૂઆત કરતા અને તેઓ વાતને સમજવા માટે મેહતલ માંગતા ત્યારે "રાઈના" કહેતા હતા, જેનો એક જાહેર અર્થ એ હતો કે, "અમારી રિઆયત કરો" (અર્થાત : અમને થોડી છૂટ આપો) અને (એનાથી તેઓ) એ શબ્દનો છુપો અર્થ એટલે કે "ઘમંડી" ધારતા હતા અને અમુક લોકો કહે છે કે જીભને થોડી દબાવીને "રઈના" કહેતા હતા, એટલે કે "અમારો......." (મઆઝલ્લાહ !)

જ્યારે દ્રીઅર્થી વાત ટોણું ઠરી, તો પછી સ્પષ્ટ અને ચોખ્ખી (ગુસ્તાખી) કેટલું સખ્ત ટોણું ઠરશે ? અને ન્યાય કરો તો તે (યહૂદીઓની) વાતોની સ્પષ્ટતા પણ બદ્ગોઈમાં આ શબ્દોને નહીં પહોંચે (જે ઉપર દર્શાવવામાં આવ્યા) બહેરા થવાની દુઆ અથવા ઘમંડી અથવા બકરીઓ ચરાવનાર (જેવો શબ્દો) તરફ નિર્દેશ કરવાને આ શબ્દો સાથે શું સંબંધ કે (કોઈ કહે) **"શયતાન કરતાં પણ (હુઝૂર) ઈલ્મમાં ઓછા"** અથવા **"ઈલ્મમાં પાગલો અને ચોપગાં જેવા"** અને ખુદા માટે (એ શબ્દો) કે "તે જૂઠો છે, જૂઠ બોલે છે, અને ખુદાને જૂઠો જાણનારો પણ સુન્ની સાલિહ છે." (અલ અયાઝુ બિલ્લાહ)

બીજી વાત એ છે કે દુષ્ટ વહેમ (અહલે કિબ્લહને કાફિર કહી શકાય નહીં એવો)ને સૈયદના ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો મઝહબ બતાવવો એ **હઝરત ઈમામ પર સખ્ત જૂઠો આક્ષેપ છે,** ઈમામ رضی اللہ عنہ પોતાના પવિત્ર અકાઈદની કિતાબ "ફિકહે અકબર"માં ફર્માવે છે :–

અલ્લાહ તઆલાની સિફત (ગુણો) કદીમ છે (જેની શરૂઆત અને અંતનો કોઈ છેડો ન હોય તે કદીમ કહેવાય છે, હમેશાંથી હમેશાં માટે) ન પૈદા થયેલા છે, ન કોઈના બનાવેલા છે. તો જે એને (સિફતોને) મખ્લૂક અથવા હાદિષ (નાશ પામનાર) કહે અથવા શંકા કરે તે કાફિર છે અને ખુદાનો મુન્કિર છે.

અને ઈમામે હુમામ رضی اللہ عنہ ''કિતાબુલ વસિય્યત''માં ફર્માવે છે :–

**અર્થાત** : *''જે માણસ કલામુલ્લાહને (કુર્આનને) મખ્લૂક કહે તેણે અઝમતવાળા ખુદા સાથે કુફ્ર કર્યું.''*

### ★ કુર્આનને મખ્લૂક કહેનાર કાફિર ! ★

શરહે ફિકહે અકબરમાં છે :–

એટલે કે ઈમામ ફખ્રુલ ઈસ્લામ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે ઈમામ અબૂ યૂસુફથી સચોટ રીતે પુરવાર થયું કે તેઓએ ફર્માવ્યું, મેં ઈમામે આ'ઝમ رضی اللہ عنہ સાથે ખલ્કે કુર્આન (કુર્આન મખ્લૂક છે કે નહીં) બાબત ચર્ચા કરી, તો મારી અને તેમની રાય (મત) એ બાબતે એક થઈ કે **જે કુર્આન મજીદને મખ્લૂક કહે તે કાફિર છે !** અને આ વાત ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہ થી પણ સચોટ રીતે સાબિત થએલી છે, એટલે કે આપણા ત્રણે ઈમામ (رضی اللہ عنہم) એકમત અને એકતા છે કે કુર્આને મજીદને મખ્લૂક કહેનાર કાફિર છે, શું **મુઅ્તઝલા** અને **કિરામયા** તેમજ **રાફઝીઓ** (ફિર્કાઓનાં નામો છે) કે **જેઓ કુર્આનને મખ્લૂક કહે છે તે કિબ્લહ્ તરફ નમાઝ નથી પઢતા ?!** મૂળ મસ્અલાનો પેટા વિભાગ લઈ લો. હનફી મઝહબના ઈમામ સૈયદના અબૂ યૂસુફ رحمۃ اللہ علیہ કિતાબુલ ખિરાજમાં ફર્માવે છે :–

**અર્થાત** : *''જે માણસ મુસલમાન થઈને રસૂલુલ્લાહ ﷺ ને ગાળો ભાંડે અથવા હુઝૂર તરફ જૂઠનો સંબંધ કરે અથવા હુઝૂરને કોઈ રીતે એબ લગાડે અથવા કોઈ કારણસર હુઝૂરની શાનમાં ઘટાડો કરે, તે*

*નિઃશંક ! કાફિર મુન્કિર થઈ ગયો, અને તેની પત્ની તેના નિકાહમાંથી નીકળી ગઈ."*

## ★ હુઝૂરની શાન ઘટાડનાર કાફિર છે ★

જુઓ ! કેટલી ચોખ્ખી સ્પષ્ટતા છે કે હુઝૂર ﷺ ની શાન ઘટાડનાર મુસલમાન કાફિર થઈ જાય છે, તેની પત્ની નિકાહમાંથી નીકળી જાય છે. શું મુસલમાન "અહલે કિબ્લહ્" અને "અહલે કલમહ્" નથી હોતો ? બધું જ હોય છે, પણ મુહમ્મદ ﷺ ની શાનમાં ગુસ્તાખી સાથે ન કિબ્લો કબૂલ ન કલમા મકબૂલ.

ત્રીજી રીતે જોતાં મૂળ વાત એ છે કે ઈમામોની ઈસ્તિલાહ (પરિભાષા)માં "અહલે કિબ્લહ્" તે છે જે દીનની તમામ જરૂરી બાબતો પર ઈમાન ધરાવતો હોય, તેમાંથી એક વાતનો પણ મુન્કિર હોય તો તે સાચેસાચ નિઃશંક ! એકમતે કાફિર મુર્તદ છે, એવો (કાફિર) કે જે તેને કાફિર ન કહે તે પોતે કાફિર છે.", શિફા શરીફ, બઝ્ઝાઝિયહ, દુરર, ગુરર અને ફતાવા ખૈરિય્યહમાં વિગેરે કિતાબોમાં છે :–

**અર્થાત** : "તમામ મુસ્લિમોની એકમતી છે કે, "જે હુઝૂર ﷺ ની શાને પાકમાં ગુસ્તાખી કરે તે કાફિર છે, અને **જે તેને અઝાબ મળવામાં અથવા તેના કાફિર હોવામાં શંકા કરે તે પણ કાફિર છે.''** મજમઉલ અન્હર અને દુર્રે મુખ્તારમાં છે :–

**અર્થાત** : *"જે કોઈ નબીની શાનમાં ગુસ્તાખીના કારણે કાફિર થયો તેની તૌબા કોઈ રીતે કબૂલ નથી, અને જે તેના અઝાબ અથવા કુફ્રમાં શંકા કરે તે પોતે (પણ) કાફિર છે."*

અલ્હમ્દુલિલ્લાહ ! મૂળ મસ્અલાના આ તે કિંમતી ભાગ છે જેમાં તે બદ્ગોઈ કરનારાઓના કુફ્ર પર તમામ ઉમ્મતની એકમતી (હોવાની) સ્પષ્ટતા છે, અને એ (બાબતની) પણ કે **જે તેમને કાફિર ન જાણે (તે) પોતે કાફિર છે.** "શરહે ફિકએ અકબર"માં છે :–

**અર્થાત** : "મવાકિફ"માં છે કે જ્યાં જરૂરિયાતે દીન અથવા જેના

પર એકમતી સધાઈ છે, એવી બાબતોમાંથી કોઈનો ઈન્કાર ન કરે ત્યાં સુધી "અહલે કિબ્લા"ને કાફિર કહેવામાં આવશે નહીં, જેમ કે હલાલને હરામ જાણવું, અને (એ વાત) છુપી નથી. આપણા ઉલમા જે ફર્માવે છે કે કોઈ ગુનાહના કારણે "અહલે કિબ્લહ્"ને કાફિર ઠેરવવું જાઈઝ નથી. તો એનાથી માત્ર કિબ્લહ્ તરફ મોઢુ કરી લેવું મુરાદ નથી, કારણ કે અતિશયોક્તિ કરનાર "રાફઝીઓ" જે બકે છે કે "જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم વહી (લાવવામાં) ભૂલા પડયા, અલ્લાહ તઆલાએ તેમને મૌલા અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم તરફ મોકલ્યા હતા ! અને "અમુક તો મૌલા અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને ખુદા કહે છે, આ લોકો ભલે કિબ્લહ્ તરફ નમાઝ પઢે (પણ) મુસલમાન નથી" અને તે હદીષ શરીફની મુરાદ પણ એ જ છે જેમાં ફર્માવ્યું છે કે, "જે અમારા જેવી નમાઝ પઢે." અને "અમારા કિબ્લહ તરફ નમાઝ પઢે" અને "અમારું ઝુબહ કરેલું" ખાય તે "મુસલમાન" છે, એટલે કે, "જ્યારે તમામ જરૂરિયાતે દીન પર ઈમાન ધરાવતો હોય અને કોઈ વાત ઈમાન વિરોધ ન કરે." તે જ કિતાબમાં છે :–

## ★ સાચા અહલે કિબ્લહ્ કોણ ?! ★

**અર્થાત** : જાણી લો કે "અહલે કિબ્લહ્" તે લોકો કહેવાય છે જે તમામ જરૂરિયાતે દીનમાં સંમત હોય, જેમ કે દુનિયાનું હાદિષ (નાશ પામનાર) હોવું, શરીરોનું (કબ્રો)માંથી ઉઠવું, તમામ મૂળ અને પેટા બાબતોને અલ્લાહના ઈલ્મે ઘેરી લીધેલી માનવી, અને જે મુખ્ય મસાઈલ આ જેવા છે, (વિગેરેનું માનવું) અને નહીં તો પછી તમામ ઉંમર ઈતાઅત અને ઈબાદતમાં રહે અને સાથે જ એવી માન્યતા ધરાવે કે દુનિયા કદીમ (હમેશાંથી હમેશાં માટે) છે અથવા હશ્ર થવાનો નથી અથવા અલ્લાહ તઆલા પેટા બાબતોને જાણતો નથી તો એવા માણસ "અહલે કિબ્લહ્"માંથી નથી. અને અહલે સુન્નત પાસે "અહલે કિબ્લહ્"માં કોઈને કાફિર ન કહેવામાં મુરાદ એ છે કે જ્યાં સુધી તેનામાં કુફ્રની કોઈ નિશાની ન મળે અને કુફ્રના કારણરૂપ કોઈ બાબત તેનાથી પ્રગટ થાય

નહીં ત્યાં સુધી તેને કાફિર કહીશું નહીં.

મહાન ઈમામ સય્યિદી અબ્દુલ અઝીઝ બિન અહમદ બિન મુહમ્મદ બુખારી હનફી رحمۃ اللہ علیہ "તહકીકે શર્હે ઉસૂલે હુસામી"માં ફર્માવે છે કે :–

**અર્થાત** : *"બદ્‌મઝહબ જો પોતાની બદ્‌મઝહબીમાં ખૂબ આગળ વધી ગયેલો હોય, જેના કારણે તેને કાફિર કહેવો વાજિબ હોય, તો પછી ઉમ્મતની એકમતીમાં તેની સંમતિ અથવા વિરોધની કશી ગણત્રી નહીં થાય, કારણ કે ખતાથી મઅસૂમ હોવાની ગવાહી તો ઉમ્મત માટે છે, અને તે તો ઉમ્મતમાં જ નથી. ભલે પછી કિબ્લહ્ તરફ નમાઝ પઢતો હોય, અને પોતાને મુસલમાન સમજતો હોય. કારણ કે* **ઉમ્મત કિબ્લહ તરફ નમાઝ પઢનારાઓનું નામ નથી મુસલમાનોનું નામ છે.** *અને આ માણસ કાફિર છે ભલે પોતાની જાતને કાફિર ન જાણતો હોય."*

રદુલ મુહતારમાં છે :–

**અર્થાત** : "ઈસ્લામી જરૂરિયાતમાંથી કોઈના વિરૂધ્ધ કરનાર એકમતે કાફિર છે, ભલે પછી "અહલે કિબ્લહ"માંનો હોય અને આખું જીવન ઈબાદતમાં વિતાવે, જેવું કે ઈમામ ઈબ્નુલ હામની કિતાબ "શર્હેતહરીર"માં ફર્માવ્યું છે. અકાઈદ, ફિકહ અને ઉસૂલની કિતાબો આવી ચોખવટોથી માલમાલ છે.

ચોથી રીતે જોતાં મસ્અલો સ્પષ્ટ છે, શું **જે માણસ પાંચ વખત કિબ્લહ્ તરફ નમાઝ પઢતો હોય અને એક વખત મહાદેવને (પણ) સિજદો કરી લેતો હોય તે કોઈપણ બુધ્ધિમાન પાસે મુસલમાન કહેવાય શકે છે ?** અને અલ્લાહને જૂઠો કહેવું અથવા મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ ની શાને અકદસમાં ગુસ્તાખી કરવી એ તો મહાદેવને સિજદો કરવાથી પણ વધારે બદ્‌તર છે, જો કે કુફ્ર હોવામાં બંને સરખા છે. અને અમુક કુફ્ર કરતાં બીજું અમુક કુફ્ર વધારે ખબીષ હોય છે. કારણ કે મૂર્તિને સિજદો કરવો એ ખુદાને જૂઠો જાણવાની નિશાની છે.

અને જૂઠની નિશાની મૂળ જૂઠની બરાબર નથી, અને સિજદામાં એવી અકલી શક્યતા પણ નીકળી શકે છે કે માત્ર અદબ અને કુરનિશ ખાતર હોય ઈબાદત માટે ન હોય, અને "સ્વયં અદબ કુફ્ર નથી," "માટે જ કોઈ આલિમ કે આરિફને સિજદો કરશે તો ગુનેહગાર થશે કાફિર નહીં થાય, **મૂર્તિ વિ. ની બાબતમાં તો શરીઅતે સામાન્યતઃ કુફ્રનો હુકમ કાફિરોનો ખાસ તરીકો હોવાથી રાખ્યો છે,** હુઝૂર ﷺ ની બદ્‌ગોઈ સ્વંય કુફ્ર છે, જેમાં ઈસ્લામની કોઈ શક્યતા જ નથી, અને અહીં હું એ તફાવતને આધાર બનાવતો નથી કે, **"મૂર્તિને સિજદો કરનારની તૌબા ઉમ્મતની એકમતીએ મકબૂલ છે પણ સય્યિદે આલમ ﷺ ની શાનમાં ગુસ્તાખી કરનારની તૌબા હજારો દીનના ઈમામોના મતે બિલકુલ કબૂલ નથી."** અને આપણા હનફી ઈમામોમાંથી ઈમામ બઝાઝી અને ઈમામ મુહક્કિક અલલ ઈતલાક ઈબ્નુલ હુમામ અને અલ્લામા મૌલાના ખુસરૂ સાહેબ, દુરર અને ગુરરવાળા "બહરુર્રાઈક" તથા "ઈશબાહ" અને "અન્નઝાઈર"ના કર્તા અલ્લામા ઝેન બિન નજીમ તેમજ "નેહરુલ ફાઈક"ના કર્તા અલ્લામા ઉમર બિન નજીમ અને "તન્વીરુલ અબ્સાર"ના લેખક અલ્લામા અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન અબ્દુલ્લાહ ગઝી અને "ફતાવા ખૈરિય્યહ્"ના મુસન્નિફ અલ્લામા ખૈરુદ્દીન રમલી અને "મજમઉલ અન્હર"ના કર્તા અલ્લામા શૈખીઝાદા અને "દુર્રે મુખ્તાર"ના મુસન્નિફ અલ્લામા મુદક્કિક મુહમ્મદ બિન અલી હસ્કફી વિગેરે મહાન સ્તંભસમા ઉલમાએ બયાન કર્યું, આ મસ્અલાની પૂરેપૂરી છણાવટ "ફતાવા રઝવિય્યહ્"માં છે :–

કારણ કે તૌબાનો અસ્વીકાર કરવો ઈસ્લામી હાકિમની સત્તા છે કે તે તૌબા પછી પણ મૌતની સજા કરે. અગર નહીં તો તૌબા જો સાચા દિલથી હોય તો અલ્લાહના દરબારમાં મકબૂલ છે, (આ બયાનનો હેતુ એ છે કે) ક્યાંક આ બદ્‌ગોઈ કરનારાઓ આ મસ્અલાને આધાર ન બનાવી લે કે અંતે તે તૌબા કબૂલ નથી પછી કેમ તૌબા કરીએ ?

નહીં ! નહીં ! તૌબાથી કુફ્ર મટી જશે, મુસલમાન થઈ જશે, હમેશાંની જહન્નમની છૂટકારો પામશો, આટલી વાત પર ઈજમાઅ (ઉમ્મતની એકમતી) છે જેમ કે "દુર્રે મુખ્તાર" વિગેરેમાં બયાન થયું.

## ★ છેતરામણી ચાલબાજીનો પર્દાફાશ ! ★

એ બેદીન ફિર્કાની ત્રીજી ચાલ બાજી એ છે કે (તેઓ કહે છે) ફિકહમાં લખ્યું છે : જેમાં ૯૯ વાતો કુફ્રની હોય અને એક વાત ઈસ્લામની હોય તો તેને કાફિર કહેવો જોઈએ નહીં. પ્રથમ **આ નાપાક ચાલબાજી બધી ચાલબાજીઓથી વધુ ખરાબ અને અશક્ત છે.** જેનું તારતમ્ય એ છે જે માણસ દિવસમાં એકવાર અઝાન પઢે અથવા શંખ ફુંકે, ઘંટ વગાડે તે મુસલમાન છે. કારણ કે તેમાં ૯૯ વાતો કુફ્રની છે જ્યારે એક ઈસ્લામની પણ છે એટલું જ પુરતું છે, જો કે મો'મિન તો મો'મિન કોઈ બુધ્ધિમાન પણ તેને મુસલમાન કહી શક્તો નથી.

બીજી રીતે જોતાં એની રૂએ ખુદાના અસ્તિત્વના મુન્કિર હોય એવા નાસ્તિક સિવાય તમામ કાફિર, મુશ્રિક, અગ્નિપૂજક, યહૂદી, ખ્રિસ્તી, હિંદુ વગેરે આખા જગતના કાફિરો બધા જ મુસલમાન ઠરે છે ! કારણ કે બીજી બધી વાતોના મુન્કિર ભલે રહ્યા પણ ખુદાના અસ્તિત્વને તો માને જ છે. એક એ જ વાત બધાથી વધીને ઈસ્લામની વાત છે, બલ્કે તમામ ઈસ્લામી વાતોનું ખાસ મૂળ છે. ખાસ કરીને ફિલોસોફર કાફિર અને આર્યો વિગેરે તો એમના પોતાના ખ્યાલ મુજબ તવહીદ (ખુદાનું એક હોવું)ના પણ કાઈલ (માનનાર) છે. અને યહૂદી તેમજ ખ્રિસ્તીઓ તો મહાન તથા ભારે મુસલમાન ઠરશે ! કારણ કે તવહીદની સાથે સાથે અલ્લાહ તઆલાના ઘણા કલામો અને હજારો નબીઓ અને કયામત અને હશ્ર અને હિસાબ અને સવાબ અને અઝાબ અને જન્નત અને દોઝખ વિગેરે ઘણી બધી ઈસ્લામી વાતોને માનનાર છે.

ત્રીજી રીત જોઈએ તો એના રદિયા માટે કુર્આને અઝીમની તે આયતો જે ઉપર બયાન થઈ તે પૂરતી છે. જેમાં કલમોગોઈ અને નમાઝ

પઢનાર હોવા છતાં માત્ર એક એક વાતના કારણે કાફિર હોવાનો હુકમ સંભળાવવામાં આવ્યો, ક્યાંક ફર્માવ્યું : كَفَرُوْا بَعْدَ اِسْلَامِهِمْ (અને ઈસ્લામમાં આવીને કાફિર થઈ ગયા. –સૂરએ તૌબા, ૯/૭૪) તેઓ મુસલમાન થઈને તે શબ્દના કારણે કાફિર થઈ ગયા, ક્યાંક ફર્માવ્યું : لَا تَعْتَذِرُوْا قَدْ كَفَرْتُمْ بَعْدَ اِيْمَانِكُمْ (તમે કાફિર થઈ ચૂક્યા મુસલમાન થઈને. –સૂરએ તૌબા, ૯/૬૬) બહાનાં બનાવો નહીં ! તમે ઈસ્લામ પછી કાફિર થઈ ચૂક્યા. જો કે એ નાપાક ચાલબાજીની રૂએ તો જ્યાં સુધી ૯૯થી વધીને કુફ્રની વાતો એકઠી ન થઈ જાય ત્યાં સુધી માત્ર એક શબ્દના કારણે કાફિર કહેવાનો હુકમ લાગુ ન થઈ શકે, હા ! કદાચ એનો એવો જવાબ તંગ કરી દીધો, કલમો પઢનારાઓને અહલે કિબ્લહ્‌ને ધક્કા મારી મારીને માત્ર એક એક શબ્દના કારણે ઈસ્લામની બહાર ધકેલી દીધા અને પછી જબરદસ્તી એ કે કારણ દર્શાવવાની પરવાનગી પણ ન આપી. અને કારણ સાભળ્યું પણ નહીં, અફસોસ છે કે ખુદાએ નેચરના પીર અને લેકચરબાજ નદવી અથવા એમના વિચારોને મળતા કોઈ વિશાળ દષ્ટિવાળા રિફાર્મર સાથે સલાહ મશ્વેરો પણ ન કર્યો ! ચોથી રીતે જોતાં એ ચાલબાજીનો જવાબ :–

તમારો પરવરદિગાર (સૂ. બકરહ્‌, આ. ૮૫, ૮૬માં) ફર્માવે છે :

اَفَتُؤْمِنُوْنَ بِبَعْضِ الْكِتٰبِ وَ تَكْفُرُوْنَ بِبَعْضٍ ۚ فَمَا جَزَآءُ مَنْ يَّفْعَلُ ذٰلِكَ مِنْكُمْ اِلَّا خِزْيٌ فِي الْحَيٰوةِ الدُّنْيَا ۚ وَ يَوْمَ الْقِيٰمَةِ يُرَدُّوْنَ اِلٰٓى اَشَدِّ الْعَذَابِ ؕ وَ مَا اللّٰهُ بِغَافِلٍ عَمَّا تَعْمَلُوْنَ ﴿۸۵﴾ اُولٰٓئِكَ الَّذِيْنَ اشْتَرَوُا الْحَيٰوةَ الدُّنْيَا بِالْاٰخِرَةِ ۫ فَلَا يُخَفَّفُ عَنْهُمُ الْعَذَابُ وَلَا هُمْ يُنْصَرُوْنَ ﴿۸۶﴾

**અર્થ** : *"શું અલ્લાહના કલામનો અમુક ભાગ માનો છો અને અમુક ભાગના મુન્કિર છો ? તો જે કોઈ તમારામાંથી એવું કરે તેનો "બદલો દુનિયાની જિંદગીમાં અપમાન સિવાય (બીજું કશું) નથી", અને "કયામતના દિવસે સહુથી સખત અઝાબ તરફ પલ્ટાવવામાં આવશે", અને અલ્લાહ તમારા કરતૂતોથી અજ્ઞાન નથી, આ લોકો જ છે જેમણે*

*આખિરત વેચીને દુનિયા ખરીદી તો તેમના પરથી ન કદી અઝાબ હળવો થાય અને ન તેમની મદદ કરવામાં આવે."*

દા.ત. અલ્લાહના કલામમાં એક હજાર વાતો છે તો એમાંથી દરેક વાતને માનવી એક ઈસ્લામી અકીદો છે. હવે કોઈ ૯૯માને અને એક ન માને તો કુર્આને અઝીમ ફર્માવી રહ્યું છે કે **૯૯૯ વાતો માનવાથી મુસલમાન નહીં બલ્કે માત્ર તે એકને નહીં માનવાને કારણે કાફિર ઠરશે.** દુનિયામાં તેનું અપમાન થશે અને **આખિરતમાં તેને ઘણો જ સખ્ત અઝાબ થશે,** જે અબ્દુલ આબાદ કદી બંધ રહેવાનું દૂર રહ્યું **એક પળવાર માટે હળવો પણ કરવામાં નહીં આવે,** નહીં કે ૯૯નો ઈન્કાર કરે અને એકને માને તો મુસલમાન ઠરશે ! આ માત્ર મુસલમાનોનો અકીદો જ નથી, બલ્કે કુર્આન મજીદની સાક્ષીએ સ્પષ્ટ કુફ્ર છે.

પાંચમી રીતે જોતાં મૂળ વાત એ છે કે ફુકહાએ કિરામ પર એ લોકો એ જીવતો જાગતો આક્ષેપ કર્યો, તેઓએ કદાપી ક્યાંયે એવું ફર્માવ્યું નથી, બલ્કે એ લોકોએ યહૂદીઓની ખસલત મુજબ (કુર્આનમાં યહૂદીઓની આદત વર્ણવવામાં આવી છે કે يُحَرِّفُوْنَ الْكَلِمَ عَنْ مَّوَاضِعِهٖ۔ શબ્દોને એના ઠેકાણેથી બદલે છે) ફેરબદલ કરીને કંઈકનું કંઈક બનાવી લીધું. **ફુકહાએ એવું નથી કહ્યું કે જે માણસમાં ૯૯ વાતો કુફ્રની હોય અને એક ઈસ્લામની હોય તે મુસલમાન છે, કદાપી નહીં, બલ્કે તમામ ઉમ્મતની એકમતી છે કે જેમાં ૯૯ હજાર વાતો ઈસ્લામની હોય અને એક કુફ્રની હોય તે બેશક ! સાચેસાચ કાફિર છે. ગુલાબના ૯૯ ટીપાંઓમાં એક ટીપુ પેશાબનું પડી જાય તો બધું જ પેશાબ (નાપાક) બની જશે,** પણ આ જાહિલ કહે છે કે પેશાબના ૯૯ ટીપાંઓમાં એક ટીપુ ગુલાબનું નાખો તો બધું પાક સાફ થઈ જશે ! કદાપી બનવા જોગ નથી કે ફુકહા તો ફુકહા કોઈ થોડી સમજવાળો પણ આવી વાતો ઉચ્ચારે ! બલ્કે ફુકહાએ કિરામે જે ફર્માવ્યું છે તે એ છે કે **કોઈ મુસલમાનથી એવો**

**શબ્દ સાદિર થાય (બોલે) જેના ૧૦૦ પાંખિયાંઓ નીકળતાં હોય, અને તેમાંથી ૯૯ પાંખિયાં કુફ્ર તરફ જતાં હોય અને એક ઈસ્લામ તરફ જતું હોય તો જ્યાં સુધી સાબિત ન થઈ જાય કે તેણે ખાસ એક કુફ્રનું જ પાંખિયું મુરાદ લીધું છે (ધાર્યુ છે) ત્યાં સુધી અમે તેને કાફિર કહીશું નહીં. કારણ કે અંતે એક પાંખિયું ઈસ્લામનુ પણ છે, શું ખબર કદાચ તેણે એ જ પાંખિયું ધાર્યુ હોય.** અને સાથે જ ફર્માવે છે, કે **જો ખરેખર તેની મુરાદ ધારણા કોઈ કુફ્રનું જ પાંખિયું છે, તો અમારી તાવીલ (અર્થઘટન)થી તેને ફાયદો નહીં થાય, તે ખુદાના દરબારમાં કાફિર જ ગણાશે.**

એનું દષ્ટાંત આ મુજબ છે કે દા.ત. ઝેદ કહે, ''ખરેખર બેશક ! અમ્રને ગૈબનું ઈલ્મ છે.'' આ વાક્યમાં આટલાં પાંખિયાં છે :–

(૧) અમ્ર પોતાની જાતે જ ગૈબ જાણનાર છે. આ સ્પષ્ટ કુફ્ર અને **શિર્ક** છે.

قُلْ لَّا يَعْلَمُ مَنْ فِي السَّمٰوٰتِ وَ الْاَرْضِ الْغَيْبَ اِلَّا اللّٰهُ ؕ

***અર્થાત*** : *''કહી આપો આસ્માનો અને જમીનવાળાઓમાં અલ્લાહ સિવાય કોઈ ગૈબ જાણતું નથી''* *(સૂ. નમલ, આ. ૬૫)*

(૨) અમ્ર પોતે તો ગૈબનું ઈલ્મ ધરાવતો નથી પરંતુ જિન્નાત ઈલ્મે ગૈબ ધરાવે છે. તેમના બતાવવાથી તેને ગૈબનું ચોક્કસ ઈલ્મ મળી જાય છે. આ પણ કુફ્ર છે.

تَبَيَّنَتِ الْجِنُّ اَنْ لَّوْ كَانُوْا يَعْلَمُوْنَ الْغَيْبَ مَا لَبِثُوْا فِي الْعَذَابِ الْمُهِيْنِ ؕ﴿۱۴﴾

***અર્થાત*** : *''જિન્નતોને રોશન થઈ ગયું કે જો તેઓ ગૈબ જાણતા હોત તો ઝિલ્લતના અઝાબમાં રહેત નહીં.''* *(સૂ. સબા, આ. ૧૪)*

(૩) અમ્ર નજુમી (જ્યોતિષી) છે (૪) રમ્માલ છે (૫) સામુન્દ્રક જાણે છે (રમ્મલ અને સામુન્દ્રક એક પ્રકારની વિદ્યા છે જેનાથી ભવિષ્ય ભખાઈ છે) (૬) કાગડા વિગેરેના અવાજ (૭) શરીર પર જીવ જંતુઓ

પડવાથી (૮) કોઈ પક્ષી અથવા જંગલી જાનવર જમણી ડાબી બાજુ નીકળવાથી (૯) આંખ અથવા બીજો કોઈ અવયવ ફડકવાથી શુકન કાઢે છે (૧૦) પાસા નાખે છે (૧૧) ફાલ જુએ છે (૧૨) હાઝરાતમાં કોઈના પર અમલ કરી તેને બધી હાલત પૂછે છે (૧૩) મેસ્મેરિઝમ જાણ છે (૧૪) જાદૂઈ ટેબલ (૧૫) આત્માઓની તખ્તીને હાલત પૂછે છે (૧૬) કિયાફો (સાયકોલોજી) જાણે છે (૧૭) ઈલ્મે ઝાઈચા (કુંડળી)નો માહિતગાર છે. આ બધા સાધનો વડે તેને ગૈબનું ચોક્કસ ઈલ્મ પ્રાપ્ત થાય છે, **આ બધું પણ કુફ્ર** છે (જ્યારે કે એ સાધનો વડે ગૈબનું કતઈ **(ચોક્કસ) ઈલ્મ** મળવાનો દાવો કરવામાં આવે) રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે : **અર્થ** : *"જે માણસ જ્યોતિષી પાસે જાય અને જે તે કહે તેને સાચું માને તો તેણે જે વસ્તુ મુહમ્મદ ﷺ પર ઉતારવામાં આવી તેની સાથે કુફ્ર કર્યું."*

(૧૮) અમ્ર (કાલ્પનિક નામ) પર રિસાલતની વહી ઉતરે છે તેના કારણે કે ગૈબનું ચોક્કસ ઈલ્મ મેળવે છે, જેવી રીતે કે રસૂલોને મળતું હતું, આ ઘણું જ સખ્ત કુફ્ર છે.

وَلٰكِنْ رَّسُوْلَ اللّٰهِ وَ خَاتَمَ النَّبِيّٖنَ ؕ وَكَانَ اللّٰهُ بِكُلِّ شَیْءٍ عَلِيْمًا

**અર્થ** : *"હુઝૂર અલ્લાહના રસૂલ અને અંતિમ નબી છે. અને અલ્લાહ દરેક વસ્તુને જાણનાર છે." (સૂરએ અહઝાબ, ૩૩/૪૦)*

(૧૯) વહી તો આવતી નથી પણ ઈલ્હામથી તમામ ગૈબ તેને રોશન થઈ ગયાં છે. તેનું ઈલ્મ અલ્લાહના તમામ ઈલ્મને ઘેરી વળ્યું છે. આ એ રીતે **કુફ્ર** છે કે તેણે અમ્રને ઈલ્મમાં હુઝૂર ﷺ કરતાં પણ વધારી દીધો, કારણ કે **હુઝૂરનું ઈલ્મ પણ અલ્લાહના તમામ ઈલ્મને ઘેરી શક્તું નથી.**

**અર્થ : "જે કોઈ કહે કે ફલાણો હુઝૂર ﷺ કરતાં વધારે ઈલ્મ ધરાવે છે તો તેણે હુઝૂરને એબ લગાડી અને તેનો હુકમ હુઝૂરને ગાળ ભાંડનાર જેવો છે."** *(નસીમુર્રિયાઝ)*

(૨૦) અલ્લાહના તમામ ઈલ્મને ઘેરનાર તો નહીં પણ ગૈબનાં જે ઈલ્મ તેને ઈલ્હામથી મળ્યાં તેમાં જાહેર તેમજ બાતિનમાં (આંત્રિક) કોઈ રીતે કોઈ રસૂલ, કોઈ માણસ કોઈ ફરિશ્તાનું માધ્યમ નથી, અલ્લાહ તઆલાએ રસૂલના માધ્યમ વગર સીધે સીધી રીતે તેને ગૈબનો જાણકાર કર્યો; એ પણ કુફ્ર છે.

وَ مَا كَانَ اللّٰهُ لِيُطْلِعَكُمْ عَلَى الْغَيْبِ وَ لٰكِنَّ اللّٰهَ يَجْتَبِيْ مِنْ رُّسُلِهٖ مَنْ يَّشَآءُ فَاٰمِنُوْا بِاللّٰهِ وَ رُسُلِهٖ

**અર્થ** : *''અલ્લાહ એવો નથી કે તમારામાં ગમે તેને ગૈબનું ઈલ્મ આપી દે, પણ (ગૈબનું ઈલ્મ આપવા માટે) રસૂલોમાંથી જેને ચાહે તેને ચૂંટી લે છે.'' (સૂરએ આલે ઈરાન, ૩/૧૭૯)*

અને ફર્માવે છે :–

عٰلِمُ الْغَيْبِ فَلَا يُظْهِرُ عَلٰى غَيْبِهٖۤ اَحَدًا ۙ اِلَّا مَنِ ارْتَضٰى مِنْ رَّسُوْلٍ

''ગૈબનો જાણનાર તો પોતાના ગૈબ પર કોઈને મુસલ્લત (માહિતગાર) નથી કરતો સિવાય તેના પસંદીદા રસૂલોનાં. *(સૂરએ જિન, ૭૨/૨૬, ૨૭)*

(૨૧) અમ્રને રસૂલુલ્લાહ ﷺ ના વાસ્તાથી સાંભળવાની રાહે દેખીને અથવા ઈલ્હામથી અમુક ગૈબોનું ચોક્કસ ઈલ્મ અલ્લાહ عزوجل આપે છે અથવા આપ્યું, **આ શક્યતા ખરેખરી ઈસ્લામી છે**, માટે મુહક્કિક ફુકહા તે બોલનારને કાફિર નહીં કહે, જો કે તેની વાતના ૨૧ પાંખિયાઓમાંથી ૨૦ કુફ્રનાં છે, પણ એક ઈસ્લામનું પણ છે, સાવચેતી અને સારો ખ્યાલ રાખીને તેની વાત આ પાંખિયા પર જ આધારિત કરીશું, જ્યાં સુધી કે સાબિત ન થાય કે તેણે કોઈ કુફ્રનું પાંખિયું જ ધાર્યું છે, (એવા સમયે તે કાફિર જ કહેવાશે) નહીં કે એક નાપાક વાત ખુદાને જૂઠો ઠેરવવા બાબતે અથવા સૈયદુલ અંબિયા અલયહિ વ અલયહિમુસ્સલાતુ વષ્ષનાની શાનમાં ગુસ્તાખી બાબતે સ્પષ્ટ અને ચોખ્ખી અને અર્થઘટનને અપાત્ર હોય અને છતાં પણ (તેના પર) કુફ્રનો હુકમ કરવામાં ન આવે, તો હવે તો તે કુફ્રને કુફ્ર ન કહેવું કુફ્રને ઈસ્લામ માનવા જેવું થશે, અને જે

કુફ્રને ઈસ્લામ માને તે પોતે કાફિર છે. હમણાં જ શિફા, બઝ્ઝાઝિયહ્ દુરર ગુરર, નિહર, ફતાવા ખૈરિય્યહ્, મજમઉલ અન્હર અને દુર્રે મુખ્તાર વિગેરે વિશ્વાસપાત્ર કિતાબો હવાલાઓથી સાંભળી ચૂક્યા છે કે જે માણસ હુઝૂર ﷺ ની શાનમાં ગુસ્તાખી કરે તે કાફિર છે, અને જે તેના કુફ્રમાં શંકા કરે તે પણ કાફિર છે, **પરંતુ યહૂદી સ્વભાવના લોકો ફુકહાએ કિરામ પર નાપાક આક્ષેપ કરે છે અને તેમના કલામમાં ફેર બદલ કરે છે.**

وَسَيَعْلَمُ الَّذِيْنَ ظَلَمُوْٓا اَيَّ مُنْقَلَبٍ يَّنْقَلِبُوْنَ

**અર્થ** : *"અને વાતને અસ્થાને મૂકનાર લોકો નજીકના ભવિષ્યમાં જ જાણી લેશે કે તેમને ક્યાં પલ્ટાવવામાં આવે છે."* (સૂરએ અશ્ શુઅરા, ૨૬/૨૨૭)

શરહે ફિકએ અકબરમાં છે :–

**અર્થ** : *"કુફ્ર સાથે સંબંધિત વાક્યના જ્યારે ૯૯ ઈહતિમાલ (અર્થ : સંબંધે શક્યતાઓ) કુફ્રના હોય અને એક એના વિરૂધ્ધ (ઈસ્લામ)નો હોય, તો મુફતી અને કાઝીએ એક વિરૂધ્ધ (ઈસ્લામી) શક્યતા પર અમલ કરવો જોઈએ."* (કાફિરનો હુકમ લાગુ કરવો જોઈએ નહીં.)

ફતાવા ખુલાસા અને જામિઉલ ફુસૂલૈન અને મુહીત અને ફતાવા આલમગીરિય્યહ્ વિગેરે કિતાબોમાં છે :–

**અર્થ** : જ્યારે કોઈ વાતમાં અનેક શક્યતાઓ કુફ્રની હોય, અને એક શક્યતા એવી જ હોય જે કુફ્ર વિરૂધ્ધની હોય તો મુફતી અને કાઝીએ એ શક્યતા તરફ લક્ષ કરી અને મુસલમાન માટે સારો વિચાર રાખી કુફ્રનો ફત્વો આપવો જોઈએ નહીં, પછી **જો બોલનારની નિય્યત એ જ (ઈસ્લામી) શક્યતાની હશે તો તે મુસલમાન છે. અને જો એમ ન હોય તો મુફ્તીનું એ શક્યતા ધ્યાનમાં રાખી તેને કાફિર ન કહેવું તેને કશો લાભ આપશે નહીં. (તે ખુદાના દરબારમાં કાફિર જ ગણાશે)**

એવી જ રીતે ફતાવા બઝ્ઝાઝિયહ્ અને બહરુર્રાઈક અને મજમઉલ

અન્હર અને હદીકા નદિય્યહ્ વિગેરે કિતાબોમાં પણ એમ જ છે, તાતર ખાનિયહ્ અને બહ અને સિલ્લુલ હુસામ અને તમ્બીહુલ વિલાત વિગેરે કિતાબોમાં છે :–

**અર્થ** : *"એક વાક્યના અનેક અર્થો હોય તો કાફિર કહી શકાય નહીં, કારણ કે કુફ્ર સજાનો આખરી તબક્કો છે, માટે સાવચેતીમાં પણ આખરી હદ જાળવવી જોઈએ."*

બહર્રુરાઈક, તન્વીરુલ અબ્સારમાં છે :–

**અર્થ** : *"જેણે લખ્યું કે તે કોઈ મુસલમાનને તેની વાતનું યોગ્ય અર્થઘટન કરી શકાતું હોવાથી કુફ્રનો ફત્વો નહીં આપે તેણે સારું કર્યું."*

**જુઓ ! એક શબ્દની અમુક શક્યતાઓ વિશે વાત છે નહીં કે એક વ્યક્તિની અમુક વાતોમાં.** પરંતુ યહૂદી વાતને બદલી નાખે છે. આ તહકીકથી એ પણ સ્પષ્ટ થઈ ગયું કે, "ફતાવા કાઝીખાન" વિગેરેમાં જે કહેવાયું છે કે જે માણસ અલ્લાહ અને રસૂલની ગવાહીથી નિકાહ કરે, અથવા મશાઈખની રૂહો હાજર છે એવું કહે અથવા એવું કહે કે ફરિશ્તાઓ ગૈબ જાણે છે, બલ્કે કહે કે હું ઈલ્મે ગૈબ જાણું છું, તો તે **કાફિર** છે, તો એ હુકમથી તે જ કુફ્ર પાંખિયું મુરાદ છે. દા.ત. ઈલ્મે ઝાતીનો દાવો વિગેરે, નહીં તો આ વાતોમાં તો એક નહીં અનેક શક્યતાઓ ઈસ્લામી છે, કારણ કે એમાં સાચેસાચ યકીની ઈલ્મે ગૈબની સ્પષ્ટતા નથી, અને ગુમાનને પણ ઈલ્મનું નામ આપવાનું પ્રચલિત છે, તો ઈલ્મે ઝન્ની (ગુમાન દ્વારા થતું ઈલ્મ)નું પાંખિયું સામેલ થઈને ૨૧ને બદલે ૪૨ શક્યતાઓ નીકળશે, અને એમાં ઘણી કુફ્રથી અલગ હશે, કારણ કે ગુમાન દ્વારા ગૈબના ઈલ્મનો દાવો કરવો કુફ્ર નથી. બહરુર્રાઈક તથા રદ્દુલ મુહતારમાં છે :–

(**ભાવાર્થ** : જ્યાં સુધી કોઈ માણસ અલ્લાહની હરામ કરેલી વસ્તુને હલાલ હોવાનો એ'તેકાદ ન રાખે ત્યાં સુધી માત્ર ગુમાનના કારણે તેને કાફિર કહી શક્તા નથી. કારણ કે કોઈ બાબતના ગુમાન ઉપર ફત્વો

આપી શકાય નહીં, જેમ કે જ્યોતિશાસ્ત્ર અને ઈલ્મે રમલ દ્વારા ભવિષ્યનો અંદાઝ કાઢી શકાય છે. તો **માત્ર આવો અંદાઝ કાઢવાની શક્તિનો દાવો કરવાથી માણસ કાફિર નહીં થાય, જ્યાં સુધી કે એ દ્વારા ચોક્કસપણે તેને એ બાબતનું ઈલ્મ થાય છે એવો દાવો ન કરે,** હા ! આવી રીતે ગૈબના ગુમાનનો દાવો કરવો **હરામ** જરૂર છે, પણ કુફ્ર તો નથી જ.)

કેવી રીતે શક્ય છે કે જ્યાં ઉલમા ઈસ્લામની એક શક્યતા હોવાના કારણે કુફ્રનો હુકમ લગાડતા નથી ત્યાં અનેક શક્યતાઓ છતાં કુફ્રનો હુકમ લગાડે ! સાબિત થયું કે એનાથી ઈલ્મે ઝાતી વિગેરેના દાવાથી લાગુ પડતું તે ખાસ પ્રકારનું કુફ્ર છે, નહીંતર આ મંતવ્યો પોતે જ બાતિલ અને ઈમામોની પોતાની જ તહકીકાતથી વિરૂધ્ધ થઈને પોતે જ ન હોવા સમાન બની જશે. આ બાબતની તહકીક જામિઉલ ફુસુલૈન અને રદુલ મુહતાર અને હાશિયહ અલ્લામહ નૂહ અને મુલ્તકિન અને ફતાવા હુજજહ અને તાતાર ખાનિયહ્ અને મજમઉલ અન્હર અને હદીકતુન્નદિય્યહ્ અને સિલ્લુલ હુસાન વિગેરે કિતાબોમાં છે.

**જરૂરી ચેતવણી :** અર્થઘટન તે જ માન્ય છે જેના માટે અવકાશ હોય, અને જે વાત સ્પષ્ટ હોય તેમાં તાવીલ (અર્થઘટન) સાંભળવામાં આવશે નહીં, નહીં તો કોઈપણ વાત કુફ્ર ન રહે ! દા.ત. ઝયદે કહ્યું ખુદા બે છે. અત્રે એવી તાવીલ કરવામાં આવે કે, ખુદાના શબ્દ સાથે નિસ્બત કરેલ શબ્દ (બે) પાડી નાખવામાં આવ્યો છે. (જેવું કે અમુક શબ્દનું અદશ્ય થવું) અને આથી ખુદાનો હુકમ મુરાદ છે, એટલે કે કઝા બે છે એક મુબરમ (સ્થાઈ) અને બીજી મોઅલ્લક (અસ્થાઈ). જેવું કે કુર્આન અઝીમમાં અલ્લાહ પાકે ફર્માવ્યું છે : اِلَّا اَنْ يَّأْتِيَ اللّٰهُ ای امراللّٰه۔ (આ આયતમાં અલ્લાહ શબ્દથી અલ્લાહનો હુકમ મુરાદ છે.) એવી જ રીતે અમ્રે કહ્યું કે, "હું રસૂલુલ્લાહ છું !" આમાં તાવીલ ઘડી લેવામાં અત્રે શબ્દકોષનો અર્થ મુરાદ છે, એટલે કે ખુદાએ જ તેની રૂહ શરીરમાં મોકલી

છે. અને આવા મનઘડત અર્થો કદી પણ સાંભળવામાં આવશે નહીં. ''શિફા શરીફ''માં છે કે **ખુલ્લા (સ્પષ્ટ) શબ્દમાં મનઘડત અર્થોનો દાવો સાંભળવામાં આવતો નથી.** ''શરહે શિફાએ કારી''માં છે, **“આવો દાવો મરદૂદ છે.”** નસીમુર્રિયાઝમાં છે કે, **આવા મનઘડત અર્થની તરફ ધ્યાન આપવામાં આવશે નહીં અને તેને બેહુદી વાત ગણવામાં આવશે.** અને ફતાવાએ ખુલાસા, ફુસુલેએ ઈમાદિયહ્, જામેઉલ ફુસુલૈન અને ફતાવાએ હિંદિયહ્માં છે કે, **“જો કોઈ શખ્સ પોતે પોતાને અલ્લાહનો રસૂલ અથવા તો પૈગંબર કહે અને અર્થ એ કરે કે હું સંદેશો લઈ જાઉં છું, તો તે કાફિર થઈ જશે અને આ મનઘડત અર્થ સાંભળવામાં આવશે નહીં.”**

## ★ વહાબી, દેવબંદીઓની બેહયાઈભરી ચાલબાજી ! ★

ચોથી ચાલબાઝી એ બદ્ગોઈ કરનારાઓની એ છે કે તેઓ ઈન્કાર કરે છે આવી કુફ્રી ઈબારતો અમે ક્યાંયે લખી નથી ! જેણે એ બદ્ગોઈ કરનારાઓની કિતાબ નથી વાંચી તેની સામે સ્પષ્ટ ઈન્કાર કરી દે છે અને જે એમને છપાએલી કિતાબો કે લખાણો બતાવી દે છે ત્યારે જો ઈલ્મવાળો હોય તો મોઢુ ચઢાવીને ચાલતી પકડે છે, અથવા આંખોમાં આંખો પરોવી કમાલ દરજજાની બેહયાઈથી કહી આપે છે કે જો તમે સાબિત કરી આપશો તો પણ હું તો એ જ કહેવાનો ! અને જો બિચારો ઈલ્મ વગરનો હશે તો કહી આપશે કે એ ઈબારતોનો મતલબ એવો નથી ! તો પછી છે કેવો ? કહેનારના પેટમાં શું છે ? એના જવાબમાં પેલી આયતે કરીમા પૂરતી છે :–

يَحْلِفُوْنَ بِاللّٰهِ مَا قَالُوْا ؕ وَلَقَدْ قَالُوْا كَلِمَةَ الْكُفْرِ وَكَفَرُوْا بَعْدَ اِسْلَامِهِمْ

**અર્થ** : *''ખુદાની કસમ ખાય છે કે તેઓ (એવું) નથી બોલ્યા, જો કે બેશક ! જરૂર તેઓ કુફ્રનો બોલ બોલ્યા અને મુસલમાન થયા પછી કાફિર થઈ ગયા.'' (સૂરએ તૌબા, ૯/૭૪)*

આ લોકોની (દેવબંદીઓની) તે કિતાબો જેમાં આવા કુફ્રી કલામો

છે (જેવી કે "બરાહીને કાતિઅહ્", "હિફઝુલ ઈમાન" "તહઝીરુન્નાસ") તે મુદ્દતો સુધી તેઓએ (લેખકોએ) પોતે પોતાની જિંદગી દરમ્યાન છાપીને પ્રકાશિત કરી, તેમાંથી અમુક તો બે બે વાર છપાઈ. મુદ્દતોની મુદ્દત સુધી અહલે સુન્નતના આલિમોએ તેના રદિયા છાપ્યા, પકડો કરી; અને તે ફત્વા (એટલે કે રશીદ અહમદ ગંગોહી દેવબંદીનો ફત્વો) જેમાં સ્પષ્ટપણે અલ્લાહને જૂઠો માન્યો છે, અને જેની અસલ મોહર અને દસ્તખતવાળી કોપી અત્યાર સુધી જળવાએલી છે, જેના ફોટાઓ પણ લેવાયા, તેમાંનો એક ફોટો હરમૈન શરીફૈન (મક્કા શરીફ અને મદીના શરીફ)ના આલિમોને બતાવવા માટે ગુસ્તાખીવાળી બીજી કિતાબોની સાથે ગયો હતો તે મદીના શરીફમાં હજુ સુધી મૌજૂદ છે, ખુદાને જૂઠો ઠેરવતો એ નાપાક ફત્વો ૧૩૦૮ હિ.સ.માં સિયાનતુન્નાસ નામના રિસાલામાં મેરઠના હદીકઝુલ ઉલૂમ પ્રેસમાં રદિયા સાથે છપાયો.

પછી ૧૩૧૮ હિ.સ.માં મુંબઈના ગુલઝારે હસન પ્રેસમાં વધુ વિગતવાર રદિયા સાથે છપાયો, પછી ૧૩૩૦ હિ.સ.માં પટના અઝીમાબાદના તુહફએ હન્ફીયહ્ પ્રેસમાં ખૂબ જ સ્પષ્ટ રદ સાથે છપાયો, અન ફત્વો આપનાર ૧૩૨૩ હિ.સ.માં મર્યો અને મરતાં સુધી ચૂપ રહ્યો ! એવું પણ ન કહ્યું કે એ ફત્વો મારો નથી, જો કે પોતે છાપેલી કિતાબો કરતાં ફત્વાનો ઈન્કાર કરી દેવો સહેલું હતું, ન તો એવું કહ્યું કે ઉલમાએ અહલે સુન્નત જે બતાવે છે તે મારો મતલબ નથી બલ્કે મતલબ એનો આવો છે. સ્પષ્ટ કુફ્ર સાથે સંબંધિત થવું કોઈ સરળ વાત ન હતી કે એ તરફ ધ્યાન ન આપ્યું.

**કોઈ માણસના નામથી તેની જિંદગી અને તંદુરસ્તીમાં જાહેર રીતે તેની મહોરવાળો ફત્વો પ્રસિધ્ધ થાય, અને તે ચોક્કસ રીતે ખરેખર કુફ્ર (વાણીવાળો) હોય, અને વરસો વરસ સુધી તેનું પ્રકાશન થતું રહે, લોકો તેનો રદિયો છાપતા રહે, તે માણસને તેને લઈને કાફિર ઠેરવતા રહે, તે માણસ**

**ત્યારબાદ ૧૫ વરસો સુધી જીવે અને આ બધું જ જુએ, સાંભળે અને તે ફત્વો પોતાનો નથી એવું મુદ્દલ જાહેર ન કરે, બલ્કે ચૂપકીદી અખત્યાર કરે, ત્યાં સુધી કે શ્વાસ નીકળી જાય (મરી જાય)! તો શું કોઈ બુધ્ધિમાન વિચાર કરી શકે છે એ ફત્વો તેનો હોવાથી તેને ઈન્કાર હતો અથવા તેનો મતલબ કંઈક જુદો હતો ?! અને તેમનામાંના જેઓ હજુ જીવે છે તે આજ સુધી ચૂપ છે. ન તો પોતાની છાપેલી કિતાબોને ઈન્કાર કરી શકે છે ન તો પોતાની ભાંડણલીલાનો બીજો કોઈ અર્થ ઘટાવી શકે છે.**

૧૩૨૦ હિ.સ.માં તેમની તમામ કુફ્રી વાતોનો રદિયો ભેગો પ્રસિદ્ધ થયો, અને એ ભાંડણલીલા વિશે અમુક મસ્લિમ આગેવાનો તેમના લીડર (અશરફ અલી થાનવી) પાસે કેટલાક ઈલ્મી સવાલો લઈને ગયા, સવાલો જોઈને પરેશાનીની જે હાલત થઈ તે જોનારાઓને પૂછો ! પરંતુ તે સમયે પણ ન તો તે લખાણોનો ઈન્કાર થઈ શક્યો ન તો કંઈક જુદો અર્થ ઘડવા શક્તિમાન થયા, બલ્કે કહ્યું ત્યારે એવું કહે કે, "હું ચર્ચા કરવા નથી આવ્યો, ન ચર્ચા કરવા માંગું છું, હું એ વિષયમાં જાહિલ છું અને મારા ઉસ્તાદો પણ જાહિલ હતા, તમે સચોટ કરી આપશો તો પણ હું તો એવું જ બોલ્યે જઈશ !" તે સવાલો અને તે બનાવનું વિગતવાર વર્ણન પણ ત્યારે જ ૧૫ જમાદીયુલ આખિર ૧૩૨૩ હિ.સ.માં છાપીને લીડર અને માનનારાઓ બધાંના હાથોમાં આપી દેવામાં આવ્યું એ બનાવને ચાર વર્ષો (હાલ ૧૦૩ વર્ષો) વિતી ગયાં પણ જરા જેટલો પણ સળવળાટ થયો નથી.

આ તમામ હાલતો પછી ઈન્કાર કરવાની એ ચાલબાઝી એવી જ છે જાણે કે કહેવામાં આવે કે અલ્લાહ અને રસૂલને ગાળો ભાંડનાર એ લોકો દુનિયામાં જન્મ્યા જ નથી. આ બધી તો બનાવટ છે, તો પછી એનો ઈલાજ શું ?! અલ્લાહ તઆલા હયા આપે.

## ★ વહાબીઓની વધુ એક ચાલબાજી ★

પાંચમી ચાલબાઝી, જ્યારે એ સાહેબોથી કશું બની શક્તું નથી કોઈ

તરફ ભાગવાની દિશા સુઝતી નથી, અને તૌબા કરવાની તૌફીક અલ્લાહ તઆલા આપતો નથી કે અલ્લાહ તઆલા અને મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ ની શાનમાં જે ગુસ્તાખીઓ કરી છે તેનાથી બાઝ આવે (અટકે), જેવી રીતે કે જે ગાળો છાપી છે તેની જાહેર તૌબા એલાન કરે, જેવું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું છે :–

**જ્યારે તું બદી (ગુનો) કરે તો તરત જ તૌબા કર, છુપા ગુનાહની છુપી રીતે અને જાહેર ગુનાહની જાહેર રીતે.**

બલ્કે એનાથી ઉલ્ટુ એ લોકો આયતે કરીમહ :–

يَصُدُّوْنَ عَنْ سَبِيْلِ اللّٰهِ وَيَبْغُوْنَهَا عِوَجًا۔

**અર્થાત** : *"લોકોને ખુદાના રસ્તાથી રોકે છે અને ઉલટા માર્ગે ચઢાવે છે."*

મુજબ સામાન્ય મુસ્લિમોને ભટકાવવા અને ધોળા દિવસે તેમના પર કાળો પરદો નાખવા એવી ચાલ ચાલે છે કે, "અહલે સુન્નતના કુફ્રના ફત્વાઓનો શું ભરોસો ! એ લોકો તો જરા જરા જેટલી વાતમાં કાફિર કહી આપે છે. એમના મશીનમાં તો હમેશાં કુફ્રના જ ફત્વા છપાયા કરે છે. ઈસ્માઈલ દહેલ્વીને કાફિર કહ્યો, મોલ્વી ઈસ્હાકને પણ કાફિર કહ્યા, મોલ્વી અબ્દુલહય્યને કાફિર કહ્યા અને શાહ વલીયુલ્લાહ સાહેબને પણ કાફિર કહ્યા, હાજી ઈમ્દાદુલ્લાહ, મૌલાના શાહ ફઝલુર્રહ્માનને પણ કાફિર કહ્યા. પછી જે હયાની હદથી પૂરેપૂરા ઊંચા નીકળી ગયા છે તેઓ એટલી હદે જાય છે કે અલઆયઝુ બિલ્લાહ ! હઝરત શેખ મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ ને પણ કાફિર કહી દીધા !" મતલબ કે જેનો જેનો વધારે માનનાર દેખ્યો તેની સામે તેનું લઈ લીધું કે તેઓએ તો એમને પણ કાફિર કહી દીધા છે ! એટલે સુધી કે એમનામાંના અમુક લોકોએ તે મૌલાના મોલ્વી શાહ મુહમ્મદ હુસૈન સાહબ ઈલાહાબાદી મર્હૂમ લોકોએ તો મૌલાના મોલ્વી શાહ મુહમ્મદ હુસૈન સાહબ ઈલાહાબાદી, મર્હૂમ મગફૂરને જઈને ઠોકી આપ્યું કે મઆઝલ્લાહ ! હઝરત સૈયદના શૈખ

અકબર મુહયુદ્દીન ઈબ્ને અરબી કુદ્દેસ સિર્રૂહૂને પણ કાફિર કહ્યા ! મૌલાનાને અલ્લાહ તઆલા જન્નત નસીબ કરે તેમણે આયતે કરીમા :–

اِنْ جَآءَكُمْ فَاسِقٌۢ بِنَبَاٍ فَتَبَيَّنُوْٓا **અર્થાત** : *"જો કોઈ ફાસિક અમુક ખબર લઈને તમારી પાસે આવે તો તેની પૂરેપૂરી તપાસ કરી લો."*

*(સૂરએ હુજુરાત, ૪૯/૬)*

મુજબ પત્ર લખીને પૂછપરછ કરી, જેના જવાબમાં અહીંથી "ઈનજાઉલ બરી અન વસ્વાસિલ મુફતરી" નામનો રિસાલો લખીને રવાના કરવામાં આવ્યો, અને મૌલાનાએ બુહતાન (આક્ષેપ) બાંધનાર પર લાહવલ શરીફનો તોહફો મોકલ્યો, મતલબ કે હમેશાં આવી જ ગુલબાંગો ઉડાવતા રહે છે, એનો જવાબ તે છે જે, તમારો પરવરદિગાર (સૂ. નહ્‌લ, આ. ૧૦૫)માં ફર્માવે છે :–

اِنَّمَا يَفْتَرِى الْكَذِبَ الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ **અર્થાત** : *"જૂઠાં બુહતાન એવા લોકો જ લગાડે છે જેઓ ઈમાન ધરાવતા નથી."*

અને (સૂ. આલે ઈમરાન, આ. ૬૧માં) ફર્માવે છે :–

فَنَجْعَلْ لَّعْنَتَ اللّٰهِ عَلَى الْكٰذِبِيْنَ۝٦١

**અર્થાત** : *"અમે જૂઠાઓ પર અલ્લાહની લા'નત નાખીએ."*

મુસલમાનો ! આ નાપાક અને કમઝોર ચાલબાઝીનો ફેંસલો કાંઈ મુશ્કેલ નથી, એ કહેનારાઓ પાસે પૂરાવો માંગો, કે કહી દીધું કહી દીધું કહો છો તો કાંઈક સબૂત પણ ધરાવો છો ? ક્યાં કહી દીધું ? કઈ કિતાબ, ક્યા રિસાલા, ક્યા ફત્વા, ક્યા પેમ્ફલેટમાં કહી દીધું ? હા ! હા ! સબૂત ધરાવતા હોય તો ક્યા દિવસ માટે રાખી મૂક્યું છે ? બતાવો ! અને નથી બતાવી શક્તા, અને ખુદા જાણે છે કે દેખાડી શકવાના નથી, તો જુઓ ! કુર્આન મજીદ તમારા જૂઠા હોવા બાબત ગવાહી આપે છે, મુસલમાનો ! તમારો પરવદિગાર (સૂ. નૂર, આ. ૧૩માં) ફર્માવે છે :–

فَاِذْ لَمْ يَاْتُوْا بِالشُّهَدَآءِ فَاُولٰٓئِكَ عِنْدَ اللّٰهِ هُمُ الْكٰذِبُوْنَ۝١٣

**અર્થાત** : *"જ્યારે સબૂત ન લાવી શક્તા હોય તો અલ્લાહ પાસે તેઓ જ જૂઠા છે."*

મુસલમાનો ! અજમાવેલી વસ્તુને શું અજમાવવી ? અનેકવાર બની ચૂક્યું છે કે એ લોકોએ ઘણા જ જોરશોરથી એ દાવા કર્યા, અને જ્યારે મુસલમાનોએ સબૂત માંગ્યું ત્યારે તરત જ પીઠ ફેરવી ગયા અને પછી મોઢું દેખાડી શક્યા નહીં, પણ હયા એટલી બધી છે કે એ રટણ જે મોઢાને લાગી ગયું છે તે છોડતા નથી, અને છોડે પણ કેવી રીતે ? મરતો શું ન કરતો ! હવે ખુદા અને રસૂલને ગાળો ભાંડનારાઓના કુફ્ર પર પરદો નાંખવા માટે માત્ર આટલું જ રહ્યું છે કે કોઈપણ રીતે અવામ ભાઈઓના દિમાગોમાં બેસી જાય કે ઉલમાએ અહલે સુન્નત કારણ વગર અમસ્તા જ લોકોને કાફિર કહી આપ્યા કરે છે, એવું જ આ ભાંડણલીલા કરનારાઓને પણ કહી આપ્યું હશે. મુસલમાનો ! આ આક્ષેપ કરનારાઓ પાસે સબૂત ક્યાંથી આવે ? મનઘડત વાતનું સબૂત હોય જ ક્યાં ? وَاَنَّ اللّٰهَ لَا يَهْدِىْ كَيْدَ الْخَآئِنِيْنَ۝٥٢ (અલ્લાહ ખયાનત કરનારાઓની ચાલબાઝી ચાલવા દેતો નથી. સૂરએ યૂસુફ, ૧૨/૫૨) એમનો જૂઠો દાવો તો આટલાથી જ બાતિલ થઈ ગયો, તમારો પરવરદિગાર ફર્માવે છે :–

قُلْ هَاتُوْا بُرْهَانَكُمْ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ۝١١١

**અર્થાત** : *"લાવો તમારી દલીલ જો સાચા હોઉ તો."*

*–(સૂરએ બક્રહ, ૨/૧૧૧)*

આનાથી વધારે અમને જરૂર ન હતી. પણ અલ્લાહના ફઝ્લથી અમે તેમના જૂઠાણાંનું એવું સ્પષ્ટ સબૂત આપીએ કે દરેક મુસલમાન પર એ લોકો બોહતાન લગાડનાર છે એવું સૂર્યથી પણ વધુ રોશન થઈ જાય. અને સબૂત પણ છપાએલું, અને ન આજનું બલ્કે કેટલાએ વરસોનું.

## ★ ઈમામે અહલે સુન્નતની અત્યંત સાવચેતી ! ★

જેને જેને કાફિર કહેવાનું બોહતાન અહલે સુન્નતના આલિમો પર મૂક્યું તેમાં જો કોઈના વિશે એમને વધારે ગુંજાઈશ જેવું લાગત તો

ઈસ્માઈલ દહેલ્વીમાં લાગત, કારણ કે બેશક ! **અહલે સુન્નતના આલિમોએ એના કલામ (લખાણ)માં મોટી સંખ્યામાં કુફ્ર કલમા સાબિત કર્યા અને પ્રકાશિત પણ કર્યા.** તો છતાં પ્રથમ અમારી કિતાબ "સુબ્હાનસ્સુબૂહ અને એબિકિઝ્બિ મકબૂહ" જોઈ લો જે પ્રથમવાર ૧૩૦૯ હિ.સ.માં લખનૌના અન્વારે મુહમ્મદી પ્રેસમાં મુદ્રણ પામી. **જેમાં મજબૂત દલીલો દ્વારા મઝકૂર દહેલ્વી અને તેના ચેલાઓ પર ૭૫ કારણોસર કુફ્ર લાગુ પડવાનું સાબિત કરીને** ૯૦માં પેજ ઉપર અંતિમ ફેંસલો એ જ લખ્યો કે સાવચેતીવાળા આલિમો એમને કાફિર કહે નહીં એ જ ઉચિત છે, એ જ અમારો જવાબ છે. એના પર જ ફત્વો છે. એ જ અમારો મઝહબ છે. એના પર જ વિશ્વાસ છે. એમાં જ સલામતી અને ઈસ્તિકામત છે.

બીજી અમારી કિતાબ "અલ્ કવકબુતુશ–શહાબિય્યહ્ ફી કુફ્રિય્યાતિ અબિલ વહાબિય્યહ્" જુઓ, જે ખાસ ઈસ્માઈલ દહેલ્વી અને તેને અનુસરનારાઓના રદમાં જ લખવામાં આવી. પ્રથમવાર શાબાન ૧૩૧૬ હિ.સ.માં અઝીમાબાદના તુહફએ હન્ફીય્યહ્ પ્રેસમાં છપાઈ, જેમાં કુર્આન, હદીષ, ઈમામોનાં મંતવ્યો અને વિશ્વાસપાત્ર કિતાબોના પેજ નંબરોના હવાલાઓ દ્વારા તેના પર ૭૦ બલ્કે વધુ કારણોસર કુફ્ર લાગુ પડવાનું સાબિત કરી ૬૨માં પેજ પર છેલ્લે એ જ લખ્યું કે અમારી દષ્ટિએ કાફિર કહેવાથી ઝબાનને રોકવી બેહતર અને મુનાસિબ છે.

ત્રીજી કિતાબ "સલ્લુસ્સુયુફિલ હિન્દિય્યહ્ અલા કુફ્રિય્યાતે બાબત નજદિય્યહ" જુઓ; જે સફર ૧૩૧૬ હિ.સ.માં અઝીમાબાદમાં છપાઈ તેમાં પણ ઈસ્માઈલ દહેલ્વી અને એને અનુસરનારાઓ પર મજબૂત કારણોસર કુફ્ર લાગુ થવાનું સાબિત કરી ૨૧, ૨૨ પેજ પર લખ્યું કે અલ્લાહ તઆલાની બેસુમાર રહમતો બેહદ બરકતો આપણા ઉલમાએ કિરામ પર કે આ બધું જુએ છે. એ ટોળકીના પીર પાસેથી વાત વાત પર સાચા મુસલમાનો વિશે કુફ્ર અને શિર્કનો હુકમ સાંભળે છે, તે **છતાં**

**ગુસ્સાની સખ્તી તેમના હાથોમાંથી સબ્રનો પાલવ છોડાવતી નથી, અને ન તો બદલો લેવાની શક્તિ હલન ચલન કરે છે. તેઓ હજુ સુધી એ વાતની જ તહકીક કરી રહ્યા છે કે લાગુ પડવું અને લાગુ કરવામાં તફાવત છે, શબ્દોનું કુફ્ર કલામ હોવું એક વાત છે અને કહેનારને કાફિર માનવું બીજી વાત છે. અમે સાવચેતીની રીતે ચૂપ રહીશું જ્યાં સુધી જરા જેટલી પણ શક્યતા (કાફિર ન કહેવાની) મળશે ત્યાં સુધી કુફ્રનો હુકમ લાગુ કરતાં ડરીશું; વિગેરે..**

ચોથી કિતાબ "ઈઝાલતુલ આર બિહજરિલ કરાઈમિ અન કિલાબિન્નાર" વાંચો, જે પ્રથમ ૧૩૧૭ હિ.સ. માં અઝીમાબાદમાં છપાઈ, તેમાં પેજ ૧૦ પર લખ્યું, "અમે આ વાતમાં મુતકલ્લિમીનનું મંતવ્ય અખ્તયાર કરીએ છીએ કે એમનામાં જે કોઈ દીનની જરૂરી બાબતનો મુન્કિર નથી, અને દીનની જરૂરી બાબતના મુન્કિરને મુસલમાન પણ નથી કહેતો, તેને અમે કાફિર કહેતા નથી."

પાંચમી રીતે જોઈએ, ઈસ્માઈલ દહેલ્વીને પણ જવા દો ! આ ભાંડણલીલા કરનારાઓ જેમના કુફ્ર પર હવે ફત્વો આપવામાં આવે છે, જ્યાં સુધી એમની સ્પષ્ટ ગાળો બાબત ખબર ન હતી ત્યાં સુધી "ઈમકાને કિઝ્બ"ના મસ્અલાના કારણે એમના પર ૭૮ કારણોસર કુફ્ર લાગુ થવાનું સાબિત કરીને "સુબ્હાનુસ્સુબ્બૂહ"માં પહેલી આવૃત્તિના ૮૦માં પેજ પર લખ્યું કે, "હું કદાપી એમને કાફિર કહેવાનું પસંદ નથી કરતો. આ નવા દાવેદારો (ગંગોહી, અંબેઠવી અને એમના દેવબંદી ચેલાઓ)ને તો હજુ સુધી મુસલમાન જ જાણું છું. જો કે એમની બિદઅત અને ગુમરાહીમાં શક નથી અને ટોળીના સરદાર (ઈસ્માઈલ દહેલ્વી)ના કુફ્ર પર પણ નથી કરતો. કારણ કે અમને અમારા નબીએ લાઈલાહ ઈલ્લલ્લાહવાળાને કાફિર કહેવાની મનાઈ કરી છે **જ્યાં સુધી કે કુફ્રનું કારણ સૂર્યથી પણ વધુ રોશન ન થઈ જાય, અને ઈસ્લામના**

**હુકમ માટે જરા જેટલી પણ શક્યતા બાકી ન રહે."**

**મુસલમાનો ! મુસલમાનો ! તમને પોતાનું દીન, ઈમાન અને રોઝે કયામત અને રહમાનના દરબારમાં હાજર થવાનું યાદ અપાવીને પ્રશ્ન કરું છું કે ખુદાનો જે બંદો કોઈને કાફિર કહેવામાં આટઆટલી સાવચેતી દાખવતો હોય અને આવી આવી સ્પષ્ટ ઈબારતો લખતો હોય તેના માટે ''એ તો બધાંને કાફિર કહે છે''ની બુમો મારવી કેટલી બેહયાઈ અને કેટલો જુલ્મ અને કેટલી ધૃણાસ્પદ નાપાક વાત છે !** પરંતુ મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે અને આપ જે કંઈ ફર્માવે છે તે સત્ય ફર્માવે છે : **'જ્યારે તને હયા જ ન હોય તો જે ઈચ્છે તે કર.'**

### ★ મુસલમાનો ગંભીરતાથી ન્યાય કરે ! ★

મુસલમાનો ! આ ઉઘાડી સ્પષ્ટ જાહેર જડબાતોડ ઈબારતો તમારી સમક્ષ છે જેને પ્રસિદ્ધ થયાને દસ દસને અમુકને ૧૭–૨૦ વર્ષો વિતી ગયાં (હવે તો લગભગ ૧૦૦ થી ૧૦૫ વર્ષ થવા જાય છે. અને આ ભાંડણલીલા આદરનારાઓ પર કુફ્રનો ફત્વો આપવાને તો ૧૦૩ વર્ષો થયાં જ્યારે કે ૧૩૨૦ હિ.સ.માં "અલ મુઅતમદુલ મુસ્તનદ" છપાઈ) એ ઈબારતોને ધ્યાનપૂર્વક વાંચો તેમજ અલ્લાહ અને રસૂલના ખૌફને સામે રાખી ન્યાય કરો, એ ઈબારતો માત્ર એ દંગલબાજોના આક્ષેપોને રદિયો જ નથી આપતી બલ્કે સ્પષ્ટ રીતે સાફ સાફ ગવાહી આપી રહી છે કે આવી જબ્બર સાવચેતીવાળાએ એ ભાંડણલીલા આદરનારાઓને કદાપી કાફિર ન કહ્યા જ્યાં સુધી કે યકીન ચોક્કસ રોશન અને ખુલ્લેઆમ રીતે એમનું સ્પષ્ટ કુફ્ર સૂર્યથી પણ વધારે જાહેર ન થઈ ગયું, જેમાં તદ્દન તદ્દન કદાપી કદાપી કોઈ ગુંજાઈશ કોઈ અર્થઘટન ન નીકળી શક્યું; કારણ કે આખર તો આ અલ્લાહનો બંદો તે જ તો છે જે એમના મોટાઓ પર ૭૦ ૭૦ કારણોસર કુફ્ર લાગુ થવાનું સાબિત કરીને એ જ કહે છે કે **અમને અમારા નબી ﷺ ને લાઈલાહ ઈલ્લલ્લાહવાળાને**

**કાફિર કહેવાથી મના કરેલું છે, જ્યાં સુધી કે કુફ્રનું કારણ સૂર્યથી પણ વધારે પ્રકાશિત ન થઈ જાય, અને ઈસ્લામના હુકમ માટે તદ્દન કોઈ કમઝોરથી કમઝોર શક્યતા પણ બાકી રહે નહીં.** આ અલ્લાહનો બંદો તે જ તો છે જે પોતે આ ભાંડણલીલા કરનારાઓ બાબત (જ્યાં સુધી કે એમની ગાળો વિશે યકીની રીતે ખબર ન હોતી) ૭૮ કારણોસર ફુકહાએ કિરામના હુકમ અનુસાર કુફ્ર લાગુ પડવાનું સાબિત કરીને એ જ લખી ચૂક્યો હતો કે, **"હજાર હજાર વાર હાશાલિલ્લાહ હું કદાપી એમને કાફિર કહેવાનું પસંદ નથી કરતો"** ત્યારે શું એમની સાથે કોઈ મેળાપ હતો ? અને હવે ચડભડાટ થઈ ગયો છે ? ત્યારે શું એમની સાથે જમીન જાગીરનો ઝઘડો ન હતો ને હવે પેદા થયો છે ? **કસમ ખુદાની ! મુસલમાનોની મહોબ્બત અને દુશ્મનીનો સંબંધ ખુદા અને રસૂલની મહબ્બત અને અદાવત પર નિર્ભર છે.** જયાં સુધી આ ભાંડણલીલાવળાઓથી ગાળો સાદર ન થઈ હતી. (જેમ કે દેવબંદી થાનવી સાહેબ કે રસૂલુલ્લાહ ﷺ ની શાનમાં એમની સખ્ત ગાળ ૧૩૧૯ હિ.સ. માં પ્રસિદ્ધ થઈ એ પહેલાં પોતાને સુન્ની જાહેર કરતા હતા. બલ્કે એક સમય એવો હતો કે મીલાદ અને કિયામની મજલિસોમાં પણ શરીક થતા હતા) અથવા અલ્લાહ અને રસૂલની શાનમાં એમની ગાળો જોઈ સાંભળી ન હતી (જેમ કે ગંગોહી અને અંબેઠવી સાહેબો કે એમના વિશે મેરઠથી સવાલ આવ્યો હતો કે **તેઓ કહે છે કે ખુદા જૂઠો હોય શકે છે,** ત્યારબાદ જાણવા મળ્યું કે તેઓ શયતાનના ઈલ્મને રસૂલુલ્લાહ ﷺ ના ઈલ્મથી વધારે માને છે, પછી ગંગોહી સાહેબનો તે ફત્વો જેમાં લખ્યું હતું કે **ખુદા જૂઠો છે અને જે એને જૂઠો કહે તે પણ મુસલમાન સુન્ની સાલેહ છે,** છપાએલો નજરથી ગુજર્યો. તે છતાં કમાલ દરજજાની સાવચેતી કે બીજાઓનો છપાવેલો હોવાથી એના પર એટલું યકીન ન કર્યું કે કાફિર કહી શકાય, **જ્યારે કે ગંગોહી, દેવબંદી સાહબનો તે અસલ ફતવો સહી સિક્કાવાળો પોતે આંખથી જોયો અને**

**વારંવાર છપાયા પછી પણ ગંગોહી સાહેબ ચૂપ રહ્યા ત્યારે** તેના સત્ય હોવા પર પૂરતો વિશ્વાસ બેઠો) ત્યાં સુધી તો કલમા ગોઈનો ખ્યાલ કરવો જરૂર હતો, કમાલ દરજજાની સાવચેતીથી કામ લીધું, જો કે ફુકહાએ કિરામના હુકમોથી તો અનેકવિધ રીતે એમના પર કુફ્ર લાગુ પડતું હતું પણ સાવચેતી ખાતર એમનો સાથ ન આપ્યો અને મુતકલ્લિમીનનો મસ્લક અખત્યાર કર્યો, જ્યારે કે ચોખ્ખી અને **સ્પષ્ટ રીતે દીનની જરૂરી બાબતનો ઈન્કાર તેમજ રબ્બુલ આલમીન અને સય્યિદુલ મુરસલીનની બારગાહોમાં એમની ગાળો (છપાયેલી) આંખથી દેખી તો હવે કાફિરનો ફત્વો આપ્યા વગર છૂટકો ન હતો કારણે દીનના મહાન ઈમામોની સ્પષ્ટતાઓ તો સાંભળી જ ચૂક્યા છો કે, “જે એવાના અઝાબ અને કાફિર હોવામાં શંકા કરે તે પોતે જ કાફિર છે.” પોતાનું અને મુસલમાન અવામ ભાઈઓનું ઈમાન બચાવવું જરૂરી હતું માટે હુકમ કુફ્રનો લગાડયો અને પ્રસિધ્ધ કર્યો, અને જાલિમોનો એ જ બદલો છે.**

તમારો પરવરદિગાર ફર્માવે છે :–

قُلْ جَآءَ الْحَقُّ وَزَهَقَ الْبَاطِلُ ۚ اِنَّ الْبَاطِلَ كَانَ زَهُوْقًا

**અર્થાત** : *''કહી આપો કે હક્ક આવ્યું અને બાતિલ મટયું, બાતિલને જરૂર મટવાનું જ હતું.'' (સૂરએ બની ઈસ્રાઈલ, ૧૭/૮૧)*

અને ફર્માવે છે : لَآ اِكْرَاهَ فِي الدِّيْنِ ۙ قَدْ تَّبَيَّنَ الرُّشْدُ مِنَ الْغَيِّ ۚ

**અર્થાત** : *''દીનમાં કંઈ બળજબરી નથી, ગુમરાહીથી હિદાયતનો રસ્તો સાફ અલગ થઈ ગયો છે.'' (સૂરએ બકરહ, ૨/૨૫૬)*

અહીં ચાર ગાળા હતા : **(૧)** જે કંઈ આ ભાંડણલીલા કરનારાઓએ લખ્યું છાપ્યું તે જરૂર અલ્લાહ અને રસૂલની શાનમાં તૌહીન અને ગાળો હતી. **(૨)** અલ્લાહ અને રસૂલની તૌહીન કરનાર કાફિર છે. **(૩)** જે

એમને કાફિર ન કહે, જે એમનો લેહાજ અદબ રાખે, **જે એમની ઉસ્તાદી, સગાઈ, દોસ્તીનો ખ્યાલ કરે તે પણ એમનામાંથી જ છે, એમની જેવો જ કાફિર છે, કયામતના દિવસે એમની સાથે એક જ દોરડે બાંધવામાં આવશે. (૪)** જે કારણો અને ચાલબાઝીઓ જાહિલો અને ભટકાવનારાઓ અત્રે બયાન કરે છે તે બધી જ બાતિલ, અયોગ્ય અને રેતી પરના મહેલ જેવી છે. આ ચારેવ બાબતો અલ્લાહના ફઝ્લથી (આ કિતાબમાં) ખૂબ જ સારી રીતે સ્પષ્ટ અને ચોખ્ખી થઈ ગઈ, જેમનાં સબૂત કુર્આને કરીમની આયતોએ આપ્યાં. હવે એક પડખે જન્નત અને હમેશાંની નેકબખ્તી અને બીજે પડખે બદ્‌બખ્તી અને કાયમી જહન્નમ છે. જેને જે પસંદ પડે તે અખત્યાર કરે. **પરંતુ એટલું સમજી લો કે મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ નું દામન છોડીને અન્ય કોઈનો સાથ આપનાર કદી ભલાઈ મેળવી શક્શે નહીં.** બાકી હિદાયત આપવી તો રબ્બુલ ઈઝ્ઝતના ઈખ્તેયારમાં છે.

અલ્હમ્દુલિલ્લાહ ! વાત તો ઈલ્મ ધરાવતા દરેક મુસલમાનની દષ્ટિએ ઉઘાડી હતી પરંતુ આપણા અવામ ભાઈઓને સિક્કા જોવાની જરૂરત હોય છે. સિક્કાઓ હરમૈન શરીફૈન (મક્કા શરીફ અને મદીના શરીફ)ના ઉલમાથી વધીને બીજે ક્યાંના હશે ? જ્યાંથી દીનની શરૂઆત થઈ અને હદીષના હુકમ અનુસાર ત્યાં શૈતાનનો દોરદોરો કદી થશે નહીં, માટે આપણા સામાન્ય ભાઈઓના ઈત્મિનાનમાં વધારો કરવા ત્યાંના ઉલમા સામે ફત્વો રજૂ થયો. જે ખૂબી, જોશ અને દીની જોશની સાથે તે મહાન આલિમોએ ટેકો આપ્યો તે અલ્લાહના ફઝ્લથી કિતાબ "હુસ્સામુલ હરમૈન અલા મન્હરિલ કુફ્રિ વલમૈન"માં ભાઈઓની રૂબરૂ છે જેમાં દરેક પેજ પર (અરબી ઈબારતની સામે) તેનો સરળ ઉર્દૂ તર્જુમો પણ છે.

યા અલ્લાહ ! ઈસ્લામી ભાઈઓને હક્ક સ્વીકારવાની તૌફીક આપ અને જીદ, નફ્સાનિયત તેમજ તારા અને તારા રસૂલ વિરૂધ્ધ અન્યની તરફદારીથી બચાવ, સદકો મુહમ્મદ ﷺ ના બુલંદ મર્તબાનો. (આમીન)

**(તમ્મત બિલ ખૈર)**

## સાવધાન !

વહાબી, દેવબંદીનું કુફ્ર કુર્આન હદીષની રૂએ સાબિત થઈ જાહેર થઈ ગયું અને તૌબાની તેમને ન સૂઝી તો પછી શું કરે ?! તો અવામને બહેકાવવા અટપટા આક્ષેપો લોકોમાં વસવસા ઉભા કરવા ખડા કરતા રહે છે. એવો જ એક આક્ષેપ આપણી આ કિતાબ સંબંધે જ હોવાથી આ સાથે એનો પણ ઉલ્લેખ કરવો ઉચિત સમજીએ છીએ. *–લિ. પ્રકાશક*

### ★ એક આક્ષેપનો જવાબ ★

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ એ પોતાની જગવિખ્યાત કિતાબ તમ્હીદે ઈમાનમાં ઠેકઠેકાણે કુર્આની આયત રજૂ કરતાં અગાઉ લોકોને સાવધાન કરવા, અલ્લાહ તઆલા તરફ ધ્યાનમગ્ન કરવા માટે લખ્યું છે કે, ''તમારો રબ عزوجل ફર્માવે છે'' તો લોકોને બહેકાવવાના હેતુથી દેવબંદીઓ એવો આક્ષેપ કરે છે કે શું આ'લા હઝરતનો રબ عزوجل નથી કે તેઓ દરેક જગાએ તમારો રબ ફર્માવે છે ! એવું કહે છે ?!'' આ પ્રપંચ (ધોકાબાજી) આ'લા હઝરતના સમયમાં પણ કરવામાં આવી હતી એનો જવાબ કિતાબ ''ફતાવાએ અફ્રિકા'' સવાલ નં. ૧૯માં સવિસ્તાર આપવામાં આવ્યો હતો. આ'લા હઝરતે ૧૦ કુર્આની આયતો અને ૧૦ હદીષોના હવાલાથી જવાબ ઈનાયત ફર્માવ્યો હતો, એ ઉમદા જવાબને ટૂંકાવી અહીં રજૂ કરીએ છીએ જે સમજદારો માટે કાફી રહેશે. (ઈન્શાઅલ્લાહ !)

**સવાલ** : ઝયદ કહે છે કે મૌલાના મોલ્વી અહમદ રઝાખાં સાહબ ''તમહીદે ઈમાન''માં દરેક જગાએ લખે છે કે, ''જુઓ તમારો રબ (عزوجل) ફર્માવે છે !'' તો શું મોલ્વી સાહેબનો ખુદા જલ્લ જલાલુહૂ નથી ?!

**જવાબ** : જાહિલ પોતાની જેહાલતથી અથવા સત્ય સાથેની અદાવતના લીધે આરોપ માટે મોઢુ ખોલી નાખે છે અને જાણતો નથી અથવા પરવા નથી કરતો કે તેનો આક્ષેપ ક્યાં ક્યાં પહોંચ્યો. અંબિયા તથા મુરસલીન, મુકર્રબ ફરિશ્તા અને ખૂદ હુઝૂર સૈયદુલ મુરસલીન, કુર્આને અઝીમ બધાના ઉપર જ આ આક્ષેપ થયો !! આ વિશેમાં સેંકડો આયતો, હદીષો છે. નમૂના રૂપે થોડીક જોઈ લઈએ : فَقُلْتُ اسْتَغْفِرُوْا رَبَّكُمْ ۚ اِنَّهٗ كَانَ غَفَّارًا ۝

હઝરત નૂહ علیہ الصلوٰۃ والسلام પોતાના રબથી પોતાની કૌમની શિકાયતમાં અર્ઝ

કરે છે કે, "મેં તેમને કહ્યું, તમારો રબ ઘણો બખ્શનાર છે, તમે તેનાથી માફી ચાહો !" *(સૂરએ નૂહ, ૭૧/૧૦)*

તો શું મઆઝલ્લાહ ! તે (અલ્લાહ) નૂહ عليه السلام નો રબ નથી ?!

قَالَ رَبُّكُمۡ وَرَبُّ اٰبَآئِكُمُ الۡاَوَّلِيۡنَ ۝ હઝરત મૂસા عليه السلام એ ફિરઔનને બતાવ્યું કે, અલ્લાહ તે છે જે તમારો રબ છે અને તમારા બાપ દાદાઓનો." *(સૂરએ શુઅરા, ૨૬/૨૬)* તો શું (અલ્લાહની પનાહ !) તે અલ્લાહ મૂસા عليه السلام નો રબ નથી ?!

اَنِّىۡ قَدۡ جِئۡتُكُمۡ بِاٰيَةٍ مِّنۡ رَّبِّكُمۡ હઝરત ઈસા عليه السلام એ બની ઈસ્રાઈલથી ફર્માવ્યું કે, "હું તમારા રબ પાસેથી નિશાની લઈ આવ્યો છું." *(સૂરએ આલે ઈમરાન, ૩/૪૯)* શું (મઆઝલ્લાહ !) તે અલ્લાહ ઈસા عليه السلام નો રબ નથી ?!

**હદીષ ૧** : સિહાહ સિત્તહ્માં જરીરી رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ફર્માવે છે કે, "બેશક ! તમારા રબનો તમને દીદાર થશે જેવી રીતે કે આ ચંદ્રને લોકો પડદા વગર જોઈ રહ્યા છે." (રસૂલે ખુદાએ તમારો રબ કહ્યું ! મારો રબ નથી કહ્યું.)

**હદીષ ૨** : સહીહ બુખારી અને મુસ્લિમ વગેરેમાં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર عليه السلام ફર્માવે છે કે, "તમારો રબ ફર્માવે છે કે હું એને લાયકું છું કે મારાથી ડરે, કોઈને મારો શરીક ન કરે...."

જુઓ ! રસૂલે પાકે મારો રબ નહીં પણ તમારો રબ ફર્માવ્યું !

**હદીષ ૩** : અબૂ દાઊદ, નિસાઈ સહીહ્ સનદ સાથે હઝરત બુરીદહ્ رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે, હુઝૂર صلی اللہ علیہ وسلم ફર્માવે છે કે, **"મુનાફિકને સૈયદ (સરદાર) ન કહો, કે જો તે તમારો સરદાર થયો તો બેશક ! તમારા રબનો તમારા પર ગઝબ થયો."** જુઓ ! રસૂલે ખુદાએ તમારો રબ ફર્માવ્યું. હવે આક્ષેપકારોમાં હિંમત હોય તો પોતાનો આક્ષેપ ઉપરોક્ત હસ્તીઓ પર દોહરાવી જુએ !

હવે રહ્યું એ કે કઈ જગાએ અમારો રબ કહેવું વધુ યોગ્ય અને કઈ જગાએ તમારો રબ કહેવું જોઈએ, તો આ પ્રશ્ન ભાષાની ઉચિતતા મારફત અથવા સમય–સંજોગોને અનુરૂપ હોય છે, એ બાબતનું જાહિલ આક્ષેપકાર સામે વર્ણન વ્યર્થ છે !.. (સમાપ્ત)

# તેરી ગલીસે જાએ ક્યૂં

**અઝ : આ’લા હઝરત ઈમામ અહમદ રઝા (رضی اللہ عنہ)**

ફિરકે ગલી ગલી તબાહ ઠોકરેં સબકી ખાએ ક્યૂં
દિલ કો જો અક્લ દે ખુદા, તેરી ગલીસે જાએ ક્યૂં

રુખસતે કાફલાકા શોર ગશસે હમેં ઉઠાએ ક્યૂં
સોતે હેં ઉન્કે સાયામેં કોઈ હમેં ઉઠાએ ક્યૂં

યાદે હુઝૂરકી કસમ ગફલતે એશ હૈ સિતમ
ખૂબ હૈ કેદ ગમમેં હમ કોઈ હમેં છુળાએ ક્યૂં

દેખકે હઝરત ગની ફૈલ પળે ફકીર ભી
છાઈ હૈ અબ તો છાવની હશ્ર હી આ ન જાએ ક્યૂં

જાન હૈ ઈશ્કે મુસ્તફા રોઝ ફુઝૂં કરે ખુદા
જિસ્કો હો દર્દકા મઝા નાઝે હવા ઉઠાએ ક્યૂં

યા તો યૂંહી તળપકે જાએં યા વહી દામસે છુળાએં
મિન્નતે ગૈર ક્યૂં ઉઠાએ કોઈ તરસ જતાએ ક્યૂં

ઉન્કે જલાલકા અષર દિલસે ગલાએ હૈ કમર
જો કે હો લૌટ ઝખ્મ પર દાગે જિગર મિટાએ ક્યૂં

અબ તો ન રોક અય ગની આદતે સગ બિગળ ગઈ !
મેરે કરીમ પહલે હી લુકમએ તર ખિલાએ ક્યૂં

સંગે દરે હુઝૂરસે હમકો ખુદા ન સબ્ર દે
જાના હૈ સરકો જા ચૂકે દિલકો કરાર આએ ક્યૂં

હૈ તો ‘રઝા’ નરા સિતમ જુર્મપે ગર લજામેં હમ
કોઈ બજાએ સૌઝે ગમ સાઝે તરબ બજાએ ક્યૂં